હનુમાન જન્મોત્સવ

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨-૪-૨૦૨૬, ગુરૂવાર
વર્ષઃ ૧૫, અંકઃ ૨૨

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia



'દુનિયાને ધંધે લગાડનાર' ટ્રમ્પે હાથ ઊંચા કરતા ક્રૂડ ભડકે બળ્યું

# ક્રૂડના ભાવમાં પાંચ ટકાનો ઉછાળોઃ શેરબજારની સાથે સોના-ચાંદીના ભાવમાં તીવ્ર ઘટાડો

## સેન્સેક્સમાં ૧૪૦૦ પોઈન્ટનો ઘટાડો તો સોનામાં ૩૩૦૦ અને ચાંદી ૧૪૦૦૦ ગગડ્યુંઃ રૂપિયાની સોલીડ રિકવરી ડોલર સામે રૂપિયો ૧.૩૬ સાથે મજબૂત

**અમેરિકા ઈઝરાયેલના હુમલા વચ્ચે ઈરાન નબળું પડવાને બદલે શક્તિશાળી ઉભર્યુંઃ હોર્મુઝની સામુદ્રધુની બ્લોક કરીને વૈશ્વિક અર્થતંત્રની નસ દબાવી**



**અબતક**

પશ્ચિમ એશિયાના રણમેદાનમાં ખેલાઈ રહેલા લોહિયાળ જંગે હવે વૈશ્વિક અર્થતંત્રના પાયા હચમચાવી દીધા છે. એકતરફ ઈરાનના મિસાઈલ હુમલાથી ઈઝરાયેલ ધણધણી રહ્યું છે, ત્યારે બીજીતરફ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના એક નિવેદને આખી દુનિયાને 'ધંધે' લગાડી દીધી છે. ટ્રમ્પે ઈરાનને પથ્થર યુગમાં મોકલી દેવાની ધમકી આપીને સંતોષ માન્યો, પણ હોર્મુઝની સામુદ્રધુની જેવા સંવેદનશીલ મુદ્દે ''જાતે જઈને રસ્તો કરી લો'' કહીને હાથ ઊંચા કરી દેતા આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ ભડકે બળ્યું છે. ટ્રમ્પની આ 'આક્રમક પીછેહઠ'ની સીધી અસર દલાલ સ્ટ્રીટ પર જોવા મળી છે, જ્યાં રોકાણકારોના અબજો રૂપિયા સ્વાહા થઈ ગયા છે.

ભારતીય શેરબજારમાં આજે જાણે ભૂકંપ આવ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. ટ્રમ્પના સંબોધન બાદ તેલના ભાવમાં લાગેલી આગ અને અનિશ્ચિતતાના કારણે રોકાણકારોએ પડાપડી કરીને વેચવાલી કરી હતી. પરિણામે સેન્સેક્સ ૧૪૧૫ પોઈન્ટ અને નિફ્ટી ૪૩૫ પોઈન્ટ ગગડી ગયા હતા. વૈશ્વિક અનિશ્ચિતતા અને તેલના ભાવમાં આવેલા ભડકાને કારણે રોકાણકારોમાં ગભરાટ ફેલાયો છે. વાયદા બજાર માં પણ સુરક્ષિત રોકાણ ગણાતા સોના અને ચાંદીના ભાવમાં અત્યંત અસ્થિરતા

(અનુ. આઠમા પાને)

### અમેરિકાના પાછોતરા પગલાથી યુરોપ મેદાનમાં

## સ્ટ્રેટ ઓફ હોર્મુઝને ખુલ્લું મુકવા યુરોપ ૩૫ દેશો સાથે બેઠક યોજશે

વિશ્વના સૌથી મહત્વના દરિયાઈ માર્ગ ગણાતા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માં વધી રહેલા તણાવ અને અમેરિકાની પીછેહઠ બાદ હવે યુરોપિયન દેશોએ કમર કસી છે. અમેરિકાએ આ વિસ્તારમાંથી પોતાના સૈન્ય હિતો અને સુરક્ષાના મામલે લીધેલા પાછોતરા પગલાંથી ઊભી થયેલી શૂન્યાવકાશની સ્થિતિને ભરવા માટે હવે યુરોપ મેદાનમાં આવ્યું છે. વૈશ્વિક તેલ પુરવઠા માટે કરોડરજ્જુ સમાન આ જળમાર્ગને સુરક્ષિત રાખવા અને તેને કોઈપણ અવરોધ વગર ખુલ્લો મુકવા માટે યુરોપિયન યુનિયન આગામી દિવસોમાં ૩૫ દેશો સાથે એક મહત્વની ઉચ્ચસ્તરીય બેઠક યોજવાનું આયોજન કરી રહ્યું છે. આ બેઠકમાં માત્ર યુરોપ જ નહીં, પરંતુ એશિયા અને મધ્ય પૂર્વના મહત્વના ૩૫ દેશોને સામેલ કરવામાં આવશે, જેથી આંતરરાષ્ટ્રીય દબાણ વધારી શકાય.

## અમારી પાસેથી તેલ ખરીદો, નહીં તો ઈરાન સામે જાતે ફોડી લ્યોઃ ટ્રમ્પ

પશ્ચિમ એશિયાના યુદ્ધ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દુનિયાના દેશોને અત્યંત આકરો અને સ્પષ્ટ સંદેશ આપ્યો છે. હોર્મુઝની સામુદ્રધુની (Strait of Hormuz) બ્લોક થતા સર્જાયેલી તેલની તંગી પર ટ્રમ્પે અમેરિકાની દાદાગીરી બતાવતા કહ્યું કે જે દેશોને ઈંધણ નથી મળી રહ્યું, તેમને મારી સલાહ છે કે તેલ ખરીદવું હોય તો સીધું અમેરિકા પાસેથી ખરીદો.અને જો તમારે ઈરાન પાસેથી તેલ જોઈતું હોય, તો થોડી હિંમત ભેગી કરો, હોર્મુઝના દરિયામાં જાઓ અને ઈરાન પાસેથી રસ્તો ખાલી કરાવીને તેલ છીનવી લો. ટ્રમ્પે દાવો કર્યો કે ઈરાનનું સૈન્ય માળખું અમેરિકાએ તોડી નાખ્યું છે, હવે બાકીનું કામ જે-તે દેશોએ જાતે પતાવવું પડશે.



### દારૂ વગરના ભડાકા

## ઈરાનને પથ્થર યુગમાં ધકેલી દેશુંઃ ટ્રમ્પની ફિશિયારી

પશ્ચિમ એશિયાના યુદ્ધમાં હવે શબ્દોના બાણ પણ મિસાઈલો જેટલી જ ગતિએ છૂટી રહ્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસથી દુનિયાને સંબોધતા ઈરાન સામે હાર ન માનવાની અને તેને 'પથ્થર યુગ' માં મોકલી દેવાની મોટી-મોટી વાતો કરી છે. જોકે, આ ભડાકા માત્ર નિવેદનો પૂરતા મર્યાદિત હોય તેમ લાગે છે, કારણ કે જમીની હકીકત કંઈક અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે.ટ્રમ્પનો દાવો કર્યો હતો કે ઈરાનનું નૌકાદળ અને વાયુસેના નષ્ટ થઈ ગયા છે.જ્યારે ઈરાને ગણતરીના કલાકોમાં ઈઝરાયેલ પર સતત ત્રણ મિસાઈલ હુમલા કરીને પોતાની તાકાત બતાવી દીધી છે.

---

યુદ્ધની ડામાડોળની સ્થિતિ વચ્ચે વિકાસ ટનાટન!

# સતત ત્રીજા માસમાં જીએસટીની આવકમાં વધારોઃ માર્ચમાં આવક રૂ.૨ લાખ કરોડને પાર

## ઘરઆંગણાના વેચાણ અને આયાતમાં થયેલા વધારાને કારણે કલેક્શનમાં ઉછાળો, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નું કુલ કલેક્શન રૂ.૨૨.૨૭ લાખ કરોડ નોંધાયું



**અબતક, નવી દિલ્હી**

માર્ચ મહિનામાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની આવકમાં ૯% નો વધારો જોવા મળ્યો છે. ટેક્સ કપાત પહેલાના સ્તરે પહોંચીને માર્ચ મહિનાનું જીએસટી કલેક્શન રૂપિયા ૨ લાખ કરોડનો આંકડો પાર કરી ગયું છે. સરકારી ડેટા અનુસાર, આ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ નું આ ત્રીજું સૌથી વધુ માસિક કલેક્શન છે, જે આયાત તેમજ સ્થાનિક વેચાણ બંનેમાં થયેલા વધારાને આભારી છે. ગ્રોસ ડોમેસ્ટિક આવક (સ્થાનિક વેચાણમાંથી થતી આવક) ૫.૯% વધીને રૂપિયા ૧.૪૬ લાખ કરોડથી વધુ નોંધાઈ છે. બીજી તરફ, માર્ચ મહિના દરમિયાન આયાતમાંથી થતી આવક ૧૭.૮% વધીને રૂપિયા ૫૩,૮૬૧ કરોડ પર પહોંચી છે.

ગત વર્ષે સમાન ગાળામાં એટલે કે માર્ચ ૨૦૨૫માં કુલ જીએસટી કલેક્શન રૂપિયા ૧.૮૩ લાખ કરોડ નોંધાયું હતું.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (એપ્રિલ-માર્ચ) માટે માર્ચ ૨૦૨૬નું આ કલેક્શન ત્રીજું સૌથી મોટું રહ્યું છે. આ નાણાકીય વર્ષમાં એપ્રિલ ૨૦૨૫માં અત્યાર સુધીનું સૌથી વધુ રૂપિયા ૨.૩૬ લાખ કરોડનું જીએસટી કલેક્શન નોંધાયું હતું, ત્યારબાદ મે મહિનામાં રૂપિયા ૨.૦૧ લાખ કરોડની આવક થઈ હતી. સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે જીએસટી કલેક્શન ૮.૩% ના વાર્ષિક વધારા સાથે (અનુ. આઠમા પાને)

### ગુજરાતમાં જીએસટીની આવક ૧૮ ટકાના વધારા સાથે રૂ.૭,૩૫૨ કરોડે પહોંચી

માર્ચ ૨૦૨૬માં ગુજરાતની કર આવકમાં મજબૂત ઉછાળો જોવા મળ્યો છે, જે મુખ્યત્વે સ્ટેટ જીએસટી કલેક્શનમાં થયેલા ધરખમ વધારાને આભારી છે. માર્ચ મહિનામાં એસજીએસટી કલેક્શન વાર્ષિક ધોરણે ૧૮.૭% વધીને રૂપિયા ૭,૩૫૨ કરોડ નોંધાયું છે, જે ગત વર્ષે સમાન મહિનામાં રૂપિયા ૬,૧૯૦ કરોડ હતું. માસિક ધોરણે જોઈએ તો, ફેબ્રુઆરીની સરખામણીમાં એસજીએસટીની આવક ૮.૮% વધુ રહી છે.

રાજ્યની તિજોરીમાં માર્ચ મહિનામાં વિવિધ કરવેરામાંથી કુલ રૂપિયા ૧૧,૪૧૮ કરોડ જમા થયા છે. એસજીએસટી ઉપરાંત, વેટમાંથી રૂપિયા ૨,૭૧૪ કરોડ, વીજળી ડ્યુટીમાંથી રૂપિયા ૧,૩૨૮ કરોડ અને બિઝનેસ ટેક્સમાંથી રૂપિયા ૨૪ કરોડની આવક થઈ છે. સંપૂર્ણ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ની વાત કરીએ તો, ગુજરાતે રૂપિયા ૮૧,૪૧૦ કરોડની એસજીએસટી આવક નોંધાવી છે, જે પાછલા વર્ષની સરખામણીમાં ૧૧.૧% નો વધારો દર્શાવે છે. દેશના કુલ એસજીએસટીમાં ગુજરાત રાજ્યનો હિસ્સો ૮.૩% રહ્યો છે. અન્ય કર આવકની વાત કરીએ તો, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં વેટ કલેક્શન રૂપિયા ૩૨,૬૭૭ કરોડ રહ્યું હતું, જ્યારે વીજળી ડ્યુટીથી રૂપિયા ૧૨,૪૯૩ કરોડ અને બિઝનેસ ટેક્સથી રૂપિયા ૨૬૬ કરોડની આવક થઈ હતી. આ નાણાકીય વર્ષમાં એસજીએસટી, વેટ, વીજળી ડ્યુટી અને બિઝનેસ ટેક્સની સંયુક્ત આવક રૂપિયા ૧,૨૬,૮૪૬ કરોડ સુધી પહોંચી ગઈ છે.

---

# ઈન્ડોનેશિયામાં ૭.૪ની તીવ્રતાનો ભૂકંપઃ સુનામીની ચેતવણી

## ફિલિપાઈન્સ અને મલેશિયાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભૂકંપના કેન્દ્રથી ૧,૦૦૦ કિમીના દાયરામાં જોખમી સુનામી લહેરો ઉઠવાની સંભાવના



**અબતક, રાજકોટ**

આજે વહેલી સવારે પૂર્વી ઈન્ડોનેશિયાના સમુદ્રમાં ૭.૪ ની તીવ્રતાનો અત્યંત શક્તિશાળી ભૂકંપ આવ્યો છે. આ ભૂકંપ બાદ અમેરિકાના મોનિટરિંગ સેન્ટરે ભૂકંપના કેન્દ્રથી ૧,૦૦૦ કિલોમીટર (૬૨૧ માઈલ) ના દાયરામાં જોખમી સુનામી લહેરોની આશંકા વ્યક્ત (અનુ. આઠમા પાને)

---

# સોના, ચાંદી અને પ્લેટીનિયમના દાગીનાની આયાત ઉપર પ્રતિબંધ મુકાયો

## ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ ના દુરુપયોગને રોકવા માટે તાત્કાલિક અસરથી આયાત પર નિયંત્રણો મુકતી સરકાર

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટના થઈ રહેલા દુરુપયોગને રોકવાના ઉદ્દેશ્યથી સોના, ચાંદી અને પ્લેટિનમ જ્વેલરીની આયાત પર તાત્કાલિક અસરથી નિયંત્રણો લાદી દીધા છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડના એક નોટિફિકેશન અનુસાર, કસ્ટમ્સ ટેરિફ હેડિંગ ૭૧૧૩ હેઠળ આવતી વસ્તુઓની આયાત નીતિને 'ફ્રી' માંથી બદલીને 'પ્રતિબંધિત' કરવામાં આવી છે. આ નિર્ણય સાથે જ હવે તમામ પ્રકારના સોના, ચાંદી અને પ્લેટિનમના આભૂષણોની આયાત પર નિયંત્રણો લાગુ થઈ ગયા છે.



ડીજીએફટીએ સ્પષ્ટ કર્યું છે કે આ નવા નિયંત્રણો કોઈપણ અગાઉના કોન્ટ્રાક્ટ, એડવાન્સ પેમેન્ટ, ઈરિવોકેબલ લેટર ઓફ ક્રેડિટ, શિપમેન્ટ સ્ટેટસ અથવા અન્ય કોઈપણ કમિટમેન્ટ હોવા છતાં લાગુ પડશે અને કોઈ જૂની છૂટછાટનો લાભ મળશે નહીં. આ નિર્ણય બાદ હવે આયાતકારોએ આ કિંમતી માલસામાન ભારતમાં લાવવા માટે ડીજીએફટી પાસેથી ફરજિયાતપણે લાયસન્સ અથવા મંજૂરી લેવી પડશે.

જોકે, સરકારે આ નવા નિયમોમાં કેટલીક છૂટછાટ પણ આપી છે. સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં આવેલા યુનિટ્સ અને (અનુ. આઠમા પાને)

---

# એલઆઈસીને ૩૭૫૦ કરોડની નુકસાની અનિલ અંબાણી સામે ગુનો

## છેતરપિંડી અને ભંડોળના દુરુપયોગનો આરોપઃ સીબીઆઈએ દાખલ કરી એફઆઈઆર

**અબતક, નવી દિલ્હી**

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન દ્વારા અનિલ અંબાણી અને રિલાયન્સ કોમ્યુનિકેશન્સ તેમજ કેટલાક અજાણ્યા બેંક અધિકારીઓ સામે નવી એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાની ફરિયાદના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં રૂપિયા ૩,૭૫૦ કરોડના ગેરકાયદેસર નુકસાનનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ કેસ ૧ એપ્રિલના રોજ નોંધવામાં આવ્યો હતો.

સીબીઆઈની સત્તાવાર માહિતી મુજબ, આ કેસ કાવતરું, છેતરપિંડી, ઉચાપત અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ (અનુ. આઠમા પાને)

---

# આજે બજેટ સત્રનો છેલ્લો દિવસઃ લોકસભાની બેઠક ૮૭૬ કરવા માટે સ્પેશ્યલ સત્ર ટૂંકમાં બોલાવાશે?

## ત્રીજા અઠવાડિયામાં બે દિવસ માટે સંસદ સત્ર ફરી યોજવામાં આવે તેવી શક્યતા, લોકસભાની કુલ સીટો ૫૪૩માંથી વધારીને ૮૧૭ કરવાનું અને તેમાંથી ૨૭૩ સીટો મહિલાઓ માટે અનામત રાખવાનો મુખ્ય ઉદેશ

**અબતક, રાજકોટ**

કેન્દ્ર સરકાર લોકસભાની સંખ્યા વધારવા અને મહિલાઓ માટે ૩૩ ટકા અનામતના અમલ માટે મોટા પગલાં લેવાની તૈયારીમાં છે. અહેવાલો અનુસાર, ચાલુ બજેટ સત્રને આજે પુરૂ કરવાને બદલે,એપ્રિલના ત્રીજા અઠવાડિયામાં ૨-૩ દિવસ માટે સંસદને ફરી બોલાવવાની યોજના છે. આમાં મુખ્ય ઉદ્દેશ્ય લોકસભાની કુલ સીટો ૫૪૩માંથી વધારીને ૮૧૬ કરવાનું અને તેમાંથી ૨૭૩ સીટો મહિલાઓ માટે અનામત રાખવાનું છે.

આ પગલું લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવા માટે છે, જેના માટે ૨૦૨૩માં કાયદો પસાર થયો હતો. પરંતુ તેના અમલ માટે સેન્સસ અને ડિલિમિટેશન (સીમાંકન)ની જરૂર છે. સરકાર હવે આ અનામતને આગામી લોકસભા ચૂંટણી (૨૦૨૯)થી અમલમાં મૂકવા માટે સીટો વધારીને તેને અલગ કરવાનું વિચારી રહી છે.



કેન્દ્ર સરકારે ૨૦૨૩માં મહિલા અનામત માટે 'નારી શક્તિ વંદન અધિનિયમ' પસાર કર્યો હતો. જેમાં લોકસભા અને રાજ્યસભાની સાથે તમામ રાજ્યોની વિધાનસભાઓમાં ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઈ છે.

લગભગ ત્રણ વર્ષ બાદ સરકાર આ કાયદામાં સુધારો કરવા જઈ રહી છે. આનાથી લોકસભામાં સાંસદોની કુલ સંખ્યા ૮૧૬ અને મહિલા સાંસદોની સંખ્યા ૨૭૩ થઈ જશે. એવું જણાવવામાં આવી રહ્યું છે કે, બેઠકોના નિર્ધારણ માટે ૨૦૧૧ની જનગણનાને આધાર બનાવવામાં આવી શકે છે.

૨૦૧૧ની જનગણનાના (અનુ. આઠમા પાને)

### શું છે મહિલા અનામત કાયદો?


૨૦૨૩માં સરકારે જે 'નારી શક્તિ વંદન અધિનિયમ' પસાર કર્યો હતો, તે લોકસભા, રાજ્યસભા અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩% અનામતની જોગવાઈ કરે છે. આ કાયદામાં એસસી-એસટી મહિલાઓ માટે અલગથી અનામતની જોગવાઈ નથી, પરંતુ તેમના માટે અનામતની અંદર જ અનામત રાખવામાં આવી છે. એટલે કે, એસસી-એસટી કેટેગરીની મહિલાઓને કુલ ૩૩% મહિલા અનામતની અંદર જ અનામતનો લાભ આપવામાં આવશે.

## સમજણનો સાથ, સ્નેહનો હાથ: આજે વિશ્વ ઓટીઝમ દિવસ

# દુનિયામાં લગભગ બે ટકા કરતા વધારે લોકો ઓટીઝમ રોગથી પીડિત

## ભારતમાં ઓટીઝમનો વ્યાપ સતત વધી રહ્યો છે: બાળકોમાં તેનું પ્રમાણ દર ૬૮ માંથી ૧ બાળક ઓટીઝમથી પીડિત હોવાનું અનુમાન છે: વ્યાપક અભ્યાસો મુજબ ૧૦ વર્ષથી ઓછી ઉંમરના દર ૧૦૦ બાળકોએ ૧ બાળકમાં આ સ્થિતિ જોવા મળે છે

આજે વર્લ્ડ ઓટિઝમ જાગૃતિ દિવસ છે, ત્યારે બાળકોમાં થતી માનસિક બીમારીના કારણો, લક્ષણો અને ઉપાય વિશે દરેક મા બાપે જાણવું જરૂરી છે. એકસપર્ટસ અનુસાર ઓટિઝમ એક પ્રકારની માનસિક બીમારી છે જેને 'ન્યુરોલોજિકલ ડિસ્ટ ઓર્ડર' કહેવાય છે. આ બીમારીમાં નાનપણથી જ પીડિતને વાતચીત કરવામાં તથા અન્ય લોકો સાથે વ્યવહાર કરવાની ક્ષમતાને સીમિત કરી દે છે. એટલે કે તે બાળક પરિવાર સમાજ અને બહારના માહોલ સાથે જોડાવાની ક્ષમતાઓને ગુમાવી બેસે છે. તેને ઓટિસ્ટિક સ્પૈકટમ ડિસઓર્ડર પણ કહે છે. આ સમસ્યામાં 'ડિફરન્ટ, નોટ લેસ' જે એક નવી દ્રષ્ટિ આપે છે. ૨૦૦૭ થી વૈશ્વિક સ્તરે આ ઉજવણી થાય છે. સમાજની મુખ્યધારામાં ઓટીઝમનો સ્વીકાર અને સહયોગની અનિવાર્યતા મહત્વની જેમબાળકોના મનના અટપટા સ્પેક્ટ્રમને સમજવાની કોશિશ એટલે ઓટીઝમ અવેરનેસ ગણાય છે. યુએનની આ વર્ષની સત્તાવાર થીમ ''ઓટીઝમ અને માનવતા, દરેક જીવનનું મૂલ્ય છે.'' આ ઉજવણી બધા ઓટીઝમ ધરાવતા લોકોના ગૌરવ, અધિકારો અને સહજ મૂલ્યને પ્રકાશિત કરે છે અને સમાજને અર્થપૂર્ણ સમાવેશ, સશક્તિકરણ અને આદર તરફ જાગૃતિથી આગળ વધવા માટે



હાકલ કરે છે. ઘણીવાર ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર (ASD) એ વ્યક્તિ કેવી રીતે વાતચીત કરે છે, બહારની માહિતીને સમજે છે અને તેની આસપાસની દુનિયા સાથે કેવી રીતે ક્રિયાપ્રતિક્રિયા કરે છે તેનાથી સંબંધિત છે.આપણે 'સ્પેક્ટ્રમ' શબ્દનો ઉપયોગ કરીએ છીએ કારણ કે આ ડિસઓર્ડર રેખીય સ્કેલ પર આવતો નથી. તે દરેક માટે અલગ છે કારણ કે લોકો તેમના જીવનના અનુભવના આધારે વિચારવાની, અનુભૂતિ કરવાની અને જીવનનો અનુભવ કરવાની એક અલગ પદ્ધતિ અનુસરે છે. ઘણા કિસ્સાઓ દર્શાવે છે કે કેટલીક વ્યક્તિઓને બોલવામાં અથવા વાતચીત કરવાની સમસ્યાઓ હોઈ શકે છે, પરંતુ તેઓ જટિલ ક્ષેત્રોમાં અપવાદરૂપે સારી રીતે કાર્ય કરે છે. ભારતમાં ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર અંગે ૨૦૨૬ ના તાજેતરના




આંકડા અને સ્થિતિ જોઈએ તો ઓટીઝમનો વ્યાપ સતત વધી રહ્યો છે. બાળકોમાં તેનું પ્રમાણ દર ૬૮ માંથી ૧ બાળક ઓટીઝમથી પીડિત હોવાનું અનુમાન છે. કેટલાક વ્યાપક અભ્યાસો મુજબ, ૧૦ વર્ષથી ઓછી ઉંમરના દર ૧૦૦ બાળકોએ ૧ બાળકમાં આ સ્થિતિ જોવા મળે છે. હાલમાં આશરે ૧.૮ થી ૨ કરોડ લોકો ઓટીઝમ સ્પેક્ટ્રમ પર હોવાનું મનાય છે. છોકરીઓની સરખામણીમાં છોકરાઓમાં ઓટીઝમનું પ્રમાણ ૩ થી ૪ ગણું વધુ જોવા મળે છે. દુનિયામાં લગભગ બે ટકા કરતા વધારે લોકો ઓટીઝમ રોગથી પીડિત છે.

ભારતમાં ભૌગોલિક સ્થિતિ અને જાગૃતિના આધારે આંકડાઓમાં તફાવત જોવા મળે છે. ગ્રામીણ વિ. શહેરી: શહેરી વિસ્તારોમાં નિદાનની સુવિધા વધુ હોવાથી નોંધાયેલા કેસો વધુ છે, પરંતુ હરિયાણા જેવા ગ્રામીણ વિસ્તારોમાં પણ દર ૧૦૦ એ ૧.૮% જેટલું ઊંચું પ્રમાણ જોવા મળ્યું છે.

છેલ્લા ૨૦ વર્ષોમાં ભારતમાં ઓટીઝમના નિદાનમાં ૪૦૦% થી વધુનો વધારો થયો છે, જેનું મુખ્ય કારણ વધતી જતી જાગૃતિ અને સારી સ્ક્રીનિંગ પદ્ધતિઓ છે.ભારતભરમાં 'ઈન્ડિયા ઓટીઝમ સેન્ટર' જેવી સંસ્થાઓ દ્વારા જિનેટિક્સ અને ન્યુરોસાયન્સ પર સંશોધનો તેજ કરવામાં આવ્યા છે, જેથી વહેલું નિદાન શક્ય બને છે. ઓટીઝમ એક ન્યુરોલોજીકલ સ્થિતિ છે, જેમાં વ્યક્તિના વર્તન, સંવાદ અને સામાજિક સંબંધોમાં તફાવત જોવા મળે છે. આ દિવસનું મુખ્ય ઉદ્દેશ્ય ઓટીઝમ ધરાવતા લોકો માટે સમાન તકો, શિક્ષણ અને સમર્થન સુનિશ્ચિત કરવાનું છે. સમાજે તેમની પ્રતિભા અને ક્ષમતાઓને ઓળખવી અને તેમને સ્વીકારવું ખૂબ જ જરૂરી છે. ''Light It Up Blue'' જેવી વૈશ્વિક પહેલો દ્વારા લોકો ઓટીઝમ અંગે જાગૃતિ ફેલાવે છે. વૈશ્વિક સ્તરે, ૧૨૭ માંથી ૧ વ્યક્તિને ઓટીઝમ હોવાનું નિદાન થાય છે, જે જીવનભરની ન્યુરોડેવલપમેન્ટલ સ્થિતિ છે, જે સામાજિક ક્રિયાપ્રતિક્રિયા, સંદેશાવ્યવહાર અને વર્તનને અસર કરે છે. ઓટીઝમ વૈશ્વિક સ્તરે સ્વાસ્થ્ય નુકશાનમાં ફાળો આપતી ટોચની ૧૦ મગજ સ્વાસ્થ્ય સ્થિતિઓમાંની તે એક છે.આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર હોવા છતાં, ઓટીસ્ટીક લોકો હજુ પણ કલંક, ભેદભાવ અને ભાગીદારીમાં અવરોધોનો સામનો કરે છે. સમયસર, ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળ અને સહાયક સેવાઓની પહોંચ મર્યાદિત રહે છે, જે જીવનભર અસમાનતાઓનું કારણ બને છે. આ પડકારોનો સામનો કરવા માટે સતત પગલાં લેવાની અને સમાવિષ્ટ નીતિઓ અને સેવાઓમાં વધુ રોકાણની જરૂર છે, જે ઓટીસ્ટીક લોકોના અધિકારોને સમર્થન આપે છે. પ્રત્યેક બાળકોમાં આ બીમારીના લક્ષણ અલગ અલગ જોવા મળે છે. જન્મ સમયે બાળકમાં આ બીમારી છે કે નહીં તેની જાણકારી મેળવવી મુશ્કેલ છે. જયાં સુધી બાળક બે થી ત્રણ વર્ષનું નથી થતું ત્યાં સુધી માતા-પિતા બાળકોમાં એટિઝમના લક્ષણોને ઓળખી નથી શકતા. અન્ય લક્ષણોમાં કેટલાક લક્ષણો એવા છે કે બાળક અન્ય સુધી પોતાની ભાવનાઓ નથી પહોચાડી શકતું અને તેના સંકેતોને સમજી નથી શકતું. કેટલાક બાળકો એક જ પ્રકારનો વ્યવહાર વારંવાર કરવાના કારણે થોડાક બદલાવોથી જ હાઈપર થઈ જાય છે. બાળકને સ્પર્શ કરવાથી તે અસામાન્ય વર્તન કરે છે. બાળક કોઈનો અવાજ સાંભળીને સ્મિત નથી આપતા તથા તેનો ઈશારો સમજી નથી શકતા. બાળક આંખથી આંખ મેળવી નથી શકતા, તથા અન્યોમાં બહુ જ ઓછી રૂચિ ધરાવે છે. તેના વિચારો બહુ વિકસિત નથી થતા તેથી બાળકની રચનાત્મકતાથી ઘણાં દૂર જ હોય છે. બાળક બોલવાની જગ્યાએ અજીબ પ્રકારના અવાજ કાઢે છે.બાળક પોતાની દુનિયામાં જ ખોવાયેલું રહે છે. આ બીમારીના વાસ્તવિક કારણો વિશે હાલમાં કોઈ જાણકારી નથી પણ પર્યાવરણ અથવા જેનેટિક પ્રભાવ આનું કારણ હોય શકે છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

### ઓટિઝમથી બચવાના ઉપાયો

ઓટિઝમથી બાળકને બચાવવા માટે પ્રેગનન્સી દરમિયાન મહિલાને મેડીકલ ચેકઅપ અને દવાઓ લેવી એ આવશ્યક છે. જેનાથી મા અને બાળકના શરીરને તપાસવામાં મદદ મળે છે. બાળકના જન્મના છ માસથી એક વર્ષની અંદર જ આ બીમારીની જાણકારી મેળવી શકાય છે કે બાળક સામાન્ય વ્યવહાર કરે છે કે નહીં તેના માટે માતા-પિતાએ જ બાળકની ચકાસણી કરવી જોઈએ, ખાસ માતાએ આ માટે આગળ આવવુ પડશે, જેમ કે બાળક છ મહિનાનું થાય ત્યારે કિલ્લોલ કરે છે કે નહીં? ખુબ હસે છે કે નહીં, વાત પર પ્રતિક્રિયા આપે છે કે નહીં? આ અંગેની ચકાસણી બાદ કંઈક અલગ અને ઉલટુ નજર આવે તો તુરંત મનોચિકિત્સક નો સંપર્ક કરવો જોઈએ.


**ઓટીઝમને ધિક્કાર નહીં, પણ હૂંફ અને પ્રોત્સાહન આપીએ: આ એક ન્યુરોલોજીકલ વિકાસલક્ષી વિકાર છે, જે મગજના વિકાસને અસર કરે છે, જેનાથી સામાજિક ક્રિયાપ્રતિક્રિયા, વાતચીત અને વર્તનમાં મુશ્કેલીઓ થાય છે**

# હનુમાનજી એટલે આસ્થા-આરાધનાનું અડિખમ કેન્દ્ર: પૂ.મોરારિબાપુ

હનુમાન શું છે? આપણાં શાસ્ત્રોમાં અર્થોની પરંપરા અક્ષરાર્થથી શરૂ છે; પછી શબ્દાર્થ થાય છે; પછી વાક્યાર્થ થાય છે; પછી પ્રકરણાર્થ થાય છે. આખા પ્રકરણનો સાર બતાવવામાં આવે છે; પછી ગ્રંથાર્થ થાય છે. આખા ગ્રંથનો નાના એવા સૂત્રમાં સાર આપે છે એ ગ્રંથાર્થ અને વચ્ચે વચ્ચે તત્વાર્થ, ભાવાર્થ, અન્યાર્થ, અન્યન્યાર્થ, કેટલા બધા સંદર્ભો આવે છે! કોઈ પણ વસ્તુને જ્યારે આપણે પકડી ન શકીએ,આપણને લાગે કે એ આપણી ઓકત બહાર છે, ત્યારે હનુમાનને સમજવા. તો શબ્દાર્થ કરી લો, ભાવાર્થ કરી લો, તત્વાર્થ કરી લો અને અક્ષરાર્થ કરી લો. હનુમાનના પહેલાં અક્ષર નહથનો અર્થ હકારાત્મક વિચાર. આપણા જીવનમાં પોઝિટિવ વિચાર આવે. અને પછી હનુમાનનું ચરિત્ર જુઓ. એ માણસ એના સમગ્ર જીવનમાં હકારાત્મક છે. હનુમાનને સમજવા હોય તો નહથને સમજો.

રામે જે કહ્યું એની હા. યુવાન ભાઈ-બહેનો, જેમના પ્રત્યે મારી મમતા છે એવા પ્યારા શ્રોતાઓ, કથા સાંભળ્યા પછી હકારાત્મક વિચાર નિર્મિત કરો, હનુમાન મુઠ્ઠીમાં આવવા લાગશે. સૌની આરાધનાનું કેન્દ્ર બને એ હનુમાન.

બીજો અક્ષર નનુથ, આપણી બુદ્ધિમાં પ્રશ્ન ઊઠશે કે દરેક બાબતમાં હા કહેવી? બુદ્ધિ તર્ક કરશે. તો,હનુમાનજીનો બીજો અક્ષર નનુથ આપણને શીખવે છે કે,જે વસ્તુ નુકશાનકર્તા હોય એમાં હા ન કહેવી. આપણે સંસારી જીવ છીએ, નુકશાનકર્તા ચીજમાં મા-બાપ, મિત્ર, ગુરુજન,વડીલ, હા ન કહે. શંકરે શું કહ્યું સતીને? માતા-પિતાના ઘેર જવામાં આમંત્રણની જરૂર નથી, આપ જવા માગો છો તો હું હા કહીશ, પરંતુ એ નુકશાનકર્તા છે. અને શંકર કોણ છે? હનુમાન. હકારાત્મક દૃષ્ટિ નુકશાન કરે તો એમાં પણ હા ન કહેવી.



ત્રીજો અક્ષર નમાથ. નમાથનો અર્થ છે કે,સૌને માન આપો. હનુમાનજી નાનામાં નાના વાનરને ઈજ્જત દેતા હતા. ક્યાં હનુમાન અને ક્યાં નાનો વાનર! સૌને માન આપો. લોકોને માન આપવાથી આપણું બગડે છે શું? સૌને આદર આપો. સૌ પ્રત્યે ભાવ રાખો. સૌ પરમાત્માનાં મંદિર છે. સૌમાં હરિ બેઠા છે. કોઈને ધક્કો દેતા પહેલાં વિચારો. તો, મ્રમાથનો અર્થ છે

**:: સંકલન ::**
**જયદેવ માંકડ**

માનદ. અને હનુમાનનો નનથ. નનથ એટલે નમ્રતા. હકારાત્મક વિચાર; નુકશાનકારક હોય એમાં હા ન કહેવી; સૌને માન આપવું અને એનો ક્યાંય અહંકાર ન આવી જાય એટલે છેલ્લો અક્ષરાર્થ છે નમ્રતા. હનુમાન સૌની પાછળ રહ્યા. આપણે આ ચાર સૂત્ર સમજવાની જીવનમાં કોશિશ કરીએ, પ્રમાણિક પ્રયાસ કરીએ તો હનુમંતતત્વ સમજમાં આવી શકે છે.

હનુમાનજીની આરાધના કરવામાં કોઈ વિધિવિધાનની જરૂર નથી. સપ્તાહમાં એક વાર હનુમાનને તેલ ચડાવવામાં આવે છે. તેલનો અર્થ છે સ્નેહ. હનુમાનજીને તેલ ચડાવવાનો મતલબ આપણો સ્નેહ ચડાવવો. બીજું, સૂત્ર કે ધાગા ચડાવીએ છીએ. સુતરનો અર્થ છે યોગસૂત્ર, ભક્તિસૂત્ર, સાંખ્યસૂત્ર, ન્યાયસૂત્ર, એમાંથી કોઈ એકાદ સૂત્ર હનુમાનજીના ચરણોમાં રાખવું. ગુરુએ આપેલું કોઈ સૂત્ર રાખી દો. બહુ સસ્તી પૂજા છે હનુમાનજીની. તો,મહાવીરનો અર્થ છે, જે બધાં લોકોની આરાધનાનું કેન્દ્ર હોય, એ હનુમાન છે. જેમની સાધના કરવાથી સિદ્ધિ મળે,શુદ્ધિ મળે. જરૂરી છે શુદ્ધિ. જેવી રીતે અષ્ટસિદ્ધિ છે, એનું મારી વ્યાસપીઠે અષ્ટશુદ્ધિમાં પરિવર્તન કર્યું છે. હનુમાન જેવું પવિત્ર કોણ છે? કોણ મહાવીર? કોણ હનુમાન? જે આપણી બધી કામનાઓ પૂર્ણ કરે. આ સૂત્ર અનુસાર સદ્‌ગુરુ બે કામ કરે છે. કાં તો એ આશ્રિતની બધી કામનાઓ પૂરી કરી દે છે, કાં બધી કામનાઓ નષ્ટ કરી દે છે. આપણી કામનાઓ પૂરી થાય કે આપણી કામનાઓ નષ્ટ પામે એની પસંદગી આપણે કરવાની છે.સૌની આરાધનાનું કેન્દ્ર બને એ હનુમાન. એ એવા દેવ છે,જે બલિદાન નથી માગતા. આટલાં વર્ષો પહેલાં તુલસીનું એ ક્રાંતિકારી સૂત્ર છે કે, બલિપૂજા બંધ થવી જોઈએ. સત્સંગથી સંજોગ બદલી જાય છે. લાખ મહેનત કરતાં કરતાં જે ઈચ્છો તે નથી મળતું. પરંતુ સત્સંગથી દિવસ બદલી જાય છે, ગહન કાળી રાતમાં સૂરજ નીકળે છે.


મારા હનુમાન બલિપૂજા માગતા નથી. હનુમાન બે પ્રકારના બલિ માંગે છે, અહંકારનો અને મમતાનો. પશુને શું કામ કાપીએ? મારા પ્રિય પદોમાંનું એક પદ છે.

**હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે,**
**જેની સુરતા શામળિયાની સાથ વદે વેદ વાણી રે.**

હરિ ભજે એની લાજ નથી જતી,પરંતુ શરત એટલી કે સુરતા લાગી હોવી જોઈએ. તો, હનુમંતતત્વ એ છે,જે બલિપૂજા નથી ઈચ્છતું. તો શું ઈચ્છે છે? તારો થોડોક પ્યાર,તારી પ્રેમભરી નજર. તુલસીએ આપણા જેવા લોકો માટે સાધના સરળ કરી દીધી છે, જેની પ્રત્યેક પદ્ધતિ પવિત્ર છે. બધી ચેષ્ટાઓ શુભ છે.

## દ્વારકાના જગતમંદિરમાં ઠાકોરજીને સુકા મેવાનો મનોરથ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીના ભાવિક ભક્ત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી સવારે ઠાકોરજીના શૃંગાર દર્શન સમયે સુકા મેવા મનોરથ યોજવામાં આવ્યો હતો. બુધવારના લીલા રંગના વાઘા સાથેના દૈદિપ્યમાન શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શન તથા મનોરથ આરતીનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માધ્યમોથી દેશ વિદેશના લાખો કૃષ્ણભક્તોએ નિહાળી ભાવવિભોર બન્યાં.

### બાળકો માટે સાહસ અને વિકાસની અનોખી તક

## જૂનાગઢમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્રમાં ૭ દિવસીય મફત એડવેન્ચર કોર્ષ શરૂ થશે

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજીત પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ સંચાલિત એડવેન્ચર કોર્સનું આયોજન તા. ૦૯/૦૫/૨૦૨૬ થી ૧૫/૦૫/૨૦૨૬ સંપુર્ણ સરકારી ખર્ચે જૂનાગઢ ખાતે થનાર છે. જેમા વય મર્યાદા ૮ થી ૧૩ વર્ષ છે. આ કોર્ષનો સમયગાળો ૦૭ દિવસ રહેશે. નિયત અરજી ફોર્મ જરૂરી પુરાવા સાથે તા.૧૮/૦૪/૨૦૨૬ સુધીમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, લાખાકોઠા, ભવનાથ, જૂનાગઢ - ૩૬૨૦૦૨ ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફત જ મળી જાય તે રીતે મોકલી આપવાનું રહેશે. સમયમર્યાદા બાદ મળેલ અને અધુરી વિગતવાળા ફોર્મ ધ્યાને લેવામાં આવશે નહિ. વધુ માહિતી માટે ઓફિસ નં.૦૨૮૫-૨૬૨૭૨૨૮ પર સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવાયુ છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૨-૦૪-૨૦૨૬ ગુરુવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ડેની જીગર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પનીર અફઘાની)+(પનીર બેગમ બહાર)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.તન્વી ચોટાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (બસ કર બકુલા)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૩-૦૪-૨૦૨૬ શુક્રવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા(પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૩-૪ -૨૦૨૬ શુક્રવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ચૈત્ર વદ એકમ
**નક્ષત્ર** ચિત્રા
**યોગ** વ્યાઘાત **કરણ:** તેતિલ
**સુર્યોદય** ૬.૩૯ **સુર્યાસ્ત:** ૭.૦૨
**ચંદ્ર રાશી** તુલા
**રાશિ અક્ષર** ર.ત
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા** ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા** રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૭ થી ૧.૧૬

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૯૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૮ | ૫ | | | | | |
| | ૯ | | | | | | | |
| | | | ૩ | ૨ | ૬ | | | |
| | | ૨ | | | ૫ | ૩ | | |
| ૫ | | | | | ૪ | | | ૭ |
| | | | | | | ૨ | ૧ | |
| ૭ | | | | | ૯ | | ૪ | |
| | ૩ | | | ૮ | | | | |
| | | ૯ | | | ૨ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૫ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૯ | ૮ | ૬ | ૩ | ૭ | ૨ | ૧ | ૫ |
| ૨ | ૧ | ૫ | ૮ | ૯ | ૪ | ૭ | ૬ | ૩ |
| ૩ | ૬ | ૭ | ૨ | ૧ | ૫ | ૮ | ૯ | ૪ |
| ૬ | ૮ | ૧ | ૩ | ૫ | ૯ | ૪ | ૭ | ૨ |
| ૫ | ૨ | ૪ | ૭ | ૮ | ૧ | ૬ | ૩ | ૯ |
| ૭ | ૩ | ૯ | ૪ | ૨ | ૬ | ૫ | ૮ | ૧ |
| ૯ | ૫ | ૨ | ૧ | ૭ | ૮ | ૩ | ૪ | ૬ |
| ૧ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૯ | ૨ | ૮ |
| ૮ | ૪ | ૩ | ૯ | ૬ | ૨ | ૧ | ૫ | ૭ |

## આવતીકાલનું રાશિફળ

### તા.૩.૪.૨૦૨૬ શુક્રવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર વદ એકમ, ચિત્રા નક્ષત્ર વ્યાઘાત યોગ, તૈતિલ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ તુલા (ર,ત) રહેશે

**મેષ (અ,લ,ઈ) :** તમારા મનમાં રહેલી કોઈ ઈચ્છા પૂરી થાય, જાહેરજીવનમાં સારું રહે, એક સાથે ઘણા લોકોને મળવાનું થાય.
**વૃષભ (બ,વ,ઉ) :** કામકાજમાં વ્યસ્તતા રહે, મનમાં થોડી અશાંતિ જોવા મળે, બેચેની જેવું લાગ્યા કરે, મધ્યમ દિવસ.
**મિથુન (ક,છ,ઘ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
**કર્ક (ડ,હ) :** તમામ ભૌતિક સુખ સગવડ મળે, દિવસ આરામદાયક રહે, સ્રીવર્ગને સારું રહે, વેપારીવર્ગને મધ્યમ.
**સિંહ (મ,ટ) :** રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, નવા કાર્યમાં આગળ વધી શકો, ગણતરીપૂર્વકના સાહસમાં લાભ થાય.
**કન્યા (પ,ઠ,ણ) :** તમારા સૌમ્ય વાણી વર્તનથી લાભ થાય, લોકો તમારી સલાહ માને અને આદર આપે, આગળ વધી શકો.
**તુલા (ર,ત) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, કલા સંસ્કૃતિમાં રસ લઈ શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
**વૃશ્ચિક (ન,ય) :** ખર્ચ પર અંકુશ રાખવો, બિનજરૂરી નાણાંનો વ્યય ના કરવા સલાહ છે, પૈસાનું આયોજન કરવું જરૂરી છે.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** સગા સ્નેહી મિત્રોથી સારું રહે, અન્યની મદદ થી કાર્ય પૂર્ણ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**મકર (ખ,જ) :** કામકાજમાં સફળતા મળે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.
**કુંભ (ગ,સ,શ) :** અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, પ્રગતિ થાય.
**મીન (દ,ચ,ઝ,થ) :** માનસિક ટેન્શન રહ્યા કરે, કામમાં રુકાવટ આવતી જોવા મળે, અણધાર્યા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં સમય વીતે.

## શું તમારી ઊંઘ અચાનક કોઈ ચોક્કસ સમયે તૂટે છે??

ઘણીવાર રાત્રે તમારી ઊંઘ અચાનક કોઈ ચોક્કસ સમયે તૂટે છે વારંવાર એવું બને તે સામાન્ય નથી તે કોઈ સંદેશ આપે છે એ સમજવો જોઈએ. દરેક કલાક પાછળ એક દિવ્ય સંકેત છુપાયેલો હોય છે. જો રાત્રે ૧૧ થી ૧૨ વચ્ચે ઊંઘ તૂટે તો દિવસના અધૂરા વિચારો અને મનની ઉથલપાથલ દર્શાવે છે, જેમાં વિશેષ કોઈ સંકેત નથી હા પ્રશ્નને ઝડપ થી સોલ્વ કરવાનું સૂચન કરે છે જ્યારે ૧૨ થી ૧ દરમિયાન જાગો તો યમરાજ કર્મફળ અને જીવનમાં બદલાવની સૂચના આપે છે એક પરિવર્તન આવી રહ્યું છે તેમ કહી શકાય. ૧ થી ૩ વચ્ચે આંખ ખુલે તો એ શિવઉર્જા નો સમય છે-આંતરિક જાગૃતિ અને ધ્યાન માટે સૌથી શક્તિશાળી ક્ષણ ગણી શકાય અને શિવ પ્રત્યે વિશેષ અહોભાવથી શુભ સંકેત ગણાય. ૩ થી ૪ દરમિયાન જાગો તો બ્રહ્મા ની જ્ઞાનશક્તિ તમારી ચેતનાને સ્પર્શી રહી છે, અને ૪ થી ૬ વચ્ચે ઊંઘ ખુલે તો બ્રહ્મઉહુર્ટની શુભ ઉર્જા તમારી પ્રતીક્ષા કરે છે તેમ કહી શકાય લક્ષ્મી, સરસ્વતી અને દુર્ગા ની કૃપા તમારા જીવનમાં પ્રવેશી રહી છે. સમય ક્યારેય ખોટું બોલતો નથ, તમે ક્યારે જાગો છો એ જ તમારા ભાગ્ય અને ચેતનાનો સંકેત છે. ખુબ મોડેથી ઊંઘ ઊડતી હોય તો સમજવાનું કે ભાગ્ય ચમકવા હજુ વધુ દોડવાનું છે.!



**જ્યોતિષાચાર્ય**
**રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**

**આજ કળીયુગમાં પરચા પુરે હનુમાનજી, કષ્ટભંજન દેવ સત્ય છે...**

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં મારૂતિ નંદનના જન્મોત્સવના વધામણાં


## ભક્તિ, શક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ સાથે મંગળા આરતી અને શોભાયાત્રાની રમઝટ: સાળંગપુરમાં ભક્તોનું ઘોડાપુર

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આજે મારુતિ નંદનના જન્મોત્સવની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી રહી છે. વહેલી સવારથી જ મંદિરોમાં મંગળા આરતી, હનુમાન ચાલીસાના પાઠ અને કેસરીયા વાઘાના શણગાર સાથે ભક્તિમય વાહોલ સર્જાયો છે.

વિશ્વપ્રસિદ્ધ સાળંગપુર કષ્ટભંજન દેવ મંદિરે આજે હનુમાન જયંતિની અભૂતપૂર્વ ઉજવણી કરવામાં આવી રહી છે. 'કિંગ ઓફ સાળંગપુર'ની ૫૪ ફૂટ ઊંચી પ્રતિમા સમક્ષ સવારે ૯ વાગ્યે એક લાખ બલૂન ડ્રોપિંગ સાથે જન્મોત્સવના વધામણાં કરવામાં આવ્યા હતા. દાદાના પ્રાગટ્ય પર્વ નિમિત્તે ૧૫૧ કિલોની વિશાળ કેક કાપવામાં આવી હતી અને ભવ્ય મહા અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સમૂહ આરતીમાં લાખો શ્રદ્ધાળુઓએ ઉમટી પડી દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. છોટી કાશી તરીકે જાણીતા જામનગરમાં બાલા હનુમાન મંદિર સહિતના દેવસ્થાનોમાં વહેલી સવારથી જ મંગળા આરતી અને હનુમાન ચાલીસાના પાઠ શરૂ થઈ ગયા છે. જામનગરમાં અનેક સ્થળોએ મારુતિ યજ્ઞ અને શોભાયાત્રાનું સુંદર આયોજન કરાયું છે. બીજી તરફ, જૂનાગઢ ગિરનારની તળેટી અને ભવનાથ ક્ષેત્રમાં આવેલા હનુમાન મંદિરો ભક્તોથી ઉભરાયા છે. જૂનાગઢ શહેરમાં ધાર્મિક સંગઠનો દ્વારા ભજન-કીર્તન અને વિશેષ મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે.રાજકોટ જિલ્લાના ધોરાજી પંથકમાં હનુમાન જયંતિ નિમિત્તે અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરના મુખ્ય હનુમાન મંદિરોને આકર્ષક રોશની અને ફૂલોથી શણગારવામાં આવ્યા છે. સેવાભાવી સંસ્થાઓ દ્વારા દિવસ દરમિયાન ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. તેવી જ રીતે, ઉપલેટા શહેરમાં પણ સવારથી જ પ્રભાતફેરીઓ અને બજરંગબલીના જયઘોષ સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યું છે. ઉપલેટાના ગ્રામ્ય વિસ્તારોમાં હનુમાનજીની મૂર્તિનો વિશેષ શણગાર અને રાત્રિના લોકડાયરાના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના નાના-મોટા ગામોમાં હનુમાન જયંતિના પાવન પર્વે ભકિતમય માહોલ સર્જાયો છે. દરેક મંદિરમાં સુંદરકાંડના પાઠ અને મહાપ્રસાદના ભંડારા યોજાયા છે, જેમાં હજારો ભાવિકો પ્રસાદનો લાભ લઈ રહ્યા છે. ભક્તોની ભારે ભીડને જોતા મંદિર પ્રશાસન અને સ્થાનિક પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. શ્રદ્ધા, ભકિત અને આધુનિક લાઈટિંગના સમન્વય સાથે આ વર્ષે હનુમાન જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે.



## સાળંગપુરમાં ૧૫૧ કિલોની કેક અને એક લાખ બલૂન ડ્રોપિંગ સાથે હનુમાન જન્મોત્સવ

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વપ્રસિદ્ધ સાળંગપુર કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે બે દિવસીય 'કૃતજ્ઞતાનો મહા મહોત્સવ' અને હનુમાન જયંતીની ઉજવણીનો અત્યંત દબદબાભેર પ્રારંભ થયો છે. મહોત્સવના પ્રથમ દિવસે વહેલી સવારથી જ શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે દાદાનું પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું, જ્યારે સાંજના સમયે 'કિંગ ઓફ સાળંગપુર'ની ૫૪ ફૂટ ઊંચી પ્રતિમા સમક્ષ યોજાયેલી ભવ્ય સમૂહ આરતીમાં હજારો ભક્તો ઉમટી પડ્યા હતા. રાત્રિના સમયે આકાશમાં અત્યાધુનિક રંગબેરંગી આતશબાજી અને નામાંકિત કલાકારોના લોકડાયરાએ ભક્તિરસની જમાવટ કરી સમગ્ર વાતાવરણને દિવ્ય બનાવી દીધું હતું. હરિપ્રકાશદાસજી સ્વામી તથા કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ ઉજવાઈ રહેલા આ મહોત્સવમાં આજે હનુમાન જન્મોત્સવની ભવ્યતા સાથે પૂર્ણાહુતિ થશે, જેમાં લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે.





તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

## ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા નં.૪૪ સને (૨૫-૨૬) પ્રસ્દિધ કરવા

**(મા. મ.પંચાયત વિભાગ રાજકોટ)**

ગુજરાત રાજયના રાજયપાલ વતી ગુજરાત રાજય જાહેર બાંધકામ વિભાગના કોન્ટ્રાકટરોની માન્ય યાદીની શ્રેણીમાં નોધાયેલ કોન્ટ્રાકટરો પાસેથી સુવિધાપથ યોજનાના કામો માટે કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ જિ.પં.રાજકોટ-૩૬૦૦૦૧ ફોન નં.૦૨૮૧-૨૪૪૧૦૧૭/૨૪૪૧૩૯૨ તરફથી ઓનલાઈન ટેન્ડર માંગવામા આવે છે. જેમા ગુજરાત રાજય મા.મ.વિભાગ ધ્વારા માન્ય ઈજારદારશ્રીઓ ઓનલાઈન ટેન્ડર ભરી શકશે.

| | |
|---|---|
| ભાવ પત્રકના દસ્તાવેજનુ ડાઉન લોડીગ અને તા.ટેન્ડર ઓનલાઈન સબ મીશન ની છેલ્લલી તારીખ અને સમય | તા. 30/03/૨૦૨૬ થી ૨૦/૦૪/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાનો તારીખ/સમય અને સ્થળ | ૨૧/૦૪/૨૦૨૬ સમય ૧૨.૦૦ કલાકે અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી પંચાયત મા.મ.વતુર્ળ-૧ બહુમાળી ભવન રાજકોટ |

| ક્રમ | કામનુ નામ | અંદાજિત રકમ બાનાની રકમ (રૂા.લાખમા) ટેન્ડર ફી | કેટેગરી |
|---|---|---|---|
| ૧ | પેકેજ નં.રાજા/ સુવિધાપથ/૨૫-૨૬/પી-૦૪ તા.જામકંડોરણા (૩-રસ્તા) | 226.00/- 2.26/- 3600/- | બી કલાસ અને સ્પે.રોડ કેટેગરી-૩ અને ઉપર |
| ૨ | પે.નં.રાજ/સુવિધાપથ/૨૫-૨૬/પી-૦૬ તા.પડધરી કન્સ્ટ્ર. ઓફ સી.સી. રોડ ઓન ઢોકળીયા ખંભાળા ન્યારા રોડ એન્ડ ખંભાળા વાજડી રોડ એટ ખંભાળા વિલેજ તા.પડધરી | 67.00/- 0.67/- 2400/- | બી કલાસ અને સ્પે.રોડ કેટેગરી-૩ અને ઉપર |

શરતો (૧) આ કામની ટેન્ડર ફી તથા બાનાની રકમ બેક સોલવશી રજીસ્ટ્રેશન તથા અન્ય દસ્તાવેજો કાર્યપાલક ઈજનેરશ્રી મા.મ.પંચાયત વિભાગ રાજકોટ ખાતે રજીસ્ટ્રટર એડી.થી. ટેન્ડરની છેલ્લી તારીખથી ૭ દિવસમાં પહોચતા કરવાના રહેશે. (કવર ઉપર કામનુ નામ લખવુ)(૨) ઈજારદારે ફિકસ ફોમપાવર/સ્લીપ ફોમ પેવર પોતાનુ અથવા ભાડેથી અથવા લીઝથી મેળવેલ પ્રમાણપત્ર ઓન લાઈન મુકવુ (૩) ઈજારદારે આર.એમ.સી.પ્લાન્ટ ૫ થી૧૦ કયુ.સી/કલાકની કેપીસીટી ધરાવતા પોતાનુ અથવા ભાડેથી અથવા લીઝથી મેળવેલ પ્રમાણપત્ર ઓનલાઈન મુકવુ.(૪) ઈજારદારે સીગલ સીમીલર નેયર ઓફ વર્ક તરીકે :અ:૪૦% ટેન્ડરની રકમના બીટી/સી.સી.રોડની કામગીરી કરેલ હોઈ જેમા ઓછામા ઓછા ૪૦% ના ૩૦% એટલે કે ૧૨% (કોન્ટ્રકટ વેલ્યુના) રકમની સી.સી.રોડની કામગીરી કરેલ હોવી જોઈએ અથવા :બઃ ઈજારદારશ્રીએ ૪૦% (કોન્ટ્રાકટ વેલ્યુના) બીટી રોડની કામગીરી કરેલ હોઈ તથા ૧૨% (કોન્ટ્રકટ વેલ્યુના)રકમની અન્ય કામમાં સી.સી.રોડની કામગીરી કરેલ હોવી જોઈએ ઉપર મુજબનુ ૩-એ પ્રમાણપત્ર (સી.સી.રોડના ઉલ્લેખ સહિત) ઈજારદારશ્રીએ મુકવાનુ રહેશે. (૫) ઉપરોકત ત્રણે પ્રમાણપત્રો/દસ્તાવેજો ટેન્ડર ફી.,ઈ.એમ.ડી.રજીસ્ટેશન સટીફીકેટ,સોલ્વશી સટીફીકેટ વિગેરે સાથે પ્રીલીમરી સ્ટેજમા મુકવાના રહેશે.(૬) ઉપરોકત ત્રણ પ્રીલીમનરી સ્ટેજમા બાબતો રજુ ન કરેલ હોઈ તો ટેન્ડર ખોલવામાં આવશે નહી.

ટેન્ડર ડોકયુમેન્ટ વેબ સાઈટ http://rnb.nprocure.com પર રવાના કરવાના રહેશે.બાનાની રકમ ટેન્ડર ફી તથા અન્ય દસ્તાવેજો સ્કેન કરી ઓનલાઈન ટેન્ડર સાથે રજુ કરવાના રહેશે. અને તેનાજ ટેન્ડરો ખોલવામાં આવશે. વધુ વિગત માટે અત્રેની કચેરીનો સર્પક કરવો નિવિદામાં સુધારો/વધારો કરવાનો અધિકાર અત્રેની કચેરીને રહેશે.

**ઈ.એમ.ડી. ૬ માસ (૧૮૦) દિવસની માન્ય રાખવામાં આવશે.**

કોઈ પણ એક અથવા બધાજ ટેન્ડરો રદ કરવા અંગે ના અધિકાર જિલ્લા પંચાયત રાજકોટને અબાધિત રહેશે. માહિતી -રાજ-૩૦-૨૬-૨૭

# માધવપુરનો મેળો રંગેચંગે સંપન્નઃ તંત્રની ઉમદા કામગીરીને વેપારીઓએ બિરદાવી

**અબતક, આશિષ પોપટ, માધવપુર**

માધવપુરમાં આયોજીત ૫ દિવસીય લોક મેળો સંપન્ન થતા પોરબંદર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાતી લોક મેળા માં લાખો ની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા મોટી સંખ્યામાં લોકોએ કૃષ્ણ રુકમણી વિવાહ પ્રસંગ માણ્યો જેમાં અને ગામો માંથી આ લોક મેળો માનવા લોકો ઉમટ્યા હતા. આ મેળા માં મોટી રકમ આપી સ્ટોલ અને મનોરંજન ગ્રાઉન્ડ વેપારી ઓ દ્વારા જાહેર હરાજી માં ખરીદવા માં આવ્યું હતું મેળો પૂર્ણ થતા લોકો અને વેપારીઓ દ્વારા તંત્ર અને પોલીસ વિભાગની કામગિરી બિરદાવ વા માં આવી.

આ મેળા માં પોરબંદર જિલ્લા એસ.પી ભગીરથસિંહ જાડેજા જિલ્લા કલેક્ટર ધાનાણી દ્વારા ચુસ્ત મોનીટરીંગ કરવામાં આવતા મેળા દરમિયાન લોકો ને કે મેળા માં આવેલા વેપારીઓ ને કોઈપણ પ્રકાર ની તકલીફ ન પડે તેમાટે ૧૪૫૦ પોલીસ ખડે પગે રાખવામાં આવી હતી પાંચ દિવસીય લોક મેળા માં કોઈ પણ મોટો બનાવ બનવા પામેલ ન હતો પોરબંદર એલ.સી બી.એસ ઓ જી પોલીસ થતા લોકલ પોલીસ દ્વારા ચુસ્ત પેટ્રોલિંગ રાખવામાં આવી હતી.

# જૂનાગઢ એસઓજી-ભવનાથ પોલીસ સ્ટેશનના પીઆઈની બદલી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ અને ભવનાથ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરની અન્ય જિલ્લાઓમાં બદલી થઈ છે, જ્યારે સુરેન્દ્રનગરથી પોલીસ ઈન્સ્પેક્ટર બી. એચ. સિંગરખીયાને જૂનાગઢ જિલ્લામાં મૂકવામાં આવ્યા છે. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા બુધવારે કરેલ રાજ્યના વધુ ૧૯ પોલીસ ઈન્સ્પેક્ટરની બદલીના ઓર્ડરમાં જૂનાગઢ એસઓજીના પીઆઈ આર.કે. પરમારની છોટાઉદેપુર ખાતે મૂકવામાં આવ્યા છે, તો ભવનાથ પોલીસ મથકમાં ફરજ બજાવતા પીઆઈ પી.સી. સરવૈયાની સુરત ગ્રામ્ય જિલ્લામાં બદલી કરવામાં આવી છે. જ્યારે સુરેન્દ્રનગરથી પી.આઈ. બી.એચ. સિંગરખીયાની જૂનાગઢ જિલ્લામાં બદલી કરી મૂકવામાં આવ્યા છે.

ગુજરાત નગરપાલીકા અધિનીયમ ૧૯૬૩ કલમ ૧૦૪,૧૦૫,૧૦૭,૧૦૮,અન્વયે

**જાહેર નોટીસ**

આથી ગોંડલ નગરપાલીકાના વિસ્તારનાં રહેવાસીઓ,મિલ્કતધારકો,મિલ્કત ભોગવટો કર્તાઓને આ ઉપરથી નોટીસ આપવામાં આવે છે કે ધી ગુજરાત મ્યુનિસિપલ એકટ-૧૯૬૩ ની કલમ નં.૧૦૫ અન્વયે સનેઃ-૨૦૨૬/૨૭ ના વર્ષે માટે કરવેરા વસુલાતના હેતુ માટે નગરપાલીકા વિસ્તારમાં આવેલ મિલ્કતોની ક્ષેત્રફળ આધારીત આકારણી કરવામાં આવેલ છે અને આકારણી યાદી અને કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી કરવામાં આવેલ છે તેને સંબધકર્તાઓને જોવા માટે નગરપાલીકાની કરવેરા શાખામાં ખુલ્લા રાખવામાં આવેલ છે મિલ્કત માલીકો ભોગવટો કર્તાઓ પ્રતિનીધીઓ કોઈ પણ ચાર્જ આપ્યા વગર રજાના દિવસો સીવાય ઓફીસ દરમ્યાન જોઈ શકશે તેમાંથી ઉતારો કરી શકશે અને તેની સામે વાંધા હરકત હોઈ તો જાહેરાત પ્રસિધ્ધ થયે દિવસ-૩૦ (ત્રીસ)માં લેખીત રીતે નગરપાલીકા કચેરીમાં રજુ કરી શકાશે મુદત બાદ રજુ થયેલ વાંધાઓ ધ્યાને લેવામાં નહી આવે તેની આથી નોંધ લેવી

(એ.જે.વ્યાસ)
ચીફ ઓફીસર
ગોંડલ નગરપાલીકા

નોટીસ પ્રસિધ્ધ સ્થળ:
૧,શ્રી નગરપાલીકા કચેરી નોટીસ બોર્ડ
૨,શ્રી મામલતદાર કચેરી નોટીસ બોર્ડ
૩,શ્રી ભગવતસિંહજી લાયબ્રેરી નોટીસ બોર્ડ
૪,શ્રી તાલુકા પંચાયત કચેરી નોટીસ બોર્ડ

માહિતી -રાજ-૧૩-૨૬-૨૭

**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**ગેલ્વેનાઈઝડ બોન્ડ્સ દ્વારા MS બોન્ડ્સ નું બદલીકરણ**

**ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ઈએલ/ટીઆરડી/૨૫-૨૬/૩૯**
**તારીખ : ૩૦.૦૩.૨૦૨૬**

**કામનું નામઃ** રાજકોટ ડિવિઝન હેઠળ વિવિધ સ્થળો પર ગેલ્વેનાઈઝડ બોન્ડ્સ દ્વારા MS બોન્ડ્સનું બદલીકરણ **અંદાજિત પડતરઃ** ₹ ૯૮,૬૯,૭૦૦.૦૦/- ફક્ત, **અર્નેસ્ટ મનીઃ** ₹ ૧,૯૭,૪૦૦.૦૦/- **ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૨૧-૦૪-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **ઓફિસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/ટીઆરડી), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગત :** www.ireps.gov.in

RJT-228

અમને ફોલો કરો: X x.com/WesternRly

**ઓનલાઈનની જાહેર નિવિદા**
**વિધુત માર્ગ અને મકાન પેટા વિભાગ રાજકોટ**
**: : જાહેર નિવિદા નં.૦૧/૨૦૨૬-૨૭ : :**
**(ફકત વિદ્યુત ઈજારદારો માટે)**

નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી વિધુત (માઅનેમ) પેટા વિભાગ, રાજકુમાર કોલેજ સામે, ડો. યાજ્ઞિક રોડ રાજકોટ-૩૬૦૦૦૧ ફોનનં. ૦૨૮૧-૨૪૮૦૬૮૦ કચેરીએથી વિજળીકરણને લગત જુદા-જુદા કામો કે જેની અંદાજીત કિંમત રૂા.૦.૩૦ લાખ થી ૯.૯૯ લાખ સુધીની છે. તેના માટે ઓનલાઇન પ્રસિધ્ધીથી ટેન્ડરો માંગવામાં આવે છે. ટેન્ડરો વેબ સાઈટ ઉપર તા.૦૨-૦૪-૨૦૨૬ થી ઓનલાઇન જોવા મળશે. ટેન્ડરની વધારાની વિગતો ટેન્ડર ડોક્યુમેન્ટની વેબસાઈટ https://mb.Nprocure.com ઉપરથી મેળવી શકાશે. તેમજ વિગતવાર નોટીસ આ કચેરી નાં નોટીસ બોર્ડ ઉપરથી જોઈ શકાશે. આવેલા ટેન્ડરો પૈકી એક કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો આપ્યા સિવાય રદ કરવાનો અધિકાર સક્ષમ અધિકારીશ્રીને અબાધિત રહેશે.

માહિતી -રાજ-૧૬-૨૬-૨૭    ના.કા.ઈ. વિધુત પેટા વિભાગ રાજકોટ.

**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**નાયલોન નેટ અને એન્ટી બર્ડ ડિસ્કની આપૂર્તિ અને નિર્માણ તથા સેન્ટીલીવર્સ પર ડબલ ઈન્કલાઈન્ડ ડ્રોપરની જોગવાઈ**

**ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ઈએલ/ટીઆરડી/૨૫-૨૬/૪૦**
**તારીખ : ૩૦.૦૩.૨૦૨૬**

**કામનું નામઃ** રાજકોટ ડિવિઝનના વિવિધ સ્થળો ખાતે નાયલોન નેટ અને એન્ટી બર્ડ ડિસ્કની આપૂર્તિ અને નિર્માણ તથા સેન્ટીલીવર્સ પર ડબલ ઈન્કલાઈન્ડ ડ્રોપરની જોગવાઈ. **અંદાજિત પડતરઃ** ₹ ૨,૪૨,૭૧,૪૮૪.૦૦/- માત્ર, **અર્નેસ્ટ મનીઃ** ₹ ૪,૮૫,૪૦૦.૦૦/- **ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૨૧-૦૪-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **ઓફિસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/ટીઆરડી), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. વેબસાઈટ વિગત : www.ireps.gov.in

RJT-229

અમને ફોલો કરો: X x.com/WesternRly

**જામનગર મહાનગરપાલિકા**

**:: શોર્ટ કવોટેશન ટેન્ડર જાહેરાત નિવિદા ::**

જામનગર મહાનગરપાલિકા હસ્તકના તળાવની પાળે આવેલ માછલી ઘરના પશુ / પક્ષીઓ માટે ખોરાક ખરીદી (અનાજ / કરીયાણુ / ફીશ ફુડ) સપ્લાય કરવાના કામે વર્ષ ૨૦૨૬-૨૭ માટે ઓફર ફોર્મ સીવીલ શાખામાંથી તા.૦૪/૦૪/૨૦૨૬ થી તા.૧૫/૦૪/૨૦૨૬ સુધી મેળવી શકશે તેમજ આ ઓફર ફોર્મ કાર્યપાલક ઈજનેરશ્રી, ગાર્ડન શાખા ત્રીજો માળે, જયુબેલી ગાર્ડન સામે, જામનગર મહાનગરપાલિકા ખાતે આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ મારફતે તા.૨૦/૦૪/૨૦૨૬ ના રોજ સાંજના ૬ : ૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે રજુ કરવાના રહેશે. બંધ કવર ઉપર **"તળાવની પાળે માછલી ઘર માટે ખોરાક ખરીદી કરવાનું કામ"** લખવાનું રહેશે. કોઈપણ ટેન્ડર સ્વીકારવું કે ના સ્વીકારવું આ અંગેનો હકક જામનગર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

નાયબ કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા

નં. જેએમસી/સીવીલ-ગાર્ડન/ ૦૨ /૨૫-૨૬, તા. ૦૧/૦૪ /૨૦૨૬


**The Co-Operative Bank of Rajkot Ltd.**
Multi State Co-Operative Bank
Raj Bank

ગ્રાહકોના અતૂટ વિશ્વાસ અને કર્મચારીઓના ટીમવર્કના સથવારે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નાં અંતે શાનદાર પરિણામ સાથે

**રૂા. ૪૮૯૦ કરોડના બિઝનેસમાં રૂા. ૫૬ કરોડનો નફો કરતી આપની બેંક**

(*ઈનકમટેક્સ અને કાયદાકીય જોગવાઈઓ પહેલાનો કાર્યકારી નફો)

(રકમ રૂપિયા કરોડમાં)

| ક્રમ | વિગત | | 31.03.2026 (અનઓડીટેડ) |
|---|---|---|---|
| ૧ | આવક | | |
| | ૧.૧ | ધિરાણ વ્યાજ આવક | ૧૫૬ |
| | ૧.૨ | રોકાણ વ્યાજ આવક | ૧૧૩ |
| | ૧.૩ | વ્યાજ સિવાયની આવક | ૨૪ |
| ૨ | કુલ આવક | | ૨૯૩ |

| ક્રમ | વિગત | | 31.03.2026 (અનઓડીટેડ) |
|---|---|---|---|
| ૩ | ખર્ચ | | |
| | ૩.૧ | ડીપોઝીટ્સ વ્યાજ ખર્ચ | ૧૬૦ |
| | ૩.૨ | કર્મચારી પગાર ખર્ચ | ૩૧ |
| | ૩.૩ | અન્ય વહીવટી ખર્ચ | ૪૬ |
| ૪ | કુલ ખર્ચ | | ૨૩૭ |
| ૫ | કાર્યકારી નફો (૨-૪) | | ૫૬ |

(રકમ રૂપિયા કરોડમાં)

| ક્રમ | વિગત | | 31.03.2026 (અનઓડીટેડ) |
|---|---|---|---|
| ૬ | અન્ય માહિતી | | |
| | ૬.૧ | ડીપોઝીટ્સ | ૩૦૩૬ |
| | ૬.૨ | રોકડ+કરન્ટ+FD બેલેન્સ | ૭૦૭ |
| | ૬.૩ | G-Sec તથા અન્ય રોકાણો | ૧૦૯૭ |
| | ૬.૪ | લોન અને ધિરાણો | ૧૮૫૪ |
| | ૬.૫ | બિઝનેશ | ૪૮૯૦ |

ધંધાકીય હેતુ માટે
રૂ. ૧.૮૫ કરોડ સુધી 8.25% થી શરૂ
બિઝનેસ / ઈન્ડસ્ટ્રીયલ / મશીનરી / ફર્નીચર ફીક્ષ્ચર લોન / ઓવરડ્રાફ્ટ / સીસી / સોલાર-રીન્યુએબલ એનર્જી લોન માટે

ડોક્ટર માટે મેડીકલ ઈક્વીપમેન્ટ તથા અન્ય લોન
8.00% થી શરૂ

સોનાના દાગીના સામે ધિરાણ સુવિધા ઉપલબ્ધ
ગોલ્ડ લોન રૂ. ૧.૭૫ લાખ સુધી
ગોલ્ડ સામે ઓવરડ્રાફ્ટ રૂ. 10 લાખ સુધી
9.50%

હોમ લોન
રૂ. ૧.૮૦ કરોડ સુધી
7.75% થી શરૂ

ફિક્સ્ડ ડિપોઝિટ
6.75% (જનરલ) 7.25% (સીનીયર સીટીઝન)

- ૨૭ શાખાઓ
- ૧૭ એટીએમ (રુ-પે પ્લેટીનમ કાર્ડ)
- ૦૮ કેશ રીસાઈકલર મશીન
- લોકર સુવિધા (તમામ શાખાઓ)
- RTGS / NEFT / IMPS સુવિધા
- SMS Alert & Missed Call સુવિધા
- Mobile Banking સુવિધા
- Whats App Banking સુવિધા

sun ad

જુલી સાવલીયા – સી.ઈ.ઓ.
જયંતિલાલ વસોયા – ઈન્ચાર્જ ચેરમેન

'Sahakar Sarita', Panchnath Road, Rajkot - 360 001 (Gujarat)
0281 - 2234454 / 2224120 Fax: 0281 - 2236682 info@tcbrl.bank.in tcbrl.bank.in

તંત્રી લેખ

# શાંતિનો સુર્યોદય ક્યારે?

સંઘર્ષ અને વિવાદ અને યુદ્ધથી કોઈ ભલું થતું નથી કહેવત છે કે લડાઈમાં ક્યારેય લાડવા હોતા નથી. અત્યારે ઈરાન ઈઝરાયેલ અમેરિકાના યુદ્ધ ઉન્માદ થી માત્ર ત્રણે ય દુશ્મન દેશો જ દુ:ખી નથી સમગ્ર વિશ્વને યુદ્ધની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર થઈ રહી છે અને આર્થિક લાંબા ગાળાનું નુકસાન સમગ્ર વિશ્વને ભોગવવાની સ્થિતિ ઉભી થઈ છે, ઈઝરાઈલ ઈરાન વચ્ચેના યુદ્ધમાં અમેરિકા પૂરેપૂરું ઈન્વોલ્વ થઈ ચૂકી છે

પરંતુ અમેરિકા અને ઈઝરાયેલ ની ઈરાનને પરાજય આપવાની જે માનસિક રીતે સમય અવધી નક્કી કરી હતી તે ગણતરીમાં વિશ્વની મહાસત્તા અમેરિકા અને મોસાદ જેવી સ્માર્ટ જાસૂસી સંસ્થા ધરાવતું ઈઝરાયેલ મહાત ખાઈ ગયું અને ઈરાન નિરંતર યુદ્ધ આગળ ખેંચવા માટે સફળ રહ્યું છે,

ઈરાન માં સત્તા પલટો કે ઈરાન પર કબજો કરવાના હરીફોના મનસુબા પૂરા થાય એવું લાગતું નથી બીજી તરફ ઈરાને મિસાઈલ ટેકનોલોજી ની સાથે સાથે હોર્મુજ દરિયા રસ્તો લોક કરવાની રણનીતિ અખત્યાર કરીને દુશ્મનો પર માત્ર ઈરાને પોતે જ નહીં સમગ્ર વિશ્વનું પ્રેસર ઊભું કરવામાં સફળતા મેળવી છે અત્યાર સુધી યુદ્ધ ની સ્થિતિ માં બંને જૂથો સરખા પુરવાર થઈ રહ્યા છે, અને રૂનાલ ફ્રોમ યુદ્ધમાં બારોટના પગલા ભરે તેવા સંકેતો દેખાઈ રહ્યા છે ઈરાન,અમેરિકા ઈઝરાયેલ વચ્ચે ૩૩દિવસથી યુદ્ધ ચાલે છે હવે ટૂંક સમયમાં યુદ્ધ પૂર્ણ થાય તેવા સંકેતો મળી રહ્યા છે,

ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યા છે કે ઈરાન સાથેનું યુદ્ધ ૪-૬ અઠવાડિયામાં પૂરું થઈ શકે છે હવે હોર્મુઝ સ્ટ્રેટ પૂર્ણપણે ખોલ્યા વગર પણ યુદ્ધ વિરામ કરવા તૈયાર છે.

અખાતનું આ યુદ્ધ માત્ર દુશ્મન દેશો ને જ નુકસાનકારક નથી વૈશ્વિક કોરોના સ્થિતિ માં આર્થિક તારાજીની અસર હજુ સંપૂર્ણ દૂર થઈ નથી ત્યાં જ ઈઝરાઈલ નું આ યુદ્ધ વિશ્વભરમાં તેલ ગેસ અને વેપાર ઉદ્યોગ માં કટોકટીનું નિમિત બની ગયું. હવે તે કોઈને પરવડે તેમ નથી અમેરિકાએ જ્યાં સુધી ચાલ્યું ત્યાં સુધી જોર કર્યું હવે વાસ્તવિક પરિસ્થિતિ સમજાઈ ગઈ હોય તેમ અમેરિકા યુદ્ધ રોકવા નું વલણ દાખવી રહ્યું છે, બંને પક્ષો નું નરમ વલણ યુદ્ધ વિરામના સુખદ સંકેત આપી રહ્યા છે અને શાંતિ ઈચ્છતુ સમગ્ર વિશ્વ આ યુદ્ધ કોઈપણ સંજોગોમાં અટકે તેવી લાગણી ધરાવે છે હવે આ યુદ્ધનો સુખદ અંત આવે તેવા અણસાર મળી રહ્યા છે.

ગૃહિણીઓનું રસોડાનું બજેટ અસ્તવ્યસ્ત : મરચાના ભાવમાં તીખી લાલચોળ તેજી

# મરચાના ભાવમાં ૧૫૦ થી ૪૦૦ રૂપિયા સુધી, હળદર, ધાણા તથા જીરૂમાં ભાવ વધારો સાંભળી ગૃહિણીઓ મૂંઝાઈ

**અબતક દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢમાં છેલ્લા એકાદ માસથી સકરબાગ નજીક મરચા માર્કેટ ખુલી જવા પામી છે, ત્યારે અહીંના વેપારીઓના કહેવા મુજબ મરચામાં આવેલ તોતિંગ ભાવ વધારાના કારણે મહિલાઓ આ વખતે જરૂરિયાત કરતા ઓછું મરચું ખરીદી રહી છે. તેવી જ રીતે દાણાપીઠના મસાલાના વેપારીના જણાવ્યા મુજબ ખાસ કરીને હળદર અને ધાણા તથા જીરૂમાં ૩૦ રૂપિયા ક્વોલેટી વાઈઝ ભાવ વધારો આવ્યો છે, જે સામાન્ય છે. પરંતુ મહિલાઓ ભાવ સાંભળી જરૂરિયાત છે એટલે કચવાતા મને હળદર અને રસોડામાં વપરાતા મસાલાઓની ખરીદી કરી રહી છે.





રસોડાની રાણીઓ આ વખતે વર્ષ ભરના મસાલા ભરવા માટે વિચારતી થઈ ગઈ છે. કારણ કે, એક તરફ ઘઉં અને કઠોળ સહિતના ધાન્યો મોંઘા થયા છે અને તેલના ભડકે બળતા ભાવની સાથે આ વર્ષે હળદર, મરચાં, ધાણા, જીરૂ સહિતના મસાલાઓમાં પણ અસહ્ય ભાવ વધારો આવતા મહિલાઓ રસોડાનું બજેટ વિખાઈ જતા થોડી ચિંતિત બની છે. આ વખતે સુકા મરચાના ભાવમાં આવેલ ૧૫૦ થી લઈને ૪૦૦ રૂપિયા સુધીના ભાવ વધારા તેમજ હળદર અને ધાણા તથા જીરૂમાં પણ આવેલ ભાવ વધારો સાંભળી આ વર્ષે ચટણી, હળદર, મસાલાની ખરીદી કેટલી અને કેવી કરવી તે અંગે વિચારતી થઈ ગઈ છે.

ગત વર્ષે તીખું કાશ્મીરી મરચું ૧૦૦ રૂપિયે કિલો મળતું હતું તે આ વર્ષે ૩૫૦ રૂપિયે કિલો બજારમાં વેચાઈ રહ્યું છે. ગત વર્ષે રૂ. ૧૫૦ માં વહેચાયેલ ડબી કાશ્મીરી મરચાના આ વખતે ૬૦૦ રૂપિયા ભાવ બોલાઈ રહ્યો છે. જ્યારે રેશમ પટ્ટો ૩૫૦, ડબલ પટ્ટો ૪૦૦ અને લવિંગિયા મરચા ૩૫૦ ના ભાવે બજારમાં વેચવા માટે આવ્યા છે, આમ સરેરાશ મરચાની વિવિધ ક્વોલેટી પ્રમાણે રૂ. ૧૫૦ થી લઈને ૪૫૦ રૂપિયાનો ભાવ વધારો આવ્યો છે. આવી જ રીતે મૂળો હળદર ગત વર્ષે રૂ. ૨૦૦ ની આસપાસ વહેંચાતી હતી તે આ વખતે ૨૨૦ થી ૨૪૦ ના ભાવે માર્કેટમાં આવી છે. સેલમ હળદર ગત વર્ષે ૨૨૦ થી ૨૪૦ ના ભાવ હતા તેના આ વખતે ૨૬૦ આસપાસ ભાવ થઈ ગયા છે, આ જ રીતે ઉચ્ચ ગુણવત્તાવાળી લીલો મૂળો અને કેસર હળદર ગત વર્ષે રૂ. ૩૦૦ માં વહેંચાતી હતી જેના આ વખતે રૂ. ૩૫૦ જેવો ભાવ બોલાઈ રહ્યો છે. આમ હળદરમાં પણ સરેરાશ ૨૦ થી ૪૦ રૂપિયાનો કિલો એ ભાવ વધારો થયો છે.

# ફળોના રાજા કેસર કેરીની જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં વધી રહી છે આવક

## ૨૦ કિલોનો ભાવ ૧૦૦૦ થી ૩૦૦૦ પરંતુ કેસર કેરીના સ્વાદપ્રેમીઓ ભાવની પરવાહ કર્યા વગર ચપોચપ કરે છે ખરીદી

**અબ તક દર્શન જોશી, જુનાગઢ**

જેની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી તે ફળોની રાણી કેસર કેરીની જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ધીમે ધીમે આવક વધવા લાગી છે, જેને લઈને કેરીના રસિયાઓમાં ખુશી વ્યાપી છે, જો કે, કેરીના પ્રારંભમાં ભાવ ઉંચા છે પણ જે કેરીના સ્વાદ પ્રેમી છે, તે ભાવની પરવાહ કર્યા વગર કેરીની ખરીદી રહ્યા છે, અને યાર્ડમાં હરરાજી સમયે કેરીના બોક્ષ ચપોચપ વહેંચાઈ રહ્યા છે.

**યાર્ડમાં ૮૬૫ કેરીના બોક્ષની આવક આગામી દિવસોમાં કેરીની આવકમાં વધારો થશે : યાર્ડ સેક્રેટરી ગજેરા**

જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીની છેલ્લા એક અઠવાડિયાથી આવક થઈ રહી છે. જો કે, આ આવક ૫૦ થી ૭૦ બોક્સની સામાન્ય આવક થતી હતી, પરંતુ કેરીના વેપારીઓના જણાવ્યા મુજબ, માવઠાની અસર અને પવનની ઝડપ વધવાને કારણે કેરીની આવક વધી રહી છે.

જુનાગઢ માર્કેટિંગ યાર્ડના શાકભાજી વિભાગના ઈન્સ્પેક્ટર હરેશભાઈના જણાવ્યા મુજબ માર્કેટિંગ યાર્ડમાં ૮૬૫ કેરીના બોક્ષ ની આવક નોંધાઈ છે, જે ગઈકાલ ૭૦૦ બોક્ષ કેરી આવી હતી.

જો જુનાગઢ માર્કેટિંગ યાર્ડના કેરીના ૨૦ કિલોના ભાવ રૂ. ૧૦૦૦ થી ૩૦૦૦ રહેવા પામ્યા હતા.

એટલે કે, ૧૦ કિલો કેરીનું બોક્ષ આજે રૂ. ૫૦૦ થી લઈને ૧૫૦૦ રૂપિયા સુધીમાં વહેંચ્યું હતું. જ્યારે ગઈકાલે ૧૦ કિલોના બોક્સ ૫૦૦ થી લઈને ૧૮૦૦ સુધીમાં વહેંચાયા હતા.

જૂનાગઢ શાકભાજી ફળફળાદી યાર્ડના સેક્રેટરી હરેશ ગજેરાના જણાવ્યા મુજબ, જૂનાગઢ યાર્ડમાં હાલમાં કેસર કેરીની આવક રાજુલા, ઉના, તુલસીશ્યામ, કોડીનાર, તાલાલા, જસાધાર, બામણાસા, જૂનાગઢના ભવનાથ, બરડીયા તેમજ ગોંડલ સહિતના વિસ્તારોમાંથી થઈ રહી છે. જ્યારે રત્નાગીરી અને લાલબાગની કેરીની આવક અમદાવાદથી થઈ રહી છે.

# અંજાર પીઆઈની બદલી થતા આગેવાનોએ આપી વિદાય



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા પી.આઈ. એ.આર. ગોહિલની બદલી થતા સ્ટાફ અને સ્થાનિક આગેવાનો દ્વારા ભવ્ય વિદાય સમારંભ યોજાયો હતો.

પીઆઈ ગોહિલે પોતાના કાર્યકાળ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું તેમજ જનતા સાથે પોલીસ પ્રજાનો મિત્ર છે ના સૂત્રને સાર્થક કર્યું હતું. વિદાય પ્રસંગે સહકર્મીઓ અને ઉપસ્થિત આગેવાનો દ્વારા તેમની કામગીરીની પ્રશંસા કરી અને ભાવભીની શુભેચ્છાઓ પાઠવી હતી. પી આઈ ગોહિલે પણ તમામનો આભાર વ્યક્ત કરી પોતાની ફરજ દરમિયાન મળેલા સહયોગને યાદ કર્યો હતો. કાર્યક્રમમાં પોલીસ સ્ટાફ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીધામ સિટી ટ્રાફિક પીઆઈનો વિદાય સમારોહ યોજાયો



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ શહેર ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા પી.આઈ વી.આર પટેલની તાજેતરમાં બદલી થતા શહેરમાં વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પોલીસ વિભાગના અધિકારીઓ, સ્ટાફ તેમજ શહેરના આગેવાનો ઉપસ્થિત રહી તેમની સેવાઓને બિરદાવી હતી. પી.આઈ વી.આર પટેલે પોતાના કાર્યકાળ દરમિયાન ટ્રાફિક વ્યવસ્થાને સુચારૂ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેમની કામગીરીને યાદગાર ગણાવતા ઉપસ્થિત સૌએ તેમને શુભકામનાઓ પાઠવી નવા કાર્યસ્થળે સફળતા માટે શુભેચ્છાઓ આપી. સમારંભ અંતે સ્મૃતિચિહ્ન આપી તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ભડલી ગામે સંત ચેતનગિરિ બાપુ અને શિષ્ય હમીરજીબાપુની જીવંત સમાધિ પૂજનનો મહોત્સવ ઉજવાયો



**અબતક, આનંદ રાણા, સિંહોર**

ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાનું ભડલી ગામ ગુરુ-શિષ્યની ભવ્ય પરંપરાનું સાક્ષી બન્યું છે. વર્ષો પૂર્વે હિંગળાજ (બલુચિસ્તાન)ની પદયાત્રા કરી સિદ્ધિ પ્રાપ્ત કરનાર દશનામ ગૌસ્વામી ફકડ સંત ચેતનગિરિ બાપુ (અગીયાળી) અને તેમના પરમ શિષ્ય હમીરજીબાપુ (ભડલી) એ એકસાથે જીવંત સમાધિ લીધી હતી.

આ પ્રસંગની વિશેષતા એ છે કે, દશનામ સાધુ ગુરુની સાથે તેમના ક્ષત્રિય દરબાર શિષ્યએ ગુરુ વચનને સાર્થક કરવા જીવંત સમાધિ સ્વીકારી હતી. ગુરુ-શિષ્યના આ અતૂટ સંબંધનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આજે પણ ભડલી ગામે ચેતન સમાધિ સ્વરૂપે હયાત છે. ફકડ સંત પ્રહલાદગિરિબાપુ (ગુરુ શ્રી ભીમગિરિ બાપુ)ની પ્રેરણાથી આયોજિત આ કાર્યક્રમમાં શાસ્ત્રોક્ત વિધિથી પૂજન અર્ચન કરવામાં આવ્યું. સમસ્ત બન્ને પરીવારજનો અને ભાવિકો માટે મહાપ્રસાદનું આયોજન થયું.

# ધ્રાંગધ્રાના કોંઢ ગામે ભાજપની બેઠક, ચુંટણી પ્રચારમાં લાગી જવા આહવાન



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રાના કોઢ ગામે સ્થાનીક સ્વરાજ્યની ચુટણી ને લઈને બ્રમસમાજની વાડી ખાતે સભા યોજવામાં આવી ત્યારે જીલ્લા ભાજપ પ્રમુખ ધારાસભ્ય સહીત મોટી સંખ્યામાં આગેવાનો અને ચુંટાયેલા પ્રતીનીધી ઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આગામી સ્થાનિક સ્વરાજ ચૂંટણી સંદર્ભે કોંઢ જિલ્લા પંચાયત સીટના પ્રવાસ દરમિયાન સંગઠનના હોદ્દેદારો, આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, કાર્યકર્તાઓ તેમજ ગ્રામજનો સાથે આયોજિત સભાને સંબોધત જીલ્લા ભાજપ પ્રમુખ હાર્દીકભાઈ ટમાલીયાએ, સરકારની વિવિધ વિકાસલક્ષી યોજનાઓ અંગે સંવાદ કર્યો તેમજ સંગઠનાત્મક અને ચૂંટણીલક્ષી પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી ચુંટણી પ્રચાર કાર્યમાં લાગી જવા જણાવ્યું ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરાએ સરકારના વિકાસના કાર્યને લઈને વિજય વિષચીત હોવાનું જણાવ્યું જિલ્લા ભાજપ પ્રમુખ હાર્દિકભાઈ ટમાલિયા, ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા સહિતના મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢને ફાટક મુક્ત કરવાની કામગીરી વેગવાન બનાવવા ધારાસભ્ય કોરડીયાની કેન્દ્રીય રેલ મંત્રીને રજૂઆત

## સોરઠની રેલ સુવિધા વધુ સવલત ભરી બનાવવા કરાયો પરામર્શ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ ધારાસભ્ય સંજય કોરડીયાએ ગઈકાલે નવી દિલ્હી ખાતે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવની સૌજન્ય મુલાકાત લઈ, જૂનાગઢના રેલવે વિકાસલક્ષી પ્રશ્નો અંગે સકારાત્મક ચર્ચા કરી હતી.

જૂનાગઢ ધારાસભ્ય સંજય કોરડીયાએ નવી દિલ્હીમા કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવની સૌજન્ય મુલાકાત લીધી હતી અને જૂનાગઢ શહેરને ફાટક મુક્ત બનાવવા માટે સરકાર દ્વારા થઈ રહેલી કામગીરીને વેગ આપવા રજૂઆત કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.



આ સાથે ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ જૂનાગઢમાં નવા રેલવે સ્ટેશનનું નિર્માણ અને આધુનિક રેલવે સ્ટેશનની કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે અંગે પણ ચર્ચા કરી હતી. તે સાથે દિલ્હી-હરિદ્વાર જેવી લાંબા અંતરની ટ્રેનો તેમજ સૌરાષ્ટ્રમાંથી પસાર થતી ટ્રેનોને આંબલી અને ચાંદલોડિયા સ્ટેશન પર સ્ટોપેજ આપવા રજૂઆત કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

દરમિયાન રેલવે મંત્રી એ જૂનાગઢના ધારાસભ્યની તમામ રજૂઆતોને ગંભીરતાપૂર્વક સાંભળી, સકારાત્મક પ્રતિસાદ આપ્યો છે. અને ફાટક મુક્ત જૂનાગઢના કામને તાત્કાલિક અગ્રતા આપવાની ખાતરી આપી હોવાની વિગતો મળી રહી છે.

# સાબરકાંઠા: ચારણ-ગઢવી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનના પ્રમુખ પદે રોહિતદાન ગઢવીની વરણી

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**



ચારણ-ગઢવી સમાજની એકતા, કલ્યાણ અને પ્રગતિ માટે કાર્યરત વૈશ્વિક સંસ્થા 'ચારણ-ગઢવી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન' દ્વારા સાબરકાંઠા જિલ્લાના સંગઠનને મજબૂત બનાવવા માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સંસ્થા દ્વારા ઉત્તર ગુજરાત ઝોનના સાબરકાંઠા જિલ્લાના પ્રમુખ તરીકે રોહિતદાન ખેમરાજદાન ગઢવીની નિમણૂક કરવામાં આવી છે.

મૂળ વડાલી તાલુકાના ટોકરા ગામના વતની અને હાલ ઈડર ખાતે સ્થાયી થયેલા રોહિતદાન ગઢવી બહોળો વહીવટી અને સામાજિક અનુભવ ધરાવે છે. તેઓ હાલ ગુજરાત સરકારમાં ગ્રામસેવક (ખેતી) તરીકે સેવા આપી રહ્યા છે. આ ઉપરાંત, તેઓ ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળના પ્રમુખ, ગુજરાત રાજ્ય પંચાયત કર્મચારી મહાસંઘના કન્વીનર અને સાબરકાંઠા જિલ્લા ગ્રામસેવક મંડળના પ્રમુખ તરીકે પણ નેતૃત્વ કરી રહ્યા ચુક્યા છે.

તેમની શૈક્ષણિક લાયકાત બી.આર.એસ. અને એમ.એસ.ડબલ્યું છે. તેમની નિમણૂક તારીખ ૧ એપ્રિલ ૨૦૨૬ થી અમલી બનશે. સંસ્થાના એમ.ડી. રાજા રુડાચ, ગુજરાત ઝોન ચેરમેન પ્રતાપદાન મેહડુ અને આર.પી. દેવીદાન ગઢવી અભેસિંહ ઝુલા એ વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

# જૂનાગઢમાં ગિરનારી ગ્રુપ દ્વારા પશુ-પક્ષી માટે પીવાના પાણીની કુંડીનું વિતરણ

## મહાવીર સ્વામીની જન્મ જયંતિની અનોખી ઉજવણી

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપ દ્વારા મહાવીર જન્મ જયંતીના પાવન અવસરે આઝાદ ચોક, રેડક્રોસ ખાતે જીવ દયા અને પરોપકારના ભાવ સાથે અનોખી સેવા કરવામાં આવી હતી. આ પ્રસંગે પક્ષીઓ માટે પક્ષીકુંજ, માળા તથા ગૌ માતાઓ સહિતના નિરાધાર પશુઓ માટે પીવાના પાણીની નાની-મોટી કુંડીઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.



ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાના જણાવ્યા મુજબ, આ સેવા પ્રવૃત્તિનો મુખ્ય હેતુ ગિરનારી ગ્રુપ દ્વારા જીવ દયા એ જ શ્રેષ્ઠ સેવાના મંત્ર સાથે સમાજમાં પ્રેરણા ફેલાવવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો છે. ખાસ કરીને ઉનાળાના સમયમાં પક્ષીઓ અને પશુઓને પાણી તથા આશ્રય મળવો અત્યંત જરૂરી હોય છે, ત્યારે આવી પ્રવૃત્તિઓ પક્ષીઓ અને પશુઓ માટે જીવન બચાવનાર સાબિત થાય છે.

આ સેવાકીય પ્રવૃત્તિમાં ગિરનારી ગ્રુપના સભ્યો સમીરભાઈ દવે, કિર્તીભાઈ પોપટ, દિનેશભાઈ રામાણી, નેહલભાઈ પોપટ, હરિભાઈ કારીયા, દિલીપભાઈ દેવાણી, સુધીરભાઈ અઢિયા, દોશીભાઈ, બિપિનભાઈ ઠકરાર, મનીષભાઈ રાજા, વિજયભાઈ દવે, યાત્રિકભાઈ ભટ્ટ, રાજેશભાઈ મણિયાર, પીયૂષભાઈ કાછડીયા, યોગાનંદીબાપુ, રવજીભાઈ રિક્ષાવાળા, લલિતભાઈ ગેરીયા, કારિયાભાઈ સહિતના સેવાભાવી લોકોએ ઉત્સાહભેર જોડાઈ પોતાની અમૂલ્ય સેવાઓ આપી હતી.

# મહાપાલિકાનો સંવેદનશીલ નિર્ણય: પંચાસર રોડના રહેવાસીઓના હિતમાં ડિમોલીશનનો આદેશ પરત ખેંચાયો

## રહેવાસીઓ માટે વૈકલ્પિક આવાસની વ્યવસ્થા કર્યા બાદ ડિમોલીશન કરાશે : કમિશનર સ્વપિનલ ખરેની ખાતરી

**અબતક, મોરબી**

મોરબી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના વિકાસની સાથે માનવીય મૂલ્યોને પ્રાધાન્ય આપતો એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પંચાસર રોડ પર આવેલી ઝૂંપડપટ્ટીના ડિમોલિશન મુદ્દે ઉદ્ભવેલા વિવાદમાં મહાપાલિકાએ નમ્રતા દાખવી છે અને ૧૧૫ પરિવારોના હિતમાં જૂનો આદેશ પરત ખેંચી લીધો છે. ગુજરાત હાઈકોર્ટમાં થયેલી રજૂઆતો બાદ તંત્રએ રહેવાસીઓને સાંભળવાની અને યોગ્ય વ્યવસ્થા કરવાની ખાતરી આપી છે.

મોરબીના પંચાસર રોડ પર ૧૧૫થી વધુ પરિવારો દાયકાઓથી વસવાટ કરી રહ્યા છે. તાજેતરમાં મહાપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા રસ્તો ખુલ્લો કરવા અને દબાણ હટાવવા માટે સાત દિવસની નોટિસ આપવામાં આવી હતી. આ આદેશને પગલે ગરીબ શ્રમિક પરિવારોમાં ભારે ચિંતા પ્રસરી ગઈ હતી, કારણ કે તેમને વૈકલ્પિક રહેઠાણની કોઈ ખાતરી આપવામાં આવી નહોતી. આખરે રહેવાસીઓએ કાયદાકીય માર્ગ અપનાવી ગુજરાત હાઈકોર્ટમાં ધા નાખી હતી.

હાઈકોર્ટમાં રહેવાસીઓ વતી એવી દલીલ કરવામાં આવી હતી કે તેઓ કોઈ 'નવા દબાણકર્તા' નથી.૧૯૭૯માં મચ્છુ ડેમ તૂટ્યો ત્યારે આવેલી મહા હોનારત સમયે પણ સરકાર દ્વારા આ રહેવાસીઓની નોંધ લેવામાં આવી હતી.૨૦૨૦ થી ૨૦૨૩ દરમિયાન જ્યારે પંચાસર રોડને પહોળો કરવાની કામગીરી હાથ ધરાઈ, ત્યારે આ શ્રમિકોએ સામે ચાલીને પોતાના કાચા-પાકા



મકાનોના એ ભાગો તોડી પાડ્યા હતા જે રસ્તામાં નડતા હતા. તેમણે ક્યારેય શહેરના વિકાસમાં અવરોધ ઊભો કર્યો નહોતો.

કેસની સુનાવણી દરમિયાન મોરબી મ્યુનિસિપલ કમિશનરે અત્યંત હકારાત્મક વલણ અપનાવ્યું હતું. તેમણે કોર્ટને જણાવ્યું હતું કે:પાલિકા દ્વારા અગાઉ આપવામાં આવેલી ડિમોલિશનની નોટિસ તાત્કાલિક અસરથી પરત ખેંચવામાં આવે છે.તંત્ર દ્વારા રહેવાસીઓના તમામ દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ કરવામાં આવશે.રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ આવાસ યોજનાઓ (જેવી કે પ્રધાનમંત્રી આવાસ યોજના) હેઠળ આ પરિવારોને વૈકલ્પિક રહેઠાણ ફાળવી શકાય કે કેમ, તે અંગે વિસ્તૃત અભ્યાસ કરી નવો અને ન્યાયી આદેશ આપવામાં આવશે.

મહાપાલિકાના આ નિર્ણયથી પંચાસર રોડના શ્રમિક પરિવારોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. રહેવાસીઓએ તંત્રના આ નિર્ણયને આવકારીને જણાવ્યું હતું કે, ''અમે વિકાસના વિરોધી નથી, માત્ર અમારા બાળકોના માથે છત રહે તેટલી જ અમારી માગ છે.''

મોરબી મહાપાલિકાનો આ નિર્ણય એ સાબિત કરે છે કે વહીવટી તંત્ર માત્ર નિયમોથી જ નહીં, પણ સંવેદનાથી પણ ચાલે છે. જ્યારે વહીવટી તંત્ર અને નાગરિકો વચ્ચે વિશ્વાસનું વાતાવરણ સર્જાય છે, ત્યારે જ શહેરનો સાચો વિકાસ શક્ય બને છે. હવે આગામી દિવસોમાં આ પરિવારોને કાયમી ઘર મળે તેવી આશા પ્રબળ બની છે.

# વાંકાનેરના ભેરડા ગામે ખનન માફીયા સામે પોલીસની કાર્યવાહી

## ગેરકાયદે ખનન અને રોયલ્ટી વગર ખનીજ વહન સામે તવાઈ: રૂ.૧.૭૦ લાખનો મુદામાલ કબ્જે

**અબતક, ઋષી મહેતા**







વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા ખનીજ માફિયાઓ સામે સતત અભિયાન અંતર્ગત વધુ એક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જેમાં તાલુકાના ભેરડા ગામે ગેરકાયદેસર ખનન કરતા તત્વો સામે પોલીસ અને ખાણ ખનીજ વિભાગે સંયુકત કાર્યવાહી કરી કુલ રૂ.૧.૭૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ડમ્પર અને અસ્કેવેટર સહિતના સાધનો કબ્જે લેવાતા, ખનીજ માફિયાઓમાં ભયનો માહોલ ફેલાયો છે.

રાજકોટ રેન્જના આઈ.જી.પી. નિર્લિપ્ત રાયના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ. સારડા, વાંકાનેર પોલીસ ઈન્સ્પેક્ટર બી.વી. પટેલ, પીએસઆઈ ડી.વી. ખાંભલા તથા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા. દરમિયાન ગેરકાયદેસર ખનીજ વહન કરતા અને જરૂરી કાગળો વિના ચાલતા વાહનોને રોકી એમ.વી. એક્ટ કલમ ૨૦૭ મુજબ ડિટેઈન કરવામાં આવ્યા હતા. તપાસ દરમ્યાન જાણવા મળ્યું કે કેટલાક વાહનો રોયલ્ટી પાસ કે પરમિટ વિના ખનીજ વહન કરતા હતા, જેના આધારે ખાણ ખનીજ વિભાગને જાણ કરવામાં આવી હતી. બાદમાં ભેરડા ગામે ગેરકાયદેસર ખનનની ચોક્કસ બાતમી મળતા પોલીસ અને ખાણ ખનીજ વિભાગની ટીમે સ્થળ પર રેઈડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. કાર્યવાહી દરમિયાન કુલ ચાર ડમ્પર જેના રજી.નં. જીજે-૩૬-વી-૯૬૯૫, જીજે-૧૩-એડબલ્યુ-૮૧૪૬, જીજે-૦૩-સીયુ-૦૧૦૦ તથા જીજે-૩૬-એક્સ-૬૦૦૯ અને એક કોમાન્ડ કંપનીનું અસ્કેવેટર મશીન સહિત કુલ રૂ.૧.૭૦ કરોડનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

# રૂ.૪ કરોડના ખર્ચે બનેલો સરદારબાગ શોભાના ગાંઠીયા સમાન

## ફુવારા-લાઈટ બંધ, કોન્ટ્રાકટ અને મહાનગરપાલિકા સામે રોષ

**અબતક, ઋષી મહેતા**



મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના શનાળા રોડ પર અંદાજે રૂ.૪ કરોડના ખર્ચે આધુનિક સુવિધાઓ સાથે વિકસાવવામાં આવેલ 'સરદારબાગ' હાલ તંત્રની ઉદાસીનતા અને કોન્ટ્રાકટરની બેદરકારીને કારણે બદહાલી ભોગવી રહ્યો છે. છેલ્લા એક અઠવાડિયાથી ફુવારા, મ્યુઝિક સિસ્ટમ અને લાઈટો બંધ હોવાથી મુલાકાતીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

બગીચાનું મુખ્ય આકર્ષણ ગણાતો મ્યુઝિકલ ફુવારો છેલ્લા સાત દિવસથી બંધ હાલતમાં છે. સાથે જ મ્યુઝિક સિસ્ટમ પણ કાર્યરત નથી, જેના કારણે સાંજના સમયે ફરવા આવતા લોકોમાં નિરાશા છવાઈ છે.

બગીચાની જાળવણી ખાનગી કોન્ટ્રાક્ટરને સોંપવામાં આવી છે. નિયમ મુજબ તમામ સુવિધાઓ ચાલુ રાખવી અને સમયસર મરામત કરાવવી તેની જવાબદારી છે. તેમ છતાં, કર્મચારીઓ દ્વારા વારંવાર જાણ કરવામાં આવી હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, જે તંત્રની નિષ્ક્રિયતા પર સવાલ ઊભા કરે છે. મહિલાઓ માટે તો શૌચાલયમાં લાઈટ ન હોવું ગંભીર મુદ્દો બન્યો છે. નાગરિકો હવે માંગ કરી રહ્યા છે કે જો કોન્ટ્રાક્ટર પોતાની ફરજ નિભાવવામાં નિષ્ફળ જાય, તો તેનો કરાર રદ કરીને જવાબદારી નક્કી કરવી જોઈએ.

# માળીયા(મી) બંદુક સાથે અસગર મોવર ઝડપાયો

**અબતક, ઋષી મહેતા**

માળીયા(મી) વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન પોલીસે રાયસંગપર રોડ પરથી એક શખ્સને દેશી બનાવટની જામગરી બંદુક સાથે ઝડપી પાડી તેની વિરુદ્ધ હથિયારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.



માળીયા(મી) પોલીસ મથકના પીઆઈના મારદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ દ્વારા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કરવામાં આવતી પેટ્રોલિંગની કામગીરી દરમિયાન મહત્વપૂર્ણ સફળતા મળી છે. જેમાં મળેલી બાતમીના આધારે રાયસંગપર ગામ તરફ જવાના રસ્તા પાસે શંકાસ્પદ હાલતમાં એક ઈસમ મળી આવ્યો હતો. તપાસ કરતા તેના પાસેથી દેશી હાથ બનાવટની જામગરી બંદુક કિ.રૂ.૨,૫૦૦/-મળી આવી હતી, આ સાથે પોલીસે આરોપી અસગરભાઈ રમજાનભાઈ મોવર રહે. કાજરડા ગામ તા. માળીયા(મી) વાળાની અટકાયત કરવામાં આવી હતી. હાલ માળીયા(મી) પોલીસે આરોપી વિરુદ્ધ હથિયારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઉદ્યોગપતિ પર હુમલો કરનાર શખ્સ વિરૂધ્ધ પોલીસવડાને આવેદન અપાયું

## સમાજના આગેવાનો અને ઉદ્યોગકારોએ આવેદન પત્ર આપ્યું: આરોપીને પકડી કડક કાર્યવાહી કરવા માંગ

**અબતક, ઋષી મહેતા**







મોરબી સીરામીક એસોસિએશન સહિત વિવિધ સંગઠનો, ઉદ્યોગકારો અને સમાજના આગેવાનો દ્વારા જીલ્લા પોલીસવડાને આવેદનપત્ર આપી અજય લોરીયાની ક્રાઈમ કુંડળીની તપાસ અને ઉદ્યોગપતિ ઉપર થયેલા હુમલામાં કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. પાટીદાર યુવા સેવા સંઘના મનોજ પનારા સહિતનાઓએ ગંભીર આક્ષેપો લગાવી ત્વરિત પગલાં લેવા અપીલ કરી છે.

મોરબીમાં અજય લોરીયા વિરુદ્ધ વિરોધનો માહોલ ગરમાયો છે. મોરબી સીરામીક એસોસિએશન તથા તેની સાથે જોડાયેલા વિવિધ એસોસિએશનોના પ્રમુખો, વડીલો, ઉદ્યોગકારો તેમજ પાટીદાર સમાજ સહિત અન્ય સમાજના આગેવાનો દ્વારા મોરબી જીલ્લા પોલીસવડાને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આ આવેદનમાં મેટ્રો ગ્રુપના ઉદ્યોગપતિ શેખરભાઈ અને તેમના મિત્ર ઉપર થયેલા જીવલેણ હુમલા મામલે ન્યાય આપવા સાથે અજય લોરીયાની સંપૂર્ણ ક્રાઈમ કુંડળીની તપાસ કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.

આ તકે પાટીદાર યુવા સેવા સંઘના મનોજ પનારાએ કડક શબ્દોમાં આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, અજય લોરીયા અનેક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ છે અને લાંબા સમયથી અસામાજિક તત્વોની ગેંગ ચલાવી રહ્યો છે. તેમણે વધુમાં આરોપ મૂક્યો કે સટ્ટાબાજી, ગેરકાયદેસર ટ્રેડિંગ, જમીન કબજો, હનીટ્રેપ, જુગાર અને અન્ય અનેક પ્રવૃત્તિઓમાં તેનો હાથ છે. મનોજ પનારાના જણાવ્યા મુજબ, અજય લોરીયાની સાથે ૩૫થી ૪૦ લોકોની ટોળકી કાર્યરત હોવાનું પણ કહેવાયું છે અને અનેક ગેરકાયદેસર ધંધાઓમાં તેની ભાગીદારી હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.

હાલ મોરબી જીલ્લા પોલીસવડા દ્વારા ખાતરી આપવામાં આવી કે, તમામ ગેરકાયદેસરની પ્રવૃતિઓની તપાસ કરવામાં આવશે તેમજ અન્ય કોઈ પણ અજય લોરીયાની જાળમાં ફસાયેલા હોય તેઓ નિર્ભયપણે સામે આવે અને અજય લોરીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવે. તમામ કેસની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવશે તેમ પોલીસવડા દ્વારા આશ્વાસન આપવામાં આવ્યું હતું.

# ઘુંટુ ગામે કૂવામાં ઝંપલાવી વૃદ્ધનો આપઘાત

## ચરાડવા ગામે કેનાલમાં ડુબી જતા યુવકનું મોત

**અબતક, ઋષી મહેતા**

મોરબી તાલુકાના ઘુંટુ ગામે ૬૮ વર્ષીય વૃદ્ધે લાંબા સમયથી ચાલી રહેલી બીમારીથી કંટાળી કૂવામાં ઝંપલાવી આત્મહત્યા કરી હોવાનો બનાવ સામે આવ્યો છે.

મોરબી તાલુકાના ઘુંટુ ગામમાં દુઃખદ બનાવ સામે આવ્યો છે, જેમાં ભવાનભાઈ માલાભાઈ રાઠોડ ઉવ.૬૮ નામના વૃદ્ધ છેલ્લા એક વર્ષથી બીમાર હોય જે બીમારીથી કંટાળી તા.૨૯/૦૩/૨૦૨૬ના રોજ બપોરના સમય દરમિયાન પોતાના ઘરેથી નીકળી ગયા હતા અને ત્યારબાદ ગામ પાછળ તળાવના કાંઠે આવેલ ગ્રામ પંચાયતના કૂવામાં ઝંપલાવી દીધું હતું. આ ઘટનાની જાણ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ થઈ, જ્યારે કૂવામાંથી તેમની લાશ મળી આવી હતી. બનાવ અંગે પોલીસ તપાસમાં મૃતકના પુત્ર દેવજીભાઈ ભવાનભાઈ રાઠોડે આપેલ પ્રાથમિક વિગતોને આધારે તાલુકા પોલીસે અ. મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.મોરબીમાં ફાયર કંટ્રોલ રૂમમાં મળેલા બે અલગ અલગ રેસ્ક્યુ કોલના આધારે ફાયર ટીમે ઝડપી કામગીરી કરી બે મૃતદેહોને પાણીમાંથી બહાર કાઢ્યા હતા. જેમાં પ્રથમ બનાવ સવારે સેરાજ મહમદ ઉવ.૨૫ જે બિહારના વૈશાલી જીલ્લાના વતની હતા, જેઓ હળવદના ચરડાવા ગામ નજીક આવેલી કેનાલમાં ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતાં મોરબી અને હળવદ ફાયર ટીમ તરત જ સ્થળ પર પહોંચી હતી અને લગભગ ૨ કલાકની ભારે જહેમત બાદ યુવાનનો મૃતદેહ કેનાલમાંથી બહાર કાઢ્યો હતો.

# હળવદમાં એકતરફી પ્રેમીનો આતંક: યુવતીએ લગ્નની ના પાડતા બદનામની ધમકી

## દુપટો ખેંચી છેડતી કરી, સોશિયલ મીડિયા પર પરસ્પર સમજૂતીના કરારના ખોટા દસ્તાવેજ વાયરલ કર્યા

**અબતક, ઋષિ મહેતા**

હળવદ શહેરમાં એકતરફી પ્રેમમાં પડેલા યુવક દ્વારા યુવતીને લાંબા સમયથી હેરાનગતિ અને ધમકી આપવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. યુવતીએ હળવદ પોલીસ મથકમાં આરોપી વિકાસ પ્રેમજીભાઈ પરમાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, આરોપી અને ભોગ બનનાર યુવતી વચ્ચે ખાનગી નોકરી દરમિયાન અગાઉ ઓળખાણ હતી, તે દરમિયાન વિકાસ પરમાર દ્વારા યુવતી સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ મુક્યો હતો, પરંતુ યુવતીએ લગ્ન કરવા ઈન્કાર કર્યા બાદ એક તરફી પ્રેમી આરોપી વિકાસ દ્વારા વારંવાર ફોન અને વોટ્સએપ મારફતે સંપર્ક કરી દબાણ કરતો હતો. આરોપીએ યુવતીના પરિવારજનોને પણ ફોન કરી ધમકીઓ આપી હતી.

આ દરમિયાન યુવતીએ પરિવારજનોને વાત કરતા આરોપીના સગા અને યુવતીના સગા મળી બન્ને વચ્ચે સમાધાન થયા બાદ પણ આરોપી દ્વારા ફરી હેરાનગતિ શરૂ કરવામાં આવી હતી. આરોપીએ યુવતીના ઘરે જઈ લગ્ન માટે દબાણ કરતો તેમજ યુવતીના પિતાને પણ ધમકી આપતો હતો. આ ઉપરાંત, યુવતી નોકરીએ જતી હતી ત્યારે વિવેકાનંદ સ્કૂલ નજીક આરોપીએ જાહેરમાં તેનો દુપટો ખેંચી છેડતી કરી અને સમાજમાં બદનામ કરવાની ધમકી આપી હતી. એટલું જ નહીં, આરોપીએ પરસ્પર સહ વસવાટના ખોટા કરારની પીડીએફ તૈયાર કરી પરિવારજનોના વોટ્સએપ પર મોકલી અને સોશિયલ મીડિયા પર વાયરલ કરી હતી. ત્યારે સમગ્ર બનાવને લઈને કંટાળી પીડિત યુવતીએ પરિવારજનો સાથે આવી હળવદ પોલીસ મથકમાં આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે ગુનો નોંધી આરોપીની અટકાયત કરવા તજવીજ શરૂ કરી છે.

## હળવદના દીઘડીયા પાસે બે બાઈક વચ્ચે અકસ્માતમાં એકનું મોત, બે ઘાયલ

**અબતક, ઋષિ મહેતા**

હળવદના દીઘડીયા ગામ નજીક બે મોટર સાયકલ સાથે અથડાતા અકસ્માત સર્જ્યો હતો. એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે બન્ને બાઈકને ચાલક ઘાયલ થયા હતા.હળવદ તાલુકાના દીઘડીયા ગામ નજીક ભલગામડા-દીઘડીયા રોડ ઉપર બનેલા અકસ્માતમાં બે મોટરસાયકલ વચ્ચે જોરદાર અથડામણ થઈ હતી. જે અકસ્માત બાબતે હળવદ પોલીસ મથકમાં દીઘડીયા ગામે રહેતા બાબુભાઈ નથુભાઈ કાંજીયા ઉવ.૬૦ની ફરિયાદ મુજબ, ગત તા.૧૫/૦૩ના રોજ ફરિયાદી બાબુભાઈ પોતાના નાનાભાઈ ખોડાભાઈ સાથે બાઈક રજી.નં. જીજે-૦૬-સીક્યુ-૯૨૪૯ ઉપર જતા હતા ત્યારે દીઘડીયા-ભલગામડા રોડ ઉપર સામેથી આવી રહેલ બાઈક રજી.નં. જીજે-૦૩-એફએચ-૯૪૬૦ના ચાલકે પોતાનું બાઈક પૂરઝડપે અને બેદરકારીપૂર્વક હંકારી આવી અકસ્માત સર્જ્યો હતો.

# ગેસના ભાવ વધારાથી ૧૬૧ વોલ ટાઈલ્સના એકમો વધુ એક માસ માટે બંધ

## એસોસિએશનની બેઠકમાં લેવાયેલો નિર્ણય, ગેસનો ભાવ રૂ.૪૧થી વધીને ૯૧ થયો

**અબતક, ઋષી મહેતા,**


મોરબીના સિરામિક ઉદ્યોગ પર ગેસના ભાવમાં થયેલા બમણાથી વધુ વધારાનો ભારે પ્રભાવ પડ્યો છે.

વોલ ટાઈલ્સ એસોસિએશનની બેઠકમાં ૧૬૧ યુનિટો ૧ મે સુધી બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. ગેસના ઊંચા ભાવ, પ્રોપેન-એલપીજી સપ્લાય બંધ અને આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિના કારણે ઉદ્યોગ સંકટમાં મુકાયો છે.

મોરબી વોલ ટાઈલ્સ એસોસિએશનની યોજાયેલી મીટિંગમાં ૧ મે સુધી તમામ ૧૬૧ વોલ ટાઈલ્સ યુનિટોને બંધ રાખવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. એસોસિએશનના પ્રમુખ નરેન્દ્રભાઈ સંઘાતના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં ઉદ્યોગકારોએ ગેસના વધતા ભાવ અને સપ્લાય સમસ્યાઓ અંગે ચિંતાઓ વ્યક્ત કરી હતી. અગાઉ ગેસનો ભાવ રૂ.૪૧.૫૦ હતો, જે વધીને હાલ રૂ.૯૨ સુધી પહોંચ્યો છે,







એટલે કે બમણાથી પણ વધુ વધારો નોંધાયો છે. આટલો ભારે ભાવવધારો ઉદ્યોગકારો માટે અસહ્ય બન્યો છે.

ઉદ્યોગકારોના જણાવ્યા મુજબ, ફેબ્રુઆરી માસમાં આશરે ૨૦ લાખ ક્યુબિક મીટર ગેસનો ઉપયોગ લગભગ ૨૦૦ યુનિટો દ્વારા થતો હતો, જ્યારે અન્ય યુનિટો પ્રોપેન અને એલપીજીનો ઉપયોગ કરતા હતા. હાલ પ્રોપેન અને એલપીજીની સપ્લાય સંપૂર્ણ રીતે બંધ હોવાથી સ્થિતિ વધુ ગંભીર બની છે. હાલમાં માત્ર ૪૦ જેટલા યુનિટો જ ચાલુ છે, જ્યારે બાકીના તમામ યુનિટો બંધ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ઈરાન-અમેરિકા અને ઈઝરાયલ વચ્ચેના તણાવને કારણે ગેસ સપ્લાય પર અસર પડી છે,

જેના કારણે માર્ચ મહિનાથી જ સિરામિક ઉદ્યોગ મુશ્કેલીમાં આવી ગયો હતો. ૧૫ માર્ચ પછીથી મોટાભાગના યુનિટો બંધ કરવાની ફરજ પડી હતી અને હવે એપ્રિલ માસથી ભાવવધારા બાદ સંપૂર્ણ બંધનો નિર્ણય લેવાયો છે.

ઉદ્યોગકારોએ વધુમાં જણાવ્યું હતું કે, ગલ્ફ દેશોમાં આશરે ૨૫ ટકા એક્સપોર્ટ થતો હતો, પરંતુ વધતા ખર્ચને કારણે હવે ચીન સામે સ્પર્ધા કરવી મુશ્કેલ બની છે. જો ગેસના ભાવમાં ઘટાડો થાય અથવા સરકાર દ્વારા વેટમાં રાહત આપવામાં આવે તો જ ઉદ્યોગ ફરીથી શરૂ કરી શકાય તેવી સ્થિતિ સર્જાશે.

# રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે પીએસઆઈ અને પીઆઈની બદલીનો ગંજીફો ચીપ્યો

## ૧૦ પીએસઆઈ, આઠ પીઆઈની આંતરિક બદલી,અન્ય જિલ્લામાંથી બદલી પામીને આવેલા આઠ પોલીસ ઈન્સ્પેક્ટરને નિમણૂકઃ ભાયાવદર પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ તરીકે એ. બી.જાડેજા

**અબતક,રાજકોટ**

રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર દ્વારા પી.એસ.આઇ. અને પીઆઈની બદલીનો ગંજીપો ચીપવામાં આવ્યો છે જેમાં આઠ પી આઈ અને ૧૦ પીએસઆઇ ની આંતરિક બદલી કરવામાં આવી છે જ્યારે અન્ય જિલ્લામાંથી બદલી પામીને આવેલા આઠ પોલીસ ઈન્સ્પેક્ટરને પોસ્ટિંગ આપવામાં આવ્યું છે. વધુ વિગત મુજબ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની આચાર સહિતા આમલી બને તે પૂર્વે બદલી અને બઢતીનો પોલીસ બેડામાં દોર ચાલુ થયો હતો જેમાં રાજ્યના પોલીસ વડા કે એલ એન રાવ દ્વારા ૫૫૦ થી વધુ પોલીસ ઈન્સ્પેક્ટરોની સામૂહિક બદલીના હુકમો કર્યા હતા. જે તમામ રાજકોટ એસ.પી. ઓફિસ હાજર થયા છે. જેને પગલે જિલ્લા



જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર


પોલીસ વડા વિજયસિંહ ગુર્જર દ્વારા સુરેન્દ્રનગરના એચ.જી ગોહિલને ભાડલા, પોરબંદરના એમ.એલ આહીરને જેતપુર તાલુકા, અમદાવાદ ગ્રામ્યના જી.આર ઝાલાને ગોંડલ સીટી એ ડિવિઝન, જુનાગઢ પીટીસીના એમ જે પરમારને મેટોડા જીઆઈડીસી, એચ એમ ધાંધલ ને ઉપલેટા, આઈબીના એન.એસ શુક્લાને એલઆઈબી, સુરત શહેરના વાય એમ ગોહિલને પાટણવાવ અને પોરબંદરના પીડી જાદવને જામકંડોરણા પોલીસ મથકના પી.આઈ તરીકે નિમણૂક આપવામાં આવી છે. જ્યારે જિલ્લાના આઠ પીઆઈની આંતરિક બદલી કરવામાં આવી છે જેમાં ધોરાજી તાલુકાના જે પી ગોસાઈને જસદણ ઉપલેટા ના બી.આર પટેલને ધોરાજી સીટી મેટોડા જીઆઈડીસી ના એસ.એચ શર્મા ને જેતપુર ઉધોગ નગર લોધિકાના યુઆર ડામોર ને કોટડા સાંગાણી પાટણવાવના એમ જી ચૌહાણને પડધરી કોટડા સાંગાણીના આર એમ રાઠોડને આટકોટ અને પડધરીના એસ એન પરમાર ને લોધિકા પોલીસ મથક ખાતે મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૦ psi ની જિલ્લામાં આંતરિક બદલી કરવામાં આવી છે જેમાં શાપરના એબી જાડેજા ને ભાયાવદર જેતપુર ઉદ્યોગ નગરના એલ.ડી મેતાને વિછીયા ના કેબી ગઢવી ને જેતપુર ઉદ્યોગ નગર જેતપુર સીટી ના જેપી મલ્હોત્રા ને ધોરાજી સીટી ધોરાજી સિટીના આર બી બલદાણીયા ને જેતપુર સીટી જસદણના ભડલીઓપી ના એમપી ગોહિલને પડધરીના સરદળ ઓપી માં તરફ દળ ઓપીના વિકે સુરાણીને ગોંડલ સીટી એ ડિવિઝન ગોંડલ સીટી એ ડિવિઝનના એસ.આર પંડ્યા ને શાપર વેરાવળ આટકોટ ના મોટા દડવા ઓપીના એબી કાકડીયાને ધોરાજી સીટી અને લીવ રીઝર્વના બીડી મારુ ને જેતપુર સીટી પોલીસ મથક ખાતે બદલી કરવામાં આવી છે. જ્યારે એ.બી. જાડેજા ને ભાયાવદર પીઆઇ નો વધારાનો ચાર્જ છુપાયો છે

# રાજ્યના વધુ ૧૯ પોલીસ ઈન્સ્પેક્ટરોની બદલી

## રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચના તત્કાલીન પી.આઈ. વાય.બી.જાડેજાની મોરબી ખાતે ટ્રાન્સફર

**અબતક,રાજકોટ**

રાજ્યમાં ૫૫૦થી વધુ પીઆઈની બદલી બાદ ડીજીપી કે એલ એન રાવ દ્વારા વધુ ૧૯ પોલીસ ઈન્સ્પેક્ટરોની ટ્રાન્સફરના હુકમ કરવામાં આવ્યા છે. જેમાં રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ ના તત્કાલીન પીઆઇ વાય બી જાડેજાને મોરબી ખાતે બદલી કરવામાં આવી છે. વધુ વિગત મુજબ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે મોટા પાયે બદલી અને બઢતીનો દોર વચ્ચે વધુ ૧૯ પીઆઈની બદલીના હુકમો કરવામાં આવ્યા છે. જેમાં રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ ના તત્કાલીન પીઆઇ અને હાલ નાગરિક સંરક્ષણ દળમાં ફરજ બજાવતા વાયબી જાડેજા ને મોરબી, જુનાગઢ પીટીસી ના એચ.બી. પટેલ અને કે બી ઝાલા ને વલસાડ ,ડાંગ, ભાવનગરના બી.ડી.જાડેજાને વડોદરા શહેર ,જુનાગઢના આર કે પરમારને છોટાઉદેપુર, ભુજના પીસી સિંગરખીયા ભાવનગર ના સીપી વાઘેલાને અમરેલી, સુરેન્દ્રનગરના બી એચ સિંગરખીયાને જુનાગઢ, દાહોદના ડીએમ ઢોલ, અમદાવાદ



પી.આઈ
વાય બી જાડેજા

ગ્રામ્યના કેસ દવે અને સુરત શહેરના જે એન ગોસ્વામીને સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ, દાહોદના એએમ એમ એમ કામળીયા ને મહેસાણા જામનગરના એએસ રબારીને મહેસાણા વલસાડના કે જે રાઠોડ ને ગાંધીનગર છોટા ઉદેપુરના ડીએસ વાઢેરને અમદાવાદ શહેર સાબરકાંઠાના એસએમ કરંગીયા ને ગાંધીધામ જુનાગઢના પીસી સરવૈયાને સુરત ગ્રામ્ય અમદાવાદ શહેરના એએમ દેસાઈને અમદાવાદ ગ્રામ્ય ડાંગના આર.એસ પટેલને નવસારી ખાતે બદલી કરવામાં આવી છે

### દસાડાના વઘાડા ગામે દારૂના કટીંગ વેળાએ એસએમસી ત્રાટકી

# રૂ.૨૫.૪૫ લાખના વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગર સહિત ચારની ધરપકડ

## સ્થાનિક પોલીસને અંધારામાં રાખી સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડી શરાબ; વાહનો અને મોબાઈલ મળી રૂ. ૬૧.૨૪ લાખનો મુદામાલ કબ્જે કર્યોઃ પાંચની શોધખોળ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે સહિત મુખ્ય માર્ગો પર થી બૂટલેગરો દ્વારા મોટા પ્રમાણમાં ઈંગ્લિશ દારૂની હેરાફેરી અને કટીંગ થતું હોવાની તેમજ બહારના રાજ્યમાંથી દારૂ ઘુસાડવામાં આવતો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. જેને ધ્યાને લઈને ગાંધીનગર સ્ટેટ મોનિટરીંગ સેલ (જખઈ)ની ટીમે દસાડા તાલુકામાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું જેમાં બાતમીના આધારે દસાડાના વઘાડા ગામ પાસેથી ઈંગ્લીશ દારૂના ચાલુ કટીંગ પર રેઈડ કરી ૦૪ શખ્સોને મોટા પ્રમાણમાં ઈંગ્લિશ દારૂના જથ્થા



સાથે ઝડપી લીધો હતા.

જેમાં દસાડાના વઘાડા ગામ પાસે આવેલ વિશ્વકર્મા મંદિર પાસે , ફુલકી ચોકડી નજીકથી ઈંગ્લિશ દારૂનું કટીંગ કરતાં ૦૪ શખ્સો (૧) દેવેન્દ્રસિંહ ઉર્ફે દેવ જીબાનસિંહ સોલંકી (૨) મિનેશ ગાંડાભાઈ સોલંકી (૩) પંકજ રાજેશસિંહ રાજપુત, ત્રણેય રહે. અમદાવાદ અને (૪) પ્રકાશભાઈ જાકાહીભાઈ પરમાર, રહે. થરા, જી. બનાસકાંઠા વાળાને ઈંગ્લિશ દારૂની ૯૮૬૪ બોટલ કિંમત રૂ.૨૫.૪૫ લાખ, ૦૭ મોબાઈલ કિંમત રૂ.૭૬,૦૦૦, બે કાર અને એક ટ્રક કિંમત રૂ.૩૫ લાખ, રોકડ સહિત કૂલ રૂ.૬૧.૨૪ લાખના મુદામાલ સાથે ઝડપી પાડ્યા હતા. જ્યારે રેઈડ દરમિયાન અન્ય ૦૯ શખ્સો (૧) ગણપત ઉર્ફે કિશન રેવાભાઈ પરમાર, રહે.થરા, જી. બનાસકાંઠા (મુખ્ય આરોપી) (૨) ફારુક ઈશાક મેમણ, રહે. વિરમગામ (ઈંગ્લિશ દારૂનો જથ્થો મંગાવનાર) (૩) પંપુભા વાઘેલા, રહે.થરા, જી. બનાસકાંઠા (૪) ટીનાજી ઠાકોર, રહે..થરા, જી. બનાસકાંઠા (૫) ટ્રક ચાલક, માલીક અને ક્લીનર (૬) સ્કોર્પિયો કારનો માલિક (૭) આઈટેન કારનો માલિક હાજર મળી આવ્યા નહોતા. આથી જ્યક્ષ્ર્ઃ પોલીસે ઝડપાયેલ ૦૪ શખ્સો સહિત હાજર મળી નહીં આવેલ ૦૯ શખ્સો સહિત કૂલ ૧૩ શખ્સો સામે પાટડી પોલીસ મથકે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે જખઈ ટીમ દ્વારા મોટા પ્રમાણમાં દસાડા તાલુકામાંથી ઈંગ્લિશ દારૂનું કટીંગ ઝડપી પાડતા સ્થાનિક પોલીસની બેદરકારી સામે આવી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે અને આ મામલે આગામી દિવસોમાં ઉચ્ચ કક્ષાએથી નવા જૂની થવાના એંધાણ પણ વર્તાઈ રહ્યા છે.

# શાપરના ગંગા ગેટ નજીકથી બિહારી શખ્સ પિસ્ટલ સાથે ઝડપાયો

## એકાદ વર્ષ પૂર્વે પ્રયાગરાજથી ખરીદી કર્યાની અને સીનસપાટા માટે સાથે રાખ્યાનું રટણ

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલા શાપરના ગંગા ગેટ મફતીયાપરા પાસેથી પોલીસે હાલ શાપરમાં રહેતા મૂળ બિહારના વતની શખસને દેશી બનાવટની પિસ્તોલ સાથે ઝડપી લીધો હતો. પોલીસે આ શખસની પૂછતાછ કરતા એક વર્ષ પૂર્વે તે પ્રયાગરાજ ગયો હતો. ત્યારે અહીંથી હથિયાર લાવ્યાની અને સીનસપાટા કરવા સાથે રાખતા હોવાની કબુલાત આપી હતી.



તસ્વીરઃ સલીમ પતાણી

જાણવા મળતી વિગતો મુજબ, શાપર વેરાવળ પોલીસ મથકના પી.આઈ.આર.બી રાણાની રાહબરી હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એએસઆઈ ડી.આર. સરવૈયા અને કોન્સ્ટેબલ રાજદીપસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે હાલ શાપરમાં ઢોલરા રોડ પર આશ્રમ હોમ સોસાયટીમાં રહેતા મૂળ બિહારના વતની શખદસ સુમિત સુગ્રીવભાઈ સિંગ (ઉ.વ.૨૨) ને શંકાસ્પદ હાલતમાં ઝડપી લીધો હતો. પોલીસે આ શખસની અંગ ઝડતી લેતા તેની પાસેથી દેશી બનાવટની પિસ્ટલ મળી આવી હતી. જેથી પોલીસે રૂ. ૧૦,૦૦૦ ની કિંમતનું આ હથિયાર કબજે કરી આ શખસ વિરુદ્ધ આર્મ્સ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

હથિયાર સાથે ઝડપાયેલા સુમિતની પૂછતાછ કરતા તે અહીં શાપરમાં મજૂરીકામ કરતો હોવાનું જણાવ્યું હતું. એકાદ વર્ષ પૂર્વે તે પ્રયાગરાજ ગયો હતો ત્યારે અહીં રેલ્વે સ્ટેશન પાસે એક પાસેથી આ હથિયાર ખરીદ્યું હોવાની કબુલાત આપી હતી. રોફ જમાવવા માટે હથિયાર સાથે રાખ્યાનું રટણ કર્યું હતું. આ કામગીરીમાં શાપર પોલીસ મથકના પીઆઈ આર.બી. રાણા, એએસઆઈ ડી.આર. સરવૈયા, હેડ કોન્સ્ટેબલ દિનેશભાઈ ખાટરીયા, જગદીશભાઈ ઝાલા, કોન્સ્ટેબલ અલ્પેશભાઈ, લગધીરસિંહ, વિમલભાઈ, રાજદીપસિંહ અને મનસુખભાઈ સાથે રહ્યા હતા.

# થાનના સોનગઢ ગામની સીમમાં દીપડાએ વાછરડાનું કર્યુ મારણ

## વન વિભાગની ટીમ દ્વારા આંતક મચાવનાર દીપડાને પાંજરે પુરવા માંગ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

થાન તાલુકામાં અવારનવાર હિંસક પશુઓ વન વિસ્તારમાંથી આવી ચડવાના બનાવો વધી રહ્યા છે ત્યારે થાન તાલુકાના અલગ અલગ ગામોમાં છેલ્લા એક મહિનાથી દીપડાએ દેખા દેતા પશુપાલકો સહિત ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે. ત્યારે દીપડા દ્વારા સવારના અરસામાં વધુ બે પશુઓ પર હુમલો કર્યો હતો જેમાં એક પશુનું મોત નિપજ્યું હતું.આ અંગે મળતી માહિતી મુજબ થાન તાલુકાના સોનગઢ ગામની સીમમાં દીપડાએ વહેલી સવારે બે વાછરડા પર હુમલો કરતા એક વાછરડાનું મોત નિપજ્યું હતું જ્યારે અન્ય એક વાછરડાને ગંભીર ઈજાઓ પહોચતા સ્થાનિક પશુ ડોકટરને જાણ કરી સારવાર શરૂ કરી હતી. આ અંગેની જાણ થતા જ ગ્રામજનો અને આગેવાનો સ્થળ પર આવી પહોંચ્યા હતા અને તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી. પરંતુ વન વિભાગના અધિકારીઓ દ્વારા સાંજ સુધીમાં સ્થળ પર મુલાકાત લેશે તેમ જણાવ્યું હોવાનો ગ્રામજનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે અને આ મામલે તંત્ર સામે રોષ પણ જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છેકે થાન તાલુકામાં દીપડા દ્વારા અંદાજે ૧૦ થી વધુ પશુઓનું મારણ કરવામાં આવ્યું છે તેમ છતાંય હજુ સુધી વન વિભાગની ટીમ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી જેને લઈને પશુપાલકોમાં ભય સાથે ચિંતા જોવા મળી રહી છે. ત્યારે વન વિભાગ દ્વારા તાત્કાલિક પાંજરુ ગોઠવી દીપડાને પકડી અન્ય જગ્યાએ ખસેડવામા આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# લીંબડી પાસે બાઈક અને કાર વચ્ચે અકસ્માતઃ બે ઘવાયા

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં અકસ્માતના બનાવો વધી રહ્યા છે. જેમાં ખાસ કરીને અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર સૌથી વધુ અકસ્માત સર્જાય છે ત્યારે લીંબડી-રાજકોટ હાઈવે પર હોટલ પાસે બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં બે વ્યક્તિને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.આ અંગે મળતી માહિતી મુજબ લીંબડી-રાજકોટ નેશનલ હાઈવે પર સર્કિટ હાઉસ પાસે આવેલ હોટલ નજીક જઈ રહેલ કાર પાછળ ધડાકાભેર બાઈક અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ૦૨ વ્યક્તિને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જે પૈકી એક વ્યક્તિને વધુ ઈજાઓ પહોંચી હોવાથી સારવાર અર્થે સુરેન્દ્રનગર હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યો હતો. આ અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા અને પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી.

# મેટોડામાં પ્રોઢ પર બે શખ્સો દ્વારા લાકડી વડે હુમલો

## પ્રોઢને માર મારતા સારવાર અર્થે સિવિલ ખસેડાયા

**અબતક રાજકોટ**

મેટોડા જીઆઈડીસી ગેટ નંબર ૧ પાસે ગઈકાલે રાત્રે પ્રોઢ પર બે શખ્સો સહિતના ટોળાએ હુમલો કરી લાકડી વડે બેફામ માર મારતા ચકચાર મચી ગઈ છે. ઘાયલ પ્રોઢને ઈજાગ્રસ્ત હાલતમાં તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મેટોડા જીઆઈડીસી ગેટ નંબર એક પાસે રહેતા જ્ઞાન બહાદુર રાય(ઉં ૫૦) ગઈકાલે રાત્રે ૯:૩૦ વાગ્યાની આસપાસ વિસ્તારમાં આવેલ મેટલ કાસ્ટ પાસે હતા ત્યારે તે સમયે રાજુ અને રથુલ નામના શખ્સો સહિતના લોકો ત્યાં ધસી આવ્યા હતા, અને કોઈ અગમ્ય કારણોસર આ શખ્સોએ જ્ઞાનભાઈ સાથે ઉગ્ર બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો, જોતજોતામાં મામલો બિચક્યો હતો અને સામેવાળા શખ્સોએ જ્ઞાનભાઈને લાકડી વડે માર માર્યો હતો, જેમાં જ્ઞાનભાઈને માથે શરીરે ઈજાઓ થતા તેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ બનાવ અંગે મેટોડા પોલીસેને જાણ કરવામાં આવતા પોલીસે હોસ્પિટલ પહોચી નોંધ કરી છે. હાલ હુમલો કયા કારણોસર કરવામાં આવ્યું છે તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સુંદરપુરીમાં ઓરડીમાંથી રૂ.૨.૬૧ લાખનો શરાબ પકડાયો

## ૯૫૧ બોટલ દારૂ કબ્જે કર્યોઃ બે ભાઈની શોધખોળ

**અબતક, ભારતીમાખીજાણી, ગાંધીધામ**

સરહદી રેન્જ આઈજી ચિરાગ કોરડિયા અને પૂર્વ કચ્છ એસપી સાગર બાગમારની સૂચના હેઠળ જિલ્લામાં દારૂ-જુગારની બદી ડામવા પોલીસ એક્શનમાં છે. જે અંતર્ગત ગાંધીધામ 'એ' ડિવિઝન પોલીસના ઈન્ચાર્જ પીઆઈ એસ.વી. ગોજીયાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફે જૂની સુંદરપુરીમાં સફળ ઓપરેશન પાર પાડયું હતું. બાતમીના આધારે ગણેશ મંદિર પાસે રહેતા ગોવિંદ કેશાભાઈ માતંગ અને પ્રેમજી ઉર્ફે પ્રેમલો કેશાભાઈ માતંગની ઓરડીમાં દરોડો પાડતા વેચાણ અર્થે રાખેલો વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૧૮૦ એમ.એલ.ના ૯૫૧ નંગ ક્વાટરિયા કબજે કર્યા છે, જેની કિંમત ₹૨,૬૧,૫૨૫ આંકવામાં આવી છે. રેઈડ દરમિયાન હાજર ન મળી આવેલા બંને શખ્સો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી તેમની શોધખોળ તેજ કરી છે.

આ સફળ કામગીરી ગાંધીધામ એ ડીવીઝન પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર એસ.વી.ગોજીયા તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામા આવેલ છે.

# ખારીરોહરના માથાભારે શખ્સને કચ્છ સહિત પાડોશી જિલ્લામાંથી તડીપાર કર્યો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છ પોલીસ દ્વારા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગાંધીધામ 'બી' ડિવિઝન પોલીસે વારંવાર મિલકત સંબંધી ગુનાઓ આચરતા ખારીરોહર ગામના માથાભારે ઈસમ ઈસ્માઈલ ઉર્ફે બાડો ઈશાક સોતાને તડીપાર કર્યો છે. સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ-અંજાર દ્વારા આ દરખાસ્ત મંજૂર કરાતા, આરોપીને કચ્છ સહિત મોરબી, સુરેન્દ્રનગર અને પાટણ જિલ્લાની હદમાંથી હદપાર કરવાનો હુકમ કરાયો છે. પીઆઈ એસ.વી. ગોજીયાની ટીમે આ માથાભારે ઈસમને હસ્તગત કરી તડીપારની બજવણી કરી છે

# ગોંડલમાં ભત્રીજાની કાકા સાથે કળા : પ્લોટ બારોબાર વેંચી ૧૨ લાખ ચાઉં કરી ગયો

## ભાગીદાર ભત્રીજાએ લંબા સમયથી પેઢીનો હિસાબ આપવાનું પણ બંધ કરી દીધું'તું : વૃદ્ધએ કાનુની નોટિસ મોકલતા પ્લોટ વેચી નાખ્યાની જાણ થઈ

**અબતક , રાજકોટ**

ગોંડલમાં ગોલ્ડન પાર્કમાં આવેલો પ્લોટ ભાગીદાર એવા ભત્રીજાએ જાણ બહાર બારોબાર વેચી નાખતા વૃદ્ધએ આ અંગે ગોંડલ સિટી બી ડિવિઝનમાં ફરિયાદ નોંધાવી છે. જેમા જણાવ્યું છે કે, પ્લોટ વેચી રૂ.૧૨ લાખ ભત્રીજો ઓળવી ગયો હતો.

ગોંડલમાં સ્ટેશન પ્લોટ ૧૭ હેમુવાડી સામે શુભમ હોસ્પિટલની બાજુમાં રહેતા વિનોદરાય ઓત્તમચંદ શેઠ (ઉ.વ.૮૭) દ્વારા ગોંડલ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં ગોંડલમાં જ રહેતા પોતાના ભત્રીજા સમીર જયવંતભાઈ શેઠનું નામ આપ્યું છે. વૃદ્ધએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના પિતાએ ગોંડલમાં ભોજરાજપરામાં લાતી પ્લોટ રોડ ખાતે અશોક પૌવા નામની ફેક્ટરી વર્ષ ૧૯૫૬થી શરૂ કરી હતી. જેમાં વર્ષ ૧૯૬૩માં ફરિયાદી ૫૦ ટકાના ભાગીદાર તથા તેમના નાનાભાઈ જયવંતભાઈ ૨૫ ટકાના ભાગીદાર અને ભત્રીજો સમીર ૨૫ ટકામાં ભાગીદાર છે.

છેલ્લા ઘણા સમયથી ભત્રીજો સમીર જે આ પેઢીનું સંચાલન તેમજ હિસાબ કીતાબ રાખે છે. તે છેલ્લા પાંચેક વર્ષથી પેઢીના હિસાબ કિતાબ આપતો નથી નફો નુકસાન તેમજ મૂડી કેટલી છે તે બાબતમાં કોઈ લેખિત હિસાબ આપતો નથી અને આ પેઢી છેલ્લા બે વર્ષથી બંધ હાલતમાં છે. બીજી પેઢી કેતન ઈન્ડસ્ટ્રીઝ જેમાં ફરિયાદી ૨૫ ટકાના ભાગીદાર તેમજ તેમના ભાઈ ૨૫ ટકા અને ભત્રીજો ૨૫ ટકા તથા કેતનભાઈ શેઠ ૨૫ ટકાના ભાગીદાર છે જે પેઢી પણ ૨૦૧૯-૨૦ થી બંધ કરી દેવામાં આવી છે તે પેઢીનો હિસાબ પણ મળતો નથી. ફરિયાદીના સંયુકત માલિકીની મિલકતો જેમ કે સ્ટેશન પ્લોટ વિસ્તારમાં આવેલ મકાન તેમજ ગુંદાળા રોડ પર ગોલ્ડન પાર્કમાં આવેલ પ્લોટ ઊંમવાડા રોડ પર અંબિકાનગરમાં આવેલ પ્લોટ તથા મુંબઈમાં બાંદ્રા નૂતનનગર ખાતેના ફ્લેટ વગેરે ભાગીદારી પેઢીમાંથી ખરીદ કર્યા છે. તેમજ અમુક મિલકત વડીલોપાર્જિત છે. જે મિલકતમાં ભાગ હિસ્સો આપ્યો નથી. જેથી ફરિયાદીએ રજીસ્ટર એડીથી તેમના ભાગીદારોને વર્ષ ૨૦૨૫ માં નોટિસ મોકેલી હતી.દરમિયાન જાણ થઈ હતી કે ગુંદાળા રોડ પર ગોલ્ડન પાર્કમાં જે પ્લોટ આવેલો છે જે અંદાજે ૨૦૧૨-૧૩ માં ખરીદ્યો હતો. જે પ્લોટ વર્ષ ૨૦૧૮-૧૯ માં ફરિયાદીના ભત્રીજા સમીર શેઠે તેમને જાણ કર્યા વગર બારોબાર વેચી નાખ્યો છે અને તેમાંથી આવેલા રૂપિયા ૧૨ લાખ આજદિન સુધી ફરિયાદીને ન આપી ઓળવી ગયો હોય જેથી ફરિયાદીએ ભાગીદાર એવા પોતાના સગા ભત્રીજા વિરુદ્ધ આ ફરિયાદ નોંધાવી છે.

# ધોરાજીના ઓટો બ્રોકર સાથે કારના સોદામાં સુરતી શખ્સે પોણા પાંચ લાખની ઠગાઈ આચરી

## કારનો સોદો કરી નાણાં મેળવી લીધા પણ એનઓસી ન આપીઃ તપાસ કરતા બે વર્ષથી લોનના હપ્તા જ નહિ ભર્યાનુ ખુલ્યું, ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ધોરાજીના ઓટોબ્રોકર સાથે સુરતમાં રહેતા શખસે રૂ. ૪.૭૫ લાખની છેતરપિંડી કર્યા અંગે ફરિયાદ નોંધાવવામાં આવી છે. કારનો સોદો નક્કી કર્યા બાદ તેની રકમ મેળવી લઈ લોનની ભરપાઈ ન કરી છેતરપિંડી આચરવામાં આવી હતી.

ધોરાજીમાં ફૂલવાડી રોડ પર નગીના મસ્જિદ પાસે રહેતા અને કાર લે વેચનો વ્યવસાય કરનાર ખુરશીદભાઈ ઈમ્તિયાઝ ભાઈ પોઠીયાવાલા(ઉ.વ.૩૨) નામના યુવાને ધોરાજી સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ઓમકાર રેસીડેન્સી પાલનપુર સુરત ખાતે રહેતા મનોજ ભંવરલાલ પ્રજાપતિનું નામ આપ્યું છે.

ખુરશીદભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૭/૧૧ ના તેના મોટાભાઈ તારીકભાઈએ વાત કરી હતી કે, મારા મિત્ર મનોજભાઈ ધોરાજી સરદાર ચોક ખાતે ઉભા છે તેની ફોર્ડ કંપનીની ઈકોસ્પોર્ટ કાર છે જે તારે લેવી હોય તો તું સરદાર ચોક જા જેથી યુવાન સરદાર ચોક ગયો હતો. જ્યાં આરોપી મનોજ ઈકોસ્પોર્ટ કાર લઈને ઊભો હોય ફરિયાદી તેને મળ્યા બાદ કાર બાબતે વાતચીત કરી હતી અને તા. ૨૧/૧૧/ ૨૦૨૫ ના તેણે સુરત આવવા કહ્યું હતું જેથી ફરિયાદી સુરત ગયા હતા. અહીં આ ઈકો સ્પોર્ટ કાર નંબર જીજે ૧૯ એ.એમ ૨૩૪૫ નો સોદો રૂપિયા ૪.૭૫ લાખમાં નક્કી કરી કાર ખરીદી હતી. જે પૈકી તા. ૨૫/ ૧૧ના નોટરી સોગંદનામુ કરાવી ત્રણ લાખ રોકડા આપી દીધા હતા અને બાકીના ૧.૭૫ લાખ કારની લોન ૧૫ દિવસમાં કિલયર કરી એનઓસી આવ્યે આપવાનો વેચાણ કરાર કરાવ્યું હતું.

ત્યારબાદ ૧૦ દિવસ પછી આરોપીએ લોન કિલયર કરાવામાં થોડા પૈસા ઘટતા હોવાનું કહી રૂપિયા ૧.૦૫ લાખ ગૂગલ પે મારફત ફરિયાદી પાસેથી મેળવી લીધા હતા. ત્યારબાદ બે દિવસ પછી ફોન આવ્યો હતો કે લોન ભરપાઈ થઈ ગઈ છે એનઓસી પાંચ સાત દિવસમાં તમારા ઘરના સરનામે મોકલી આપીશું તેવું કહી બાકીના રૂપિયા ૭૦,૦૦૦ પણ આપવાનું કહેતા ફરિયાદી એ ગુગલ પે મારફત પૈસા ટ્રાન્સફર કર્યા હતા. પરંતુ ત્યારબાદ નિયત સમયે એનઓસી ન આવતા ફરિયાદીએ આ બાબતે આરોપી મનોજભાઈને પૂછતા તેઓ બહાના બતાવવા લાગ્યા હતા. જેથી ફરિયાદીએ પિરામલ કેપિટલ ફાઈનાન્સમાં તપાસ કરતા આરોપી મનોજે બે વર્ષથી કારનો એક પણ હપ્તો ભર્યો ન હોય અને કંપનીએ કાર જપ્તી માટે કાર્યવાહી શરૂ કરી છે. જેથી આ બાબતે મનોજને પૂછતા તેણે કહ્યું હતું કે, પૈસા ભરાઈ જશે તમે ટેન્શન ન લો. હમણાં પ્લોટ ખરીદ્યો છે તેમાં પૈસા રોકાઈ ગયા છે હું તમને એક અઠવાડિયામાં લોન કિલયર કરાવી આપીશ. ત્યારબાદ પણ એનઓસીના આપતા અંતે ફરિયાદીએ પૂછતા કહ્યું હતું કે ફાઈનાન્સવાળા ભલે કાર લઈ જાય મને મારા પૈસા મળી ગયા છે થાય તે કરી લો. તેમ કહેતા અંતે ફરિયાદીએ પોતાની સાથે થયેલી રૂપિયા ૪.૭૫ લાખની છેતરપિંડી અંગે ધોરાજી સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# ગાંધીના પોરબંદરમાં પરમીટધારકોને કાયદેસરનો દારૂ હવે ઘરબેઠા મળશે

## વાઈનશોપને મંજુરી મળી, પોરબંદરમાં મહિલા સહિત ૧૪૦૦થી વધુ લોકો પાસે લીકર પરમીટ છે

**અબતક, પૂજા થાનકી પોરબંદર**

ગાંધીજીની જન્મભૂમિ પોરબંદર ખાતે વાઈન શોપને મંજુરી મળી છે. આ સાથે પોરબંદરમાં પરમીટ ધારકોને કાયદેસરનો દારૂ હવે ઘરબેઠા મળશે.પોરબંદરમાં મહિલા સહિત ૧૪૦૦થી વધુ લોકો પાસે પરમીટ છે. પોરબંદરમાં ડિફેન્સના લીકરશોપ હતી જેમાં સામાન્ય પરમીટ ધારકોને લીકર મળતો ન્હોતો હવે લીકર શોપને મંજુરી મળતા પરમીટ ધારકોને રાજકોટ, જૂનાગઢ, સોમનાથ સુધી જવુ પડતુ હતું પરંતુ હવે આ પરમીટ ધારકોને પોરબંદરમાં જ દારૂ મળી રહેશે.

મળતી માહિતી મુજબ પોરબંદરમાં હોટલ લોર્ડસને પરમીટની મંજુરી મળી છે જેના માલિકનું નામ વિક્રમભાઈ ઓડેદરા છે. પોરબંદર શહેર એવુ છે કે, જ્યાં વિદેશથી ફરવા માટે લોકો મોટી સંખ્યામાં આવે છે. જ્યારેબીજી તરફ અંહીના લોકો અમેરિકા, દુબઈ, લંડન અને ઈઝરાયલ જેવા દેશોમાં વસવાટ કરે છે. તેઓ પોતાના વતનમાં વર્ષે ફરવા તેમજ વેકેશન ગાળવા માટે આવતા હોય છે. અત્યાર સુધી પોરબંદરમાં વાઈનશોપ નહીં હોવાથી પરમીટ ધારકોને હેરાન થવું પડતુ હતું.

તેમજ આર્થિક ખર્ચ પણ વધારે આવતો હતો. તેઓ માટે આ રાહતના સમાચાર છે જ્યારેબીજી તરફ ગાંધીવાદી વિચારસરણી ધરાવતા લોકોએ આ નિર્ણયને લઈને નારાજગી પણ વ્યક્ત કરી છે. આમ આ નિર્ણયને લઈને મત-મતાંર જોવા મળી રહ્યા છે.

નોંધનીય છે કે, ગાંધીના ગુજરાતમાં દારૂબંધી છે આમ છતાં રાજ્યના છેવાડાના અને આર્થિક તેમજ વિકાસની દ્રષ્ટિએ પછાત ગણાતા ગામડામાં વિસ્તારમાં દારૂ સહેલાઈથી પહોંચી જાય છે અને મળી રહે છે. જ્યારે ગુજરાત સિવાયના અન્ય રાજ્યોમાં દારૂ જ્યાં વાઈનશોપ, લીકર શોપમાં મળે છે અને ત્યાં દારૂ પીવાય છે ત્યાં અનેક સામાજિક દુષણો જોવા મળે છે. જ્યારે ગુજરાતમાં આર્થિક વિકાસ જોવા મળી રહ્યો છે. નોંધનીય છે કે, ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીએ દારૂને લઈને પોતાનું નિવેદન આપ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં દારૂ પર પ્રતિબંધનો કાયદો સંપૂર્ણપણે અમલી થાય તેવો વ્યવહારૂ નથી. તો કાગળ પરનો આ કાયદો દૂર કરવો જોઈએ. આમ હવે ગાંધીજીની જન્મભૂમિ પોરબંદરમાં વિદેશથી આવતા સહેલાણીઓ અને પરમિટધારકોને દારૂ લેવા માટે દૂર નહીં જવું પડે.

# દરેડમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા બે ઝડપાયા

**અબતક, જામનગર**

જામનગર શહેરમાં આઈપીએલ મેચ દરમિયાન મોબાઈલ ફોન ની આઈડી મારફતે જુગાર રમવાની પ્રવૃત્તિ સામે પંચ બી. ડિવિઝન પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. દરેડ વિસ્તારમાં કરાયેલી બે અલગ-અલગ રેઈડમાં પોલીસ દ્વારા બે વ્યક્તિઓને ઝડપી પાડવામાં સફળતા મળી છે.

પોલીસની માહિતી મુજબ તા. ૦૧ એપ્રિલના રોજ રાત્રિના સમયે દરેડ મસીતીયા રોડ પર આલ્ફા સ્કૂલ નજીક જાહેરમાં રેઈડ કરવામાં આવી હતી. જેમાં ફૈયાઝ લિયાકતઅલી સલમાની (ઉ.વ. ૨૯) પોતાના મોબાઈલમાં ઓનલાઈન સાઈટ મારફતે આઈપીએલની લખનૌ સુપર જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચેની મેચ પર હારજીતના સોદા કરતા ઝડપાયો હતો. પોલીસે તેની પાસેથી મોબાઈલ સહિત રૂ. ૩,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.આ ઉપરાંત બીજી રેઈડ દરેડ વિસ્તારના શાંતિનગર ખાતે કરવામાં આવી હતી. જેમાં નદીમ મહોમદહનીફ સિદ્દીકી (ઉ.વ. ૩૪) પણ મોબાઈલ દ્વારા આ જ મેચ પર સટ્ટો રમતા ઝડપાયો હતો. પોલીસે તેની પાસેથી મોબાઈલ સહિત રૂ. ૨૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.બંને બનાવોમાં પંચ બી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનાઓ નોંધવામાં આવ્યા છે અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઉપલેટાના એન્જિનિયરિંગના છાત્ર પર મિત્રનો લોખંડના પંચ વડે હુમલો

## સિગરેટ પીવા બાબતની હુમલાખોરના પિતાને યુવાનના પિતાએ જાણ કરી દીધાનો ખાર રાખી માર માર્યો

**અબતક, રાજકોટ**

ઉપલેટામાં રહેતા એન્જીનીયરીંગના છાત્રને મિત્રએ જ માર માર્યાનો બનાવ સામે આવ્યો છે. સિગરેટ પીવા અંગે સગીરના પિતાએ મિત્રના પિતાને જાણ કરી દીધાનો ખાર રાખી લોખંડના પંચ વડે વિદ્યાર્થીને માર મારનાર શખ્સ વિરુદ્ધ ઉપલેટા પોલિસ મથકે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે ઉપલેટા બસ સ્ટેન્ડ સામે વણકરવાસ શેરી નં.-૧ માં રહેતા ૧૭ વર્ષીય સગીર વિદ્યાર્થી ભાર્ગવભાઈ ઉર્ફે ભોલુ કનૈયાલાલ સોલંકીએ આરોપી તરીકે હિમેશ સોલંકીનું નામ આપતાં જણાવ્યું હતું કે, તે જુનાગઢ નોબલ યુનિવર્સિટી ખાતે સિવિલ એન્જીનિયરીંગ સેમેસ્ટર-૨ માં અભ્યાસ કરે છે અને રોજ યુનિવર્સિટીની બસમાં ઉપલેટાથી જુનાગઢ ખાતે અપ-ડાઉન કરે છે.

વિદ્યાર્થીએ જણાવ્યુ હતું કે, એકાદ મહિના પહેલાં મારા પિતા મારા મિત્ર હિમેશ કરણભાઈ સોલંકીને સિગરેટ પીતાં જોઇ ગયેલ હતા. જેથી મારા પિતાએ હિમેશના પિતાને તે બાબતે જાણ કરેલ હતી. જેથી હિમેશએ ખાર રાખી મને કહેલ કે, તારા પિતાએ મારા પિતાને હું સિગરેટ પીવ છું તેવી ફરીયાદ કરેલ છે. જેથી તું તારા પિતાને સમજાવી દેજે નહિંતર હું તને હેરાન કરી નાંખીશ. ત્યારબાદથી મેં હિમેશ સોલંકી સાથેના તમામ સંબંધો કાપી નાંખેલ હતા.

બાદ તા.૦૧/૦૪/૨૦૨૬ ના સાંજના આશરે સાડા સાત વાગ્યે મારા મિત્ર યુગ મનિષભાઈ કાછેલાનો ફોન આવેલ કે, મારી સાથે ગામમાં બેસવા માટે આવ, હું તને તેડી જાવ છું. જેથી હું મારા મિત્ર યુગની સાથે તેની બાઈકમાં બેસી પોરબંદર બાયપાસ ગયેલ હતો. હું જેવો ગાડીમાંથી ઉતરેલ તે દરમિયાન આઠથી દસ મારા અગાઉના મિત્ર હિમેશ સોલંકી, સોહમ સોલંકી, મિરાજ મકવાણા તથા ઋષિ જાવીયા તેમજ અન્ય જેમના નામ મને યાદ નથી પરંતુ હું જોયેથી તમામને ઓળખું છું તે તમામ બાઈક લઈને આવેલ હતા. તેમાંથી હિમેશ સોલંકીએ મારી પાસે આવી પોતાના હાથમાં પહેરેલ ખીલાવાળા પંચથી જમણી આંખના નીચેના ભાગે મુક્કો મારેલ હતો. જેથી આંખની નીચે તથા નેણના ભાગે ઈજા થતાં લોહી નીકળવા લાગેલ હતું. તેમજ ડાબા હાથમાં પંચથી માર મારતા હાથમાં ઉજરડા થયેલ હતા. બાદ ગાળો ભાંડી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હતી. બાદ ત્યાં હાજર બીજા મિત્રોએ મને વધુ મારમાંથી બચાવેલ હતો. જે મામલે વિદ્યાર્થીની ફરીયાદ પરથી ગુનો નોંધી હિમેશ સોલંકી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી આદરી હતી.

# સુરતમાં આજથી પ્લાસ્ટિક એક્ઝિબિશનનો પ્રારંભ: ધોરાજીના ઉદ્યોગપતિઓ મુલાકાતે જવા રવાના

## રાજ્ય કક્ષાના એક્ઝિબિશનમાં ધોરાજી પ્લાસ્ટિક ઉદ્યોગ અંગે ઉદ્યોગપતિઓ પોતે જ કરશે માર્કેટિંગ




**અબતક,રમણીક ટોપીયા ધોરાજી**

સુરતમાં આજે તા,૨એપ્રિલથી શરૂ થયેલા ચાર દિવસીય પ્લાસ્ટિક એક્ઝિબિશન શો માં દેશ વિદેશના પ્લાસ્ટિક ઉદ્યોગ અને નવી ટેકનોલોજી, અને રિસાયકલિંગની સરકારની પોલીસી નું માર્ગદર્શન મળશે. ચાર દિવસીય એક્ઝિબિશન માટે ધોરાજી પ્લાસ્ટિક ઉદ્યોગના ૩૫ઉદ્યોગપતિઓ સુરત પ્લાસ્ટિક શો માં સામેલ થવા માટે રવાના થયા હતા ધોરાજીના આ ઉદ્યોગપતિઓ સુરતમાં વિશાલ ડોમમાં આયોજિત પ્રદર્શનમાં અને દરેક મુલાકાતિને ધોરાજીમાં બનતી અલગ અલગ પ્લાસ્ટિક પ્રોડક્ટ વિશે માર્કેટિંગ અને જાણકારી આપશે, ધોરાજી પ્લાસ્ટિક એસોસિએશનના પ્રમુખ દલસુખભાઈ વાગડિયા ની ટીમ સુરતના એક્ઝિબિશનમાં ધોરાજીના પ્લાસ્ટિક ઉદ્યોગ નું માર્કેટિંગ કરશે.

# જેતપુર પાલિકાના સફાઈ સુપરવાઈઝરના બે બાઈકમાં કાંડી ચાંપી દેનાર બેલડી ઝબ્બે

## આરોપીએ પ્રેમલગ્ન કર્યા હોય યુવતીના પરિવારને ફરિયાદી ઉશ્કેરતા હોવાની શંકા રાખી આગ લગાવ્યાનું રટણ

**અબતક, રાજકોટ**

જેતપુરમાં કણકીયા પ્લોટમાં ૧૯ દિવસ પૂર્વે રાત્રીના સમયે નગરપાલિકાના સફાઈ સુપરવાઈઝરના બે બાઈકને આગ ચાપી દેવામાં આવી હતી. જે અંગે જેતપુર સિટી પોલીસે તપાસ હાથ ધરી બે શખસોને ઝડપી લીધા હતા. ઝડપાયેલા શખસો પૈકી એક આરોપીએ પ્રેમલગ્ન કર્યા હોય અને ફરિયાદી યુવતીના સંબંધિ થતા હોય તે આરોપી વિરુદ્ધ ઉશ્કેરણી કરતા હોવાથી તેણે આ કૃત્ય આચર્યાની કબુલાત આપી હતી.

જેતપુરમાં કણકીયા પ્લોટ વાલ્મિકીવાસમાં રહેતા અને નગરપાલિકામાં સફાઈ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા દીપકભાઈ નારણભાઈ ઝાલાએ ફરિયાદ નોંધાવી હતી કે, તા. ૧૩/૩ ના રાત્રીના તેમના બે બાઈક પર જવલનશીલ પ્રવાહી છાંટી કોઈ અજાણ્યા શખસો આગ ચાંપી ખઈ રૂ. ૮૦,૦૦૦ નું નુકસાન કર્યું હતું. બનાવને લઈ જેતપુર ડિવાયએસપી રોહિતસિંહ ડોડીયાના માર્ગદર્શન હેઠળ જેતપુર સીટી પોલીસ મથકના પીઆઈ એ.ડી. પરમાર તથા ટીમે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હતી. દરમિયાન પોલીસે બે વાહનને આગ ચાપી દેવાના આ બનાવમાં જેતપુર મંગલમ મોલ પાસેથી બે શખસોને ઝડપી લીધા હતા. જેના નામ રોહિત અશ્વિનભાઈ તરસાણીયા (રહે. પેઢલા) અને સંજુ દીપકભાઈ વાઘેલા (રહે. કણકીયા પ્લોટ, જેતપુર) છે.

પોલીસે જણાવ્યું હતુ કે, ઝડપાયેલા આરોપી પૈકી સંજુ વાઘેલાએ પ્રેમલગ્ન કર્યા હોય દરમિયાન ફરિયાદી દીપકભાઈ ઝાલા યુવતીના સંબંધી થતા હોય તેઓ યુવતીના પરિવારને સંજુ વિરુદ્ધ ઉશ્કેરતા હોય તેવી શંકા રાખી સંજુએ તેને સબક શીખવવા મિત્ર રોહિતને સાથે રાખી મોડીરાત્રીના બંને વાહનોને આગ ચાપી દીધી હતી. આરોપીને ઝડપી લેવાની આ કામગીરીમાં જેતપુર પીઆઈ એ.ડી. પરમાર, પીએસઆઈ જે.પી. મલ્હોત્રા, એ.એસ. આઈ મીલનસિંહ ડોડીયા, અંકિતભાઈ બારોટ, હેડ કોન્સ્ટેબલ સાગરભાઈ મકવાણા, રાણાભાઈ વકાતર, દિવ્યેશભાઈ સુવા, કોન્સ્ટેબલ અમિતભાઈ, લખુભા, ભગીરથસિંહ પ્રદીપભાઈ અને લાલજીભાઈ સાથે રહ્યા હતા.

# જેતપુર: કારમાં ચોરખાનામાંથી વિદેશી દારૂની ૧૧૫ બોટલ ઝડપાઈ

## કાર, શરાબ, મોબાઈલ અને રોકડ મળી રૂ.૮.૮૬ લાખનો મુદ્દામાલ એલસીબીએ કર્યો કબ્જે: સુરતના બે બુટલેગરની ધરપકડ, જેતપુરના શખ્સની શોધ ખોળ



**અબતક, રાજકોટ**

જેતપુર શહેરમાં કારમાં ચોરખાનામાં સંતાડવામાં આવેલી વિદેશી દારૂની ૧૧૫ બોટલ, ત્રણ મોબાઈલ અને રોકડ મળી રૂ.૮.૮૬ લાખના મુદ્દા માલ સાથે સુરતના બે બુટલહેરોને રાજકોટ ગ્રામ્ય એલસીબી ની ટીમે ઝડપી લીધા છે.જયારે પૂછપરછ દરમ્યાન જેતપુરના શખ્સની સંડોવણી ખુલતા પોલીસે તેની શોધ ખોળ હાથ ધરી છે.

રાજકોટ ગ્રામ્ય એસ.પી વિજયસિંહ ગુર્જરે દારૂ અને જુગાર સહિતની બદીને ડામી દેવા આપેલી સૂચનાના પગલે , રાજકોટ ગ્રામ્ય એલસીબી ની ટીમ જેતપુર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે,જીજે-૦૫ -છછ -૧૯૮૭ નંબરની કારમાં વિદેશી દારૂ રાખી જેતપુરમાં દારૂની હેરાફેરી કરી રહ્યા છે. દરમિયાન બાતમી મળેલી કાર જેતપુર શહેરમાં આવતા કારને અટકાવી તલાસી લેતા , કારમાં ચોર ખાનામાં છુપાવેલી વિદેશીદારૂની ૧૧૫ બોટલ,ત્રણ મોબાઈલ અને રોકડ મળી રૂ.૮.૮૬ લાખના મુદ્દામાલ સાથે સુરતના જયેશ રવજીભાઈ ઠુંમર અને હિતેશ ખોડલાલ પટેલ નામના બુટલેગરોને એલસીબી ની ટીમે ધરપકડ કરી છે. ઝડપાયેલા શખ્સોની પૂછપરછ કરતા તેની સાથે જેતપુર નો સાગર વિનુભાઈ વૈષ્ણવ નામનો શખ્સ સંડોવાયો હોવાની કબૂલાત આપતા જેતપુરના શખ્સની શોધ ખોળ હાથ ધરી છે. આ દરોડાની કામગીરી એલસીબી પીઆઈ વી વી ઓડેદરા, પીએસઆઈ કે એમ ચાવડા, એચ સી ગોહિલ, આર વી ભીમાણી, પી એન ભરવાડ, એ.એસ.આઈ બાલકૃષ્ણ ભાઈ ત્રિવેદી, ઈન્દ્રસિંહ જાડેજા જયવીર સિંહ રાણા અનિલભાઈ ગુજરાતી અનિલભાઈ બધકોડીયા હેડ કોસ્ટેબલ રાઠોડ ભગીરસિંહ જાડેજા મનીષભાઈ વરુ મનદીપસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ રણજીતભાઈ બોરડ સહિતના સ્ટાફે બજાવી છે.

# સેનાનગરની પરિણીતાને પતિ અને સાસુ દ્વારા ત્રાસ

**અબતક, જામનગર**

જામનગર શહેરના સિટી 'સી' ડિવિઝન વિસ્તારમાં એક પરિણીત યુવતીને તેના પતિ અને સાસુ દ્વારા સાત મહિનાથી માનસિક તેમજ શારીરિક ત્રાસ આપવામાં આવતો હોવાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે.પોલીસ ફરિયાદ મુજબ સેનાનગર સોસાયટી, ગ્રીન પાર્ક વિસ્તારમાં રહેતી માધુરીબેન (ઉ.વ. ૨૪) ને તેણીના પતિ હસમુખભાઈ બાલસ દ્વારા અવારનવાર મારઝૂડ કરી શારીરિક ત્રાસ આપવામાં આવતો હતો. આ ઉપરાંત પતિ તેને અને તેની નાની દીકરીને એકલા મુકીને પોતાના માતા-પિતા સાથે રહેવા જતો રહ્યો હતો.ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે પતિ તથા સાસુ ધીરીબેન દ્વારા મોબાઈલ ફોન પર અવારનવાર ગાળો આપી અને તેના ચાલ-ચલણ અંગે અપમાનજનક શબ્દો બોલી માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.

# હાલાર સોલ્ટ ફેક્ટરીમાંથી એલ્યુમિનિયમ કેબલની ચોરી

**અબતક, જામનગર:** જામનગરના બેડી મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ હાલાર સોલ્ટ એન્ડ કેમિકલ વર્કસમાં કેબલ ચોરીનો બનાવ સામે આવ્યો છે. માહિતી મુજબ તા.૧૯ માર્ચ ૨૦૨૬ના બપોરે ૪.૦૦ વાગ્યાથી તા. ૦૧ એપ્રિલ ૨૦૨૬ના સવારે ૧૧:૦૦ કલાક દરમિયાન અજાણ્યા તસ્કરે આશરે ૧૨૦૦ ફૂટ લાંબો અને ૫૫ એમ.એમ. જાડાઈનો એલ્યુમિનિયમ કેબલ કાપી ચોરી કરી લીધો હતો. આ કેબલની કિંમત અંદાજે રૂ. ૧૧,૦૦૦ હોવાનું જાણવા મળ્યું છે.આ બનાવ અંગે બરુણકુમાર પ્રાણમોહન ઠાકુર (ઉ.વ. ૬૩, રહે. જામનગર) દ્વારા ફરિયાદ નોંધાવતા બેડી મરીન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૦૩(૨) હેઠળ અજાણ્યા આરોપી સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

# લાલપુર ખીરસરા ગામે વિદેશી દારૂ સાથે મહિલાની ધરપકડ

**અબતક, જામનગર :** ખીરસરા ગામમાં રહેતી રૂકશાનાબાનુ સલીમભાઈ જરવાર (ઉ.વ. ૩૨) નામની મહિલાના રહેણાંક મકાનમાં લાલપુર પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. જે દરોડા દરમિયાન મહિલાના ઘરેથી ઈંગ્લિશ દારૂની બે સીલબંધ બોટલ મળી આવી હતી. જે દારૂ કબજે કરી લેવામાં આવ્યો હતો, અને આ મામલે રૂકશાનાબાનુ સલીમભાઈ જરવાર (ઉ.વ. ૩૨, રહે. ખીરસર ગામ, લાલપુર) સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

# મોરબીની સરકારી હોસ્પિટલમાં વૃદ્ધનું મોત, વાલી વારસની શોધખોળ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીમાં ભક્તિનગર બ્રિજ નીચે બીમાર હાલતમાં મળેલા આશરે ૬૫ વર્ષીય અજાણ્યા વૃદ્ધનું સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું છે. બનાવ અંગે પોલીસે અ.મોતની નોંધ કરી તેમના વાલી વારસની શોધખોળ શરૂ કરી છે.

મોરબી શહેરના ભક્તિનગર બ્રિજ નીચે જાહેરમાં બીમાર હાલતમાં મળેલા એક અજાણ્યા વૃદ્ધને તા.૩૦ માર્ચના રોજ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મોરબીની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં સારવાર દરમિયાન તા.૧ એપ્રિલના રોજ તેમનું મોત નીપજ્યું હતું. મરણ પામનાર આશરે ૬૫ વર્ષીય પુરુષ હોવાનું જાણવા મળ્યું છે, જોકે તેની ઓળખ હજુ સુધી સામે આવી નથી. જેથી સીટી એ ડિવિઝન પોલીસે અ. મોત રજીસ્ટર કરી મૃતકની ઓળખ મેળવવા ચક્રો ગતિમાન કર્યા છે.

(પહેલા પાનાનું ચાલું)

### શેરબજાર...

વચ્ચે મોટો ફેરફાર નોંધાયો છે. સોનાનો ભાવ ૧.૫૦ લાખ રૂપિયા થયો છે. જ્યારે ચાંદીનો ભાવ ૨.૩૨ લાખ રૂપિયા નોંધાયો છે.

ઈરાન દ્વારા હોર્મુઝની સામુદ્રધુની બ્લોક કરવામાં આવતા અને ટ્રમ્પ દ્વારા અન્ય દેશોને આ વિસ્તાર કબજે કરવાની સલાહ આપતા ક્રૂડ ઓઈલના ભાવમાં ૫ ટકા થી વધુનો ઉછાળો નોંધાયો છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં બ્રેન્ટ ક્રૂડ ૧૦૬ ડોલરની સપાટી વટાવી ગયું છે. ભારત માટે આ ચિંતાનો વિષય છે કારણ કે તેનાથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો થવાની શક્યતા છે.

### જીએસટી...

રૂપિયા ૨૨.૨૭ લાખ કરોડને પાર થઈ ગયું છે.

ઉલ્લેખનીય છે કે, સપ્ટેમ્બર ૨૦૨૫થી અમલમાં આવે તે રીતે લગભગ ૩૭૫ જેટલી વસ્તુઓ પર જીએસટી દરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો, જેથી વસ્તુઓ સસ્તી થઈ હતી. ઉપરાંત, ૫, ૧૨, ૧૮ અને ૨૮ ટકાના ચાર ટેક્સ સ્લેબને મર્જ કરીને ૫ અને ૧૮ ટકાના બે સ્લેબ બનાવવામાં આવ્યા હતા, જેમાં કેટલીક પસંદગીની અલ્ટ્રા લક્ઝરી ચીજવસ્તુઓ અને તમાકુ ઉત્પાદનો માટે ૪૦% નો સૌથી ઊંચો સ્લેબ રાખવામાં આવ્યો છે.

ટેક્સ ઘટાડાના અમલીકરણના પ્રથમ મહિનામાં એટલે કે નવેમ્બરમાં જીએસટી કલેક્શનમાં પ્રારંભિક ઘટાડો જોવા મળ્યો હતો અને આવક ઘટીને રૂપિયા ૧.૭૦ લાખ કરોડ થઈ હતી. જોકે, ત્યારબાદ તેમાં સતત સુધારો જોવા મળ્યો હતો. ડિસેમ્બરમાં તે વધીને રૂપિયા ૧.૭૪ લાખ કરોડ, જાન્યુઆરીમાં રૂપિયા ૧.૯૩ લાખ કરોડ અને ફેબ્રુઆરીમાં તે રૂપિયા ૧.૮૩ લાખ કરોડથી વધુ નોંધાયું હતું.

માર્ચ મહિના દરમિયાન રિફંડ ઈશ્યુઅન્સ ૧૩.૮% વધીને રૂપિયા ૨૨,૦૭૪ કરોડ થયું હોવાનું નવીનતમ ડેટા દર્શાવે છે. આ રિફંડને એડજસ્ટ કર્યા પછી, માર્ચ મહિનામાં ચોખ્ખી જીએસટી આવક (નેટ જીએસટી રેવન્યુ) આશરે રૂપિયા ૧.૭૮ લાખ કરોડ રહી છે, જે વાર્ષિક ધોરણે ૮.૨% નો વધારો દર્શાવે છે.

### ભૂંકપ...

કરતા હાઈ એલર્ટ જારી કર્યું છે.

મોલુક્કા સાગરમાં ૩૫ કિલોમીટરની ઊંડાઈએ ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપનું કેન્દ્ર ટર્નેટ નામના નાના ટાપુ પાસે સમુદ્રમાં હતું. હવાઈ સ્થિત પેસિફિક સુનામી વોર્નિંગ સેન્ટરે જણાવ્યું છે કે ઈન્ડોનેશિયા, ફિલિપાઈન્સ અને મલેશિયાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભૂકંપના કેન્દ્રથી ૧,૦૦૦ કિમીના દાયરામાં જોખમી સુનામી લહેરો ઉઠી શકે છે.

ઉત્તરી સુલાવેસી પ્રાંતના મનાડો શહેરમાં ભૂકંપના આંચકા એટલા તેજ હતા કે શહેરના લોકો જાગી ગયા હતા અને ગભરાઈને ઘરોની બહાર દોડી આવ્યા હતા. એક વ્યક્તિએ જણાવ્યું, "હું તરત જ જાગી ગયો અને ઘરની બહાર નીકળી ગયો. લોકો ગભરાઈને બહાર ભાગવા લાગ્યા હતા. નજીકમાં જ એક સ્કૂલ છે, ત્યાંના વિદ્યાર્થીઓ પણ જીવ બચાવવા માટે ઝડપથી બહાર મેદાન તરફ દોડ્યા હતા.

### સોના ચાંદી...

૧૦૦ ટકા એક્સપોર્ટ ઓરિએન્ટેડ યુનિટ્સ દ્વારા થતી આયાતને આ નિયંત્રણોમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ ઉપરાંત, વિદેશી નીતિ હેઠળ જેમ્સ એન્ડ જ્વેલરી નિકાસ યોજનાઓ અંતર્ગત થતી આયાતને પણ રાહત આપવામાં આવી છે. એક ઉદ્યોગ અધિકારીના જણાવ્યા અનુસાર, કેટલાક આયાતકારો દ્વારા ભારત-આસિયાન એફટીએનો દુરુપયોગ થતો હોવાથી આ પગલું લેવાયું છે. તેમણે સરકારને સાચા વેપારીઓની સુવિધા માટે લાયસન્સ પ્રક્રિયા સરળ બનાવવાની અપીલ કરી છે.

ઉલ્લેખનીય છે કે, ભારત ૨૦૧૦થી ૧૦ દેશોના સાઉથ ઈસ્ટ એશિયન નેશન બ્લોક સાથે ગુડ્સ માટે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ ધરાવે છે. કેટલાક વેપારીઓ થાઈલેન્ડ જેવા દેશોમાંથી અનસ્ટડેડ જ્વેલરીના નામે ડ્યુટીના તફાવત અને ટેરિફનો ફાયદો ઉઠાવીને કમાણી કરવા આ એફટીએનો દુરુપયોગ કરતા હતા, જેને ડામવા આ પગલું લેવાયું છે. અગાઉ સરકારે ગત વર્ષે નવેમ્બરમાં અમુક પ્રકારની પ્લેટિનમ જ્વેલરી પર આ વર્ષના એપ્રિલ સુધી અને સપ્ટેમ્બર ૨૦૨૫માં ચાંદીની જ્વેલરી પર આ વર્ષના માર્ચ મહિના સુધી આવા જ નિયંત્રણો લાદ્યા હતા.

### અનિલ અંબાણી...

હેઠળ નોંધવામાં આવ્યો છે. એવો આરોપ છે કે રિલાયન્સ કોમ્યુનિકેશન્સ લિમિટેડ અને તેના મેનેજમેન્ટ દ્વારા કંપનીની નાણાકીય સ્થિતિ અને સુરક્ષા અંગે ખોટી રજૂઆતો કરીને એલઆઈસીને છેતરવામાં આવી હતી. આ ખોટી માહિતીના આધારે એલઆઈસીને રૂપિયા ૪,૫૦૦ કરોડના નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સખરીદવા માટે પ્રેરિત કરવામાં આવી હતી.

એલઆઈસી અને સીબીઆઈના દાવા મુજબ, ૧૫ ઓક્ટોબર, ૨૦૨૦ ના ફોરેન્સિક ઓડિટ રિપોર્ટના આધારે આ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ રિપોર્ટમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે રિલાયન્સ કોમ્યુનિકેશન્સ અને તેના મેનેજમેન્ટે બેંકો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી એકત્ર કરાયેલા ભંડોળનો દુરુપયોગ કર્યો હતો અને સબસિડિયરી કંપનીઓ મારફતે આ ફંડને અન્યત્ર ડાયવર્ટ કર્યું હતું.

### બજેટ સત્ર...

આધારે બેઠકોનું સીમાંકન કરવામાં આવશે. તમામ રાજ્યોમાં લોકસભા અને વિધાનસભાની બેઠકોમાં ૫૦ ટકાનો વધારો કરવામાં આવશે. આ વધારો પ્રમાણસર હોઈ શકે છે. જેમ કે, ઉત્તર પ્રદેશમાં ૮૦ને બદલે ૧૨૦ લોકસભા બેઠકો, બિહારમાં ૪૦ને બદલે ૬૦ બેઠકો, તમિલનાડુમાં ૩૯ને બદલે ૫૮ અથવા ૫૯ બેઠકો. બેઠકોમાં આ રીતે વધારો કરીને તેમાંથી ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત કરી દેવામાં આવશે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ૧૩૫-ડીનો નિયમ...

નોટીસ વગર, તે જ દિવસે વેચાણ દસ્તાવેજની નોંધ પાડવામાં આવશે. આવા કિસ્સાઓમાં ૧૩૫ડીની નોટિસ બજવવાની પ્રક્રિયા સિવાય સીધી નોંધનો નિર્ણય લેવામાં આવશે અને વેચાણની નોંધ તુરંત પ્રમાણિત કરીને 'પાકી એન્ટ્રી' કરવામાં આવશે.

આ ઉપરાંત સક્ષમ અદાલત કે ટ્રિબ્યુનલ દ્વારા આપવામાં આવેલા હુકમોની નોંધ વખતે પણ હવે ૧૩૫ડીની નોટીસ બજવવાની રહેશે નહીં, તેની સીધી જ અમલાવારી કરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

જો એક વર્ષની અંદર રેકોર્ડમાં કોઈ ફેરફાર થયો હોય, વેચાણ પાવર ઓફ એટર્ની દ્વારા કરવામાં આવ્યું હોય, ૭/૧૨માં દેખાતા તમામ વ્યક્તિઓની દસ્તાવેજમાં સહી ન હોય અથવા કોઈ કેસ પેન્ડિંગ હોય તેવા તપાસની જરૂરિયાતવાળા કિસ્સામાં નોટિસનો સમયગાળો ૩૦ દિવસથી ઘટાડીને માત્ર ૭ દિવસ કરવામાં આવ્યો છે. આ ૭ દિવસમાં સાચા હકદારો પોતાના આધાર-પુરાવા રજૂ કરી શકશે, જેથી કોઈને અન્યાય ન થાય. આ સુધારાઓથી રાજ્યના ખેડૂતો, મિલકત ખરીદનારાઓ અને સામાન્ય જનતાને બિનજરૂરી કાયદાકીય ગૂંચવણ અને વિલંબમાંથી કાયમી મુક્તિ મળશે. સાથે જ, સીધી લીટીના વારસદારો વચ્ચે થતી તબદીલીમાં પણ હવે બિનજરૂરી હેરાનગતિ બંધ થશે.

### રસ્તાઓને ટનાટન...

જવાબદારી આવશે. સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયથી લાંબાગાળે લાઈફ-સાયકલ કોસ્ટમાં ઘટાડો થશે અને રાજ્યના ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણનું રક્ષણ થશે તથા ખાડામુક્ત રસ્તા અને યોગ્ય સાઈનેજના કારણે માર્ગ અકસ્માતોમાં પણ ઘટાડો થશે.

ઉલ્લેખનીય છે કે, નાગરીકોને આ આધુનિક પદ્ધતિનો લાભ મળી શકે તે માટે જેમના ટેન્ડર હજુ બહાર પડ્યા નથી તેવા કામોને પણ આ નિર્ણય લાગુ પડશે. આ નિર્ણયથી રસ્તાઓનું આયુષ્ય વધશે, મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત થશે અને લાંબા ગાળે સરકારના ખર્ચમાં ઘટાડો થશે. આ નિર્ણયો રાજ્યની જનતાની સુખાકારી અને 'વિકસિત ગુજરાત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક મહત્વનું કદમ સાબિત થશે, તેમ પ્રવક્તા મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** મુળ લતીપુર હાલ રાજકોટ નિવાસી ગૌ.વા. ગોરધનદાસ હરજીવનદાસ લોલારીયાના પત્ની ગં.સ્વ. સવિતાબેન ગોરધનદાસ લોલારિયા શ્રી ભરતભાઈ, અશોકભાઈ, વસંતબેન, પુષ્પાબેન, હકુબેન, ભારતીબેનના માતા અને સાગરભાઈ દાદી તથા સ્વ. ચમનલાલ, ઉમેદલાલ અને સ્વ. જેઠાલાલ મોનજીભાઈ આડેસરાના બહેનનું તા. ૧-૪-૨૬ના રોજ અવસાન થયું છે.

**રાજકોટ:** મુળ અમરનગર નિવાસી સ્વ. ધનુબેન નાનજીભાઈ સરવૈયા તે નૈલેશભાઈ તથા મનીષભાઈના માતા તથા અભિરાજના દાદીમાનું તા. ૧ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૩ ના રોજ શુક્રવારે શ્રીનગર શેરી નં. ૬ ગુણેશ્વર મહાદેવના મંદિરે રાખેલ છે.

**રાજકોટ :** સ્વ.શ્રી ધનજીભાઈ ગોરધનભાઈ ભાયાણી (ખરેડી વાળા) હાલ રાજકોટ તે હરેશભાઈ તથા શૈલેષભાઈ ના પિતા તથા કાજલબેન તથા ગીતાબેન ના સસરા તથા સ્વ. ચંદુભાઈ તથા ધીરજભાઈના નાના ભાઈ નું અવસાન તા.૧/૦૪/૨૦૨૬ ના રોજ થયેલ છે તેમનું બેસણું તેમના નિવાસસ્થાન" સ્વપન લોક સોસાયટી" બ્લોક નંબર ૮૭ રામાપીર ચોકડી પાસે રાજકોટ ખાતે તા. બીજી એપ્રિલ ને ગુરૂવારના રોજ સાંજે ૪: ૦૦ થી ૫: ૦૦ દરમ્યાન રાખેલ છે.

**મોરબી:** લજાઈ (ટંકારા) નિવાસી દામજીભાઈ વાલજીભાઈ કોટડીયા (ઉ.વ.૭૦) તે બાલુભાઈષ લાભુભાઈ અને ચંદુલાલના ભાઈ તેમજ અશોકભાઈ અને જીતેન્દ્રભાઈના પિતાનું તા. ૫ ના રોજ અવસાન થયેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# અશોકભાઈ સરધારાની મહેનત રંગ લાવી ફોફળ-૨ ડેમમાં નર્મદા મૈયાની પધરામણી

## અનેક ગામોમાં પાણીનો પ્રશ્ન હલ થયો



**અબતક, રાજકોટ**

કાલાવડ તાલુકાના ભેટિયા ગામે આવેલ ફોફળ-૨ ડેમમાં કાળા ઉનાળે નર્મદાનીર છોડવા અશોકભાઈ સરધારાની સફળ રજૂઆત અને મહેનત રંગ લાવી છે. સાંસદ પૂનમબેન માડમ અને ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા માર્ગદર્શન અને સહકારથી ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી છે. નર્મદાના નીર આવવાથી ડાંગરવાળા, નાના વગળા, ડેરી, મેટીયા, ગુંદા, માખાકરોડ, કાલમેઘડા વિસ્તારના ખેતી એન પીવાના પાણી પ્રશ્ન હલ થશે આ તકે આજુબાજુ ગામના આગેવાનો અને ડાંગરવાળા સરપંચ જશુબેન કાકડિયા માજી સરપંચ રામજીભાઈ સેલડીયા તથા બાબુભાઈ કાકડિયા અને ડેરીના સરપંચ રાજભા જાડેજા અને માજી સરપંચ કાનાભાઈ જાડેજાએ અશોકભાઈ સરધારાના આભાર વ્યક્ત કર્યો હતો.

### કર્મચારી સશક્તિકરણ, સામાજીક જવાબદારીની મિશાલ બન્યાં

# ખેતી બેંક દ્વારા ૨૦૨ કર્મચારીઓને કાયમી નોકરીના અપાયા 'ઓર્ડર'

## ખેતી બેંક માત્ર એક કાર્યસ્થળ નહીં પરંતુ એક પરિવાર છેઃ ડોલરભાઈ કોટેચા

**અબતક, રાજકોટ**

ખેતી બેંક દ્વારા કર્મચારી સશકિતકરણ, સામાજિક જવાબદારી અને પ્રેરણાને કેન્દ્રમાં રાખીને વિવિધ પ્રભાવશાળી કાર્યક્રમોની શ્રેણીમાં ઐતિહાસિક અને પ્રેરણાદાયી પ્રસંગને ઉજવવામાં આવ્યો હતો.



અમદાવાદના લાયન્સ કલબ ખાતે કાયમી રોજગારના ઓર્ડર વિતરણ સાથે ભવ્ય તાલીમ અને પ્રેરણાત્મક કાર્યક્રમમાં ૨૦૨ કર્મચારીઓને કાયમી નોકરીના ઓર્ડર આપવામાં આવ્યા હતા. જે તેમના સમર્પણની કદર સાથે બેંકના ભવિષ્યના મજબૂત માનવસંસાધન નિર્માણ તરફ મહત્વપૂર્ણ પગલું છે.

કાર્યક્રમમાં પ્રેરણાત્મક અને તાલીમ આધારિત સત્ર કર્મચારીઓની કામગીરી, નૈતિકતા, ટીમવર્ક અને શ્રેષ્ઠ સેવા ભાવના વિકસે તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સાથે સાથે ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ ખાતે આયોજિત પ્રતિષ્ઠિત કાર્યક્રમમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં મૃત લોનધારકોના પરિવારજનોને રૂ.૧૧ લાખ અને રૂ.૫ લાખના સહાય ચેકો અર્પણ કરવામાં આવ્યા હતા. ૫ દિવ્યાંગ કર્મચારીઓને કાયમી રોજગારના ઓર્ડર આપવામાં આવ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમ ખેતી બેંકના અધ્યક્ષ ડોલરભાઈ કોટેચાના દૂરંદેશી નેતૃત્વ તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો.

આ પ્રસંગે ડોલરભાઈ કોટેચાએ જણાવ્યું હતું કે ખેતી બેંક માત્ર એક કાર્યસ્થળ નથી, પરંતુ એક પરિવાર છે - જ્યાં વિકાસ, સહકાર અને મૂલ્યો સાથે આગળ વધે છે. આ નોંધપાત્ર પહેલ ખેતી બેંકના વિશ્વાસ, અખંડિતતા, સશક્તિકરણ અને સામાજિક પ્રતિબદ્ધતા જેવા મૂળ મૂલ્યોને ઉજાગર કરે છે અને સહકારી બેંકિંગ ક્ષેત્રમાં નવા ધોરણો સ્થાપિત કરે છે.

# ધ્રોલના ટી.ડી.ઓ તરીકે કાલાવાડ વિસ્તરણ અધિકારી સાગર કેરાળીયાની બઢતી સાથે નિમણુંક

## સાગર કેરાળીયાના પંચાયતી સ્તરના કામોનો વહીવટી અનુભવ હવે તાલુકા કક્ષાએ ઉપયોગી થશે

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ તાલુકા વિકાસ અધિકારી તરીકે પંચાયતી વહીવટનો બહોળો અનુભવ ધરાવતા અને વિસ્તરણ અધિકારી તરીકે સફળ નિવડેલા અધિકારીને બઢતી સાથે નીમણુંક આપવામાં આવી છે.

ધ્રોલ તાલુકા પંચાયતમાં વહીવટી ફેરફાર હેઠળ નવા તાલુકા વિકાસ અધિકારી તરીકે સાગરભાઈ કેરાળીયાની નિમણૂક કરવામાં આવી છે. સાગરભાઈ કેરાળીયા છેલ્લા ઘણા વર્ષોથી કાલાવડ તાલુકા પંચાયતમાં વિસ્તરણ અધિકારી તરીકે ફરજ બજાવતા હતા.



કાલાવડ ખાતેની તેમની દીર્ઘકાલીન અને પ્રશંસનીય કામગીરીને ધ્યાને રાખીને તંત્ર દ્વારા તેમને પ્રમોશન આપવામાં આવ્યું છે. આ બઢતી સાથે જ તેમની નિમણૂક હવે ધ્રોલ તાલુકા પંચાયત ખાતે ટીડીઓ તરીકે કરવામાં આવી છે.

સાગરભાઈ કેરાળીયા પાસે પંચાયત સ્તરના કામોનો બહોળો અનુભવ હોવાથી ધ્રોલ તાલુકાના વિકાસલક્ષી કાર્યો અને સરકારી યોજનાઓના અમલીકરણમાં ગતિ આવશે તેવી આશા સેવાઈ રહી છે. પ્રમોશન સાથે નવી જવાબદારી સંભાળતા જ સાથી કર્મચારીઓ અને આગેવાનો દ્વારા તેમને ઉજ્જ્વળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# સરકાર દ્વારા લેવાયેલા ખેડુતલક્ષી નિર્ણયને ઉપલેટા માર્કેટીંગ યાર્ડના ચેરમેને આવકાર્યો

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા ખેડુત લક્ષી નિર્ણયને યાર્ડના ચેરમેન હરિભાઈ ઠુંમરે આવકાર્યો છે.



ગુજરાત સરકારના નિર્ણયને આવકારતા યાર્ડના ચેરમેન હરિભાઈ ઠુંમરે જણાવેલ કે હાલ ખેતીની જમીનના ભાવ આસમાને ગયા છે. માનો ખેડુત પાંચ વિઘા જમીન લઈ ના શકે પણ સરકાર દ્વારા જે ગઈકાલે ૧૦ ગુઠા જમીન ખેડુત લઈ શકશે તે નિર્ણયં ખેડુત માટે લાભ કર્તા છે. જયારે ૧૩૫ ડીની જાહેર નોટીસનો સમય લઘુતમ ૩૫ દિવસ હતો તે ઘટાડી માત્ર સાત દિવસ કરી નાખતા ખેડુત પોતાના નામે થયેલી જમીનના ૭-૧૨ના દાખલામાં ઝડપી પોતાનં નામ તેમજ વારસાઈ થઈ જશે. આ ઉપરાંત નાના મોટા પ્રશ્નો ઝડપથી ઉકેલ મળી જશે.

# આકોલવાડી ગિરની તપોવન વિદ્યા સંકુલમાં અભ્યાસ કરી એમબીબીએસ બની પ્રિયંકા કુમકુમિયાએ ગામનું ગૌરવ વધાર્યું

## પ્રાથમિકથી લઈ ૧૨સાયન્સ સુધીનું શિક્ષણ આકોલવાડીમાં જ લઈ પ્રિયંકા એ પરિવારનું ડોક્ટર બનાવવાનું સપનું પૂરું કરી ગીરનું વધાર્યું ગૌરવ

**અબતક, આકોલવાડી**

આકોલવાડી ગીર ના દરજી પરિવાર ની હોનહાર દીકરી એ મહેસાણા વિસનગર ની નૂતન મેડિકલ કોલેજમાં એમબીબીએસ ની ડિગ્રી લઈ પરિવારના પ્રચંડ પુરુષાર્થ, પોતાની મહેનત અને આકોલવાડી ગીર ની તપોવન વિદ્યા સંકુલ ની કેળવણીના ત્રીવિધ સમન્વયને ગૌરવ અપાવ્યું છે.



અકોલવાડી ગીર ના મુકેશભાઈ કુમકુમિયા ગામમાં જ દરજી કામ કરી પરિવારનું ગુજરાત ચલાવે છે તેમની હોશિયાર દીકરી પ્રિયંકા બાળપણથી જ ભણવામાં હોશિયાર હતી, પ્રિયંકા એ ગામ માં જ ૧થી ૧૦ નો અભ્યાસ કરી ગામની જ તપોવન વિદ્યા સંકુલ માં ૧૧/૧૨ સાયન્સ મા એડમિશન લીધુ અહીં શહેરની સરખામણીએ ૫૦% ફી માં વિદ્યાર્થીઓને શિક્ષણ અપાય છે અને રાજકોટના કાબેલ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓની કેળવણી કરવામાં આવે છે. તપોવનમાં અભ્યાસ કરીને પ્રિયંકાએ નીટમાં સારા માર્ક મેળવી વિસનગર ની એમબીબીએસ કોલેજમાં એડમિશન લીધું હતું અને રાત દિવસ મહેનત કરી પિતાનું દીકરીને ડોક્ટર બનાવવાનું સપનું પૂરું કર્યું છે ,પ્રિયંકા ડોક્ટર બની કુમકુમિયા પરિવાર, તપોવન વિદ્યા સંકુલ આકોલવાડી અને આકોલવાડી ગામ નું ગૌરવ વધાર્યું છે તેના પર અભિનંદન ની વર્ષા થઈ રહી છે.

# કાલાવડની વૃજકુંવરબેન કન્યા શાળાના રંગોત્સવમાં બાળ કલાકારોનું અદ્ભુત પ્રદર્શન

## વાર્ષિક મહોત્સવમાં બાળકીઓએ એક એકથી ચડીયાતી કૃતિઓ કરી રજૂ



**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

કાલાવડ ની પી.એમ.શ્રી વૃજકુંવરબેન કન્યાશાળામાં વાર્ષિકોત્સવ રંગોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી.

આ કાર્યક્રમમાં ભાજપ આગેવાન હસુભાઈ વોરા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ અભિષેકભાઈ પટ્ટવા, કાલાવડ શહેર ભાજપ પ્રમુખ નીરવભાઈ ભટ્ટ, સહદેવસિંહ જાડેજા, બકુલભાઈ જોષી, કાનાભાઈ જોષી, ભાવનાબા ગોહિલ, ડો ભારતીબેન વઘાસિયા, રાજેન્દ્રસિંહ જાડેજા, રમેશભાઈ સોમૈયા, કુલદીપસિંહ જાડેજા, દિવ્યેશભાઈ ઠુંમર વગેરેએ હાજરી આપેલ હતી. સાથે વાલીઓ પણ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધર્માબેન ત્રિવેદી દ્વારા કરવામાં આવેલુ હતું.

# ગિરનાર રોપ-વે સેવા ૧૨થી ૧૮ એપ્રિલ સુધી બંધ રહેશે



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢના ગરવા ગિરનારના રોપ-વે મેઈન્ટેનન્ટની કામગીરી સબબ આગામી તા.૧૨ થી ૧૮ એપ્રિલ દરમ્યાન રોપ-વે સેવા બંધ રહેશે.

ગિરનારના રોપ-વેનું સંચાલન કરતી ઉષા બ્રેકો કંપની દ્વારા જાણવા મળ્યા મુજબ આગામી તા.૧૨ થી ૧૮ એપ્રિલ દરમ્યાન પ્રવાસીઓની સલામતી માટે રાબેતા મુજબ થતા રોપ-વે મેઈન્ટેનન્ટની કામગીરી સબબ રોપ-વે સેવા બંધ રહેશે અને તા.૧૯ એપ્રિલથી રોપ-વે સેવા પૂનઃ કાર્યરત કરાશે. જેથી અંબાજી માતાજીનાં દર્શનાર્થે આવતા પ્રવાસીઓએ નોધ લેવા એક યાદીમાં જણાવેલ છે.

# જોડીયા તાલુકા સરપંચ સંગઠનની રચના પ્રમુખ તરીકે યોગેશભાઈની વરણી



## તાલુકા સંગઠનની પ્રથમ બેઠકમાં નવી કારોબારીમાં હોદ્દેદારોને સોપાય જવાબદારી

**અબતક,સંજય ડાંગર, ધ્રોલ**

જોડિયા મુકામે આવેલ રાણીપા ભવન ખાતે રાજ્યના પ્રતિનિધિ દેવજીભાઈ જીવાભાઈ ચાવડાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં મયુરભાઈ ચનિયારાની આગેવાની હેઠળ 'જોડિયા તાલુકા સરપંચ સંગઠન'ની નવી કારોબારીની સર્વસંમતિથી રચના કરવામાં આવી હતી. આ નવનિયુક્ત સંગઠનમાં પ્રમુખ તરીકે યોગેશભાઈ વલ્લભભાઈ (લક્ષ્મીપરા-જોડિયા)ની વરણી કરવામાં આવી છે. ઉપપ્રમુખ તરીકે વાઘેલા જયવંતસિંહ ઘનશ્યામસિંહ (બાલાચડી) અને જોશનાબેન રાજેશભાઈ મકવાણા (નેસડા)ની પસંદગી કરાઈ છે. સંગઠનના મહામંત્રી તરીકે નીતાબેન બીજલભાઈ ખીમાણીયા (બેરાજા) જવાબદારી સંભાળશે. આ ઉપરાંત, જિલ્લાના પ્રતિનિધિ અને પ્રવક્તા તરીકે ભાવેશભાઈ નારણભાઈ મકવાણા (વાવડી) તેમજ સંગઠન સલાહકાર તરીકે વિશ્વરાજસિંહ અનિરુધસિંહ જાડેજા (ટીંબડી)ની નિમણૂક કરવામાં આવી છે.

# ઉપલેટાના ગઢાળા ગામના લોકોને ભરઉનાળે પીવાના પાણી માટે વલખા

## ૨૦ વર્ષથી મુકાયેલા નળ અચાનક બંધ કરી દેવાતા રોષ

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટા તાલુકાના ગઢાળા ગામના સામાકાંઠે રહેતા ૪૦ જેટલા પરિવારના સભ્યોને જાહેર નળમાંથી મળતું પાણી અચાનક બંધ કરી દેવાતા ભરઉનાળે લોકો પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે.

તાલુકાના ગઢાળા ગામના સામાકાંઠે ભાયાવદર-ઉપલેટા રોડ ઉપર ૨૦ વર્ષ પહેલા એક પાણીનો નળ મુકવામાં આવ્યો હતો. આ નળમાંથી ૪૦ જેટલા કુટુંબના સભ્યો પાણીનો પીવા માટે ઉપયોગ કરી રહ્યા હતા પણ છેલ્લા પાંચ દિવસ થયા પાણી પુરવઠાના અધિકારીઓ આ નળ આવતું પાણી બંધ કરી દેતા ભર ઉનાળા ૪૦ જેટલા કુટુંબો પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે. જો આ નળ પાછો શરૂ કરવામાં નહિં આવે તો ૪૦ કુટુંબના સભ્યોએ આંદોલન કરી રસ્તો ચક્કાજામ કરવાની ચીમકી ઉચ્ચારી છે.

# જૂનાગઢમાં ગાયત્રી મંદિરે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢના ગાયત્રી શકિતપીઠના સાનિધ્યમાં સર્વે પિતૃ મોક્ષાર્થે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો તા.૩૧/૩/૨૦૨૬ ચૈત્રસુદ-૧૩ મંગળવારથી શુભારંભ કરવામાં આવ્યો છે. જે કથાની પુર્ણાહુતી તા.૬/૪/૨૦૨૬ ચૈત્રવદ -૪ સોમવારના થશે. કથાનો સમય દરરોજ બપોરના ૩:૩૦ થી સાંજના ૭ વાગ્યાનો રાખવામાં આવ્યો છે. શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞના વકતા તરીકે વત્સલ્યભાઈ પંડ્યા પોતાની આગવી શૈલીમાં કથાનું પાન કરાવશે. આયોજકો દ્વારા ભાવિકોને શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે આયોજકો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# ગિર સોમનાથ જિલ્લામાં ભાજપ દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરાઈ

## સેન્સ પ્રક્રિયા બે ઝોનમાં વિભાજીત કરાઈ, પ્રદેશમાંથી ૬ નિરિક્ષકોને જવાબદારી

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લામાં ભાજપ સ્થાનિક સ્વરાજની ચૂંટણી ની સેન્સ પ્રક્રિયા હાથ ધરાઈ છે. ભાજપે સંગઠનને મજબૂત કરવા કવાયત હાથ ધરી છે.



જિલ્લા ભાજપ પ્રમુખ ના માર્ગદર્શન હેઠળ બે દિવસીય સેન્સ પ્રક્રિયાનો પ્રારંભ થયો છે ટિકિટ માટે દાવેદારોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. વેરાવળ અને ઉના એમ બંને કેન્દ્રો પર સવારે ૯ વાગ્યાથી જ ભાજપના કાર્યકરો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ઈચ્છુક ઉમેદવારો પોતાના બાયોડેટા અને નિયત ફોર્મ સાથે હાજર રહી દાવેદારી નોંધાવી રહ્યા છે. ૪ નગર પાલિકા ની સેન્સ પ્રક્રિયા બપોર હાથ ધરાશે વેરાવળ તાલુકા પંચાયતની ૨૨ અને જિલ્લા પંચાયતની ૫ બેઠકો માટે મોટી સંખ્યામાં કાર્યકરોએ દાવેદારી નોંધાવી છે. આ સેન્સ પ્રક્રિયાને વેરાવળ અને ઉના એમ બે ઝોનમાં વહેંચવામાં આવી છે.

પ્રદેશમાંથી ૬ નિરીક્ષકોને આ જવાબદારી સોંપવામાં આવી છે.

# સોમનાથમાં શનિવારે જ્ઞાન સાધના સ્કોલરશીપની પરીક્ષા

## પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજિયામાં ઝેરોક્ષ-ફેક્સ-સ્કેનરમશીનના ઉપયોગ પર પ્રતિબંધઃ કલેક્ટર દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લામાં તા.૦૪/૦૪/૨૦૨૬ના રોજ જ્ઞાન સાધના સ્કોલરશીપની લેખિત પરીક્ષા બપોરે ૧૧.૦૦ થી ૧૩.૩૦ કલાક દરમિયાન યોજાશે. આ પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે હેતુથી જિલ્લા મેજિસ્ટ્રેટ એન.વી.ઉપાધ્યાય દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી પરીક્ષાના દિવસે સવારે ૧૦.૦૦થી ૧૫.૩૦ કલાક સુધી પ્રતિબંધાત્મક આદેશ જાહેર કરવામાં આવ્યાં છે.

આ જાહેરનામાં અનુસાર પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાનાં સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજયામાં ઝેરોક્ષ/ફેક્સ/સ્કેનરમશીનના ઉપયોગ પર, પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રીજયામાં મોટા અવાજે લાઉડસ્પીકર કે બેન્ડવાજા વગેરે ધ્વનિવર્ધક સાધનોનાં ઉપયોગ પર, ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ૪ કે તેથી વધુ માણસોનાં એકઠા થવા પર, પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન કે અન્ય ઈલેક્ટ્રોનિક ગેઝેટ લઈ જવા પર અને તેનાં ઉપયોગ પર તથા પરીક્ષા કેન્દ્રમાં કોઈ અનઅધિકૃત વ્યક્તિનાં પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યાં છે. આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘનકરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩નીકલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# જૂનાગઢ ન્યાયખાતા વર્ગ-૩ કર્મચારી મંડળના પ્રમુખ તરીકે પિયૂષ ઉપાધ્યાયની વરણી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ જિલ્લા ન્યાયખાતા વર્ગ-૩ કર્મચારી મંડળના સંગઠનની ચૂંટણી ભારે ઉત્સાહભર્યા વાતાવરણમાં યોજાઈ હતી. નવ નિયુક્ત ચૂંટાયેલા નવા હોદ્દેદારોમાં પ્રમુખ પિયુષભાઈ ઉપાધ્યાય, ઉપપ્રમુખ અંકિતભાઈ જોશી, સેક્રેટરી હિરેનભાઈ નથવાણી, જોઈન્ટ સેક્રેટરી મુકેશભાઈ ખાવડું, ટ્રેઝરર સંજયભાઈ તન્ના, કમિટી મેમ્બર દીપેશભાઈ સોલંકી અને સ્ટેનોગ્રાફર પ્રતિનિધિ વિવેકભાઈ ગોરડ ચૂંટાય આવ્યા હતા.

આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવા માટે ચૂંટણી નિરીક્ષક તરીકે વિપુલભાઈ હાથલિયા, કલ્પેશભાઈ નથવાણી, ઈરફાનભાઈ પઠાણ, જગદીશભાઈ મહેતા, ગજાનનભાઈ પંડયા, કુશલભાઈ ભટ્ટ, શૈલેષભાઈ વાજા અને નયનભાઈ વૈષ્ણવનું મહત્વનું માર્ગદર્શન અને સહયોગ પ્રાપ્ત થયો હતો. નવનિર્મિત ટીમને રજીસ્ટ્રાર ડી.કે. દવે, રવિભાઈ ધારેક અને ચિરાગભાઈ ગોધાણીએ શુભેચ્છાઓ પાઠવી હતી. આ નવી ટીમ આગામી સમયમાં કર્મચારીઓના પ્રશ્નોને વાચા આપશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# જૂનાગઢઃ હનુમાન જયંતિ નિમિત્તે ભવ્ય બાઈક રેલી

**અબતક, દર્શનજોશી, જુનાગઢ**

જૂનાગઢમાં આગામી તા.૨ એપ્રિલ ૨૦૨૬ને ગુરૂવારના રોજ હનુમાન જયંતિની ઉજવણી નિમિતે વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગદળ દ્વારા ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવેલ છે. આ બાઈક રેલી બપોરે ૩:૩૦ કલાકે મહેર સમાજ મધુરમથી પ્રસ્થાન કરશે અને શહેરના વિવિધ માર્ગો ઉપર પસાર થશે,

હનુમાન જયંતિ પર્વે પ્રસંગે યોજાનારી બાઈક રેલીમાં જોડાવા હેતુ સમાજના યુવાનોને આમંત્રણ પાઠવવામાં આવેલ છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે આયોજકો વિશ્વ હિન્દુ પરિષદ - બજરંગદળ દ્વારા ભારે જહેમત ઉઠવવામાં આવી રહી છે.

# આગરાકેંટ-અસારવા-આગરાકેંટ સ્પેશિયલ રેલ સેવાને વધુ પાંચ દિવસ લંબાવાઇ

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા આગરાકેંટ-અસારવા-આગરાકેંટ સ્પેશિયલ રેલ સેવાને વધુ પાંચ દિવસ માટે લંબાવવામાં આવી છે આ નિર્ણય મૂળ સેવા અવધિ પૂર્ણ થયા બાદ લેવામાં આવ્યો છે. ટ્રેન નંબર ૦૧૯૧૯/૦૧૯૨૦ આગરાકેંટ-અસારવા-આગરાકેંટ સ્પેશિયલ રેલ સેવા હવે કુલ પાંચ ટ્રીપ માટે ચાલશે આગરાકેંટથી આ ટ્રેન ૧ એપ્રિલ ૨૦૨૬ થી ૫ એપ્રિલ ૨૦૨૬ સુધી પાંચ ટ્રીપ કરશે. જ્યારે અસારવાથી આ સેવા ૨ એપ્રિલ ૨૦૨૬ થી ૬ એપ્રિલ ૨૦૨૬ સુધી પાંચ ટ્રીપ માટે ઉપલબ્ધ રહેશે. આ રેલ સેવાના સંચાલન સમય અને સ્ટેશનો પર રોકાણમાં કોઈ બદલાવ કરવામાં આવ્યો નથી.

# નિર્લિપ્ત રાયનો લોક દરબાર : વ્યાજખોરોથી ત્રાહિમામ ૩૫ લોકોએ વ્યથા ઠાલવી

## સ્થાનિક પોલીસની ઉદાસીનતા અને ઢીલી કામગીરીથી પીડાતા અરજદારો સીધા રેન્જ આઈજી પાસે પહોંચ્યા

### પ્રથમ દિવસે રાજકોટ ગ્રામ્ય, દેવભૂમિ દ્વારકા, જામનગર, મોરબી અને સુરેન્દ્રનગરના અરજદારોને ડીઆઈજીએ વન બાય વન સાંભળ્યાં, કાર્યવાહી કરવા આદેશના ઘોડા છૂટ્યા : આજે પણ પીડીતો રૂબરૂ રજુઆત કરી શકશે




**અબતક, રાજકોટ**

વ્યાજખોરોના રંઝાડથી ત્રાહિમામ પીડિતો અનેકવાર આપઘાત સુધીના પગલાં ભરી લેતા હોય છે. જરૂરિયાતમંદોને વિપત્તીના સમયે ઉંચા વ્યાજે નાણાં ધીરી કમ્મરતોડ વ્યાજ વસુલી મિલ્કતો પડાવી લઇ લોકોને પાયમાલ કરી દેતાં વ્યાજખોરો સામે રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લીપ્ત રાયએ બાયો ચડાવી વ્યાજખોરો વિરુદ્ધ બે દિવસીય લોક દરબાર યોજી અરજદારોને રુબરુ સાંભળી તાત્કાલિક કાર્યવાહી કરવા સ્થાનિક પોલિસને આદેશ આપ્યો હતો. હજુ આજે બપોરે ચારથી છ વાગ્યાં સુધી સતત બીજા દિવસે નિર્લિપ્ત રાય અરજદારોને રુબરુ સાંભળનાર છે.

બે દિવસીય લોકદરબારમાં રાજકોટ ગ્રામ્ય, દેવભૂમિ દ્વારકા, જામનગર, મોરબી, અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાંથી મોટી સખ્યામાં લોકો આવ્યા હતા.તેમની સીધી ફરીયાદો સાંભળી હતી. જેમા વ્યાજખોરો દ્વારા કરવામાં આવતા દબાણ અને ધમકીઓ બિન કાયદેસર વસૂલાત અને માનસિક ત્રાસ અંગે ખૂલાસા કર્યા હતા.

જેમાં વ્યાજખોરો સામે પોલીસના દ્વારે આવેલા રાજકોટના અમરનગરમાં રહેતા પ્રમોદભાઈ ખાખરીયાએ ત્રણ વર્ષ પુર્વે કાલાવડના ખરેડી ગામના અજયસિંહ જાડેજા, ખીજડીયા ગામના અમરદીપસિંહ જાડેજા અને ખરેડી ગામના હંસરાજભાઈ માવજીભાઈ કોઠીયા પાસેથી કટકે કટકે રૂ.૯.૪૦ લાખ ૧૦ ટકા વ્યાજ લેખે લીધા હતા જેના ડબલ નાણા ચુકવી દિધા હોવા છતા વધુ પૈસાની માંગ કરી અપહરણ કરવાની અને પોલીસ તો અમારા ખિસ્સામાં છે કહી ધમકી આપતા હોય અને અગાઉ જામનગર એસપી સમક્ષ લેખીતમાં ફરીયાદ કરી હતી છતા આરોપીઓ સામે કોઈ કડક કાર્યવાહી થઈ ન હોવાનો આક્ષેપ કર્યા હતા.જ્યારે મોરબીના ચિરાગભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, તેમણે રૂ.૮ લાખ વ્યાજે લઈને સિક્યુરિટી રૂપે પ્લોટનો દસ્તાવેજ આપ્યો હતો. ૮ મહિના સુધી દર મહિને રૂ.૨૪ હજાર વ્યાજ ચૂકવી બાદમાં મૂળ રકમ પરત કરી દીધી છતાં રૂ.૪૦ લાખના પ્લોટનો દસ્તાવેજ પરત આપવામાં આવ્યો નથી. અગાઉ મોરબી એ ડિવિઝન અને ગાંધીનગરમાં અરજીઓ કરવા છતાં ન્યાય ન મળ્યાનો આક્ષેપ કર્યો હતો.

જેમાં રેન્જ ડીઆઈજીએ પિડીતોને વિશ્વાસ આપ્યો હતો કે પોલીસ તેમના સાથે છે. કોઈ પણ વ્યાજખોરને છોડવામાં આવશે નહી અને દરેકની ફરીયાદ ગંભીરતાથી તપાસ થશે અને ગૂનેગારીને સામે કડક કાર્યવાહી થશે. આ ઉપરાંત દરેક અરજીઓને અલગ-અલગ પોલીસ મથકમાં મોકલી તત્કાલીક તપાસ શરૂ કરવા માટે સૂચના આપવામાં આવશે. તેમજ ખાસ ટીમો બનાવી પિડીતોને ન્યાય મળે તે માટે ઝડપી કામગીરી હાથ ધરવામાં આવશે.



## ગોંડલમાં મહિલા વ્યાજખોરોનો આંતક : તોતિંગ ૧૦% વ્યાજ વસુલી એક્ટિવા પડાવી લીધું

### વ્યાજ ચૂકવવા ટ્રક વેંચ્યો છતાં ચાર શખ્સોની ટોળકીને સંતોષ ન થયો : સતત પઠાણી ઉઘરાણી કરતા પરિવારે હીજરત કરવાની ફરજ પડી

ગોંડલમાં મહિલા વ્યાજખોરોના ત્રાસથી પરિવારે હિજરત કરી હતી. તોતિંગ ૧૦ ટકા વ્યાજ પડાવી વાહનો પડાવી લેતાં ગોંડલની માતા-પુત્ર-પૌત્રવધુ અને જેતપુરની મહિલા સામે મનીલેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો.બનાવ અંગે હાલ જૂનાગઢમાં શીશુ મંગલ ફાટક પાસે રહેતાં મૂળ ગોંડલના વતની લીનાબા મહેન્દ્રસીંહ હાડા (ઉ.વ.૪૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અનિતાબેન પ્રફુલ્લ રાજયગુરૂ, ક્રિષ્નાબેન રાજયગુરૂ, ચિરાગ રાજયગુરુ અને જેતપુરની ગાયત્રીબેન ભરવાડનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓના નવ વર્ષના પુત્રને જન્મજાત હાથ પગની બીમારી છે. તેણી સાથે દિયર મયુરસીંહ તથા દેરાણી તેજલબા, સાસુ હંસાબા સંયુક્ત પરીવારમાં રહીએ છીએ. તેજલબાને આશરે બે વર્ષ પહેલા વાલનું ઓપરેશન બે વાર કરાવેલ છે. ફરીયાદીનાં પતિને ટ્રાન્સપોર્ટનો વ્યસાય હતો ત્યારે નાણાની જરૂરીયાત ઉભી થતાતેણીએ ગોંડલ યોગીનગરમા રહેતા પાડોશી અનિતાબેન પ્રફુલ્લ રાજયગુરૂ પાસેથી ફેબ્રુઆરી ૨૦૨૪ મા દેરાણી તેજલબાનુ રાજકોટ યુનિકેર હોસ્પીટલમા ઓપરેશન કરાવેલ ત્યારે રૂ.૨ લાખ ૧૦ ટકાના વ્યાજે લીધેલ હતા. તેમનુ દર મહિને વ્યાજ તેમના ઘરે રૂ. ૨૦ હજાર આપતી હતી.

તેમજ ક્રિષ્નાબેન રાજયગુરૂ જે અનિતાબેનના દિકરાના વહુ થાય છે. જે કપુરીયાપરા અનાજ દળવાની ઘંટી સામે ગોંડલમ રહે છે. તેમની પાસેથી પતિના વાહનોના લોનના હપ્તા ચડી ગયેલ હોય આથી દોઢેક વર્ષ પહેલા તેમની પાસેથી રૂ.૫ લાખ ૧૦ ટકા લેખે લીધેલ હતાં તેમને દર મહિને રૂ.૫૦ હજાર વ્યાજ પેટે રોકડા આપતી તેમજ ગાયત્રીબેન ભરાવાડ જે જેતપુર કોટડીયા વાડી ગાયત્રી મંદિર પાસે રહે છે તેમની પાસે દેરાણી તેજલબાના ઓપરેશન ખર્ચ પેટે ફેબ્રુઆરી ૨૦૨૪ થી દોઢેક માસના સમયગાળામા રૂ. ૧૨ લાખ જે માસીક રૂપીયા ૧૦ ટકાના વ્યાજે લીધેલ અને બંન્ને પતિ પત્ની દર મહિને રૂ. ૧ લાખ વ્યાજ તેમને આપતા હતાં.

**ગોંડલની માતા-પુત્ર-પૌત્રવધુ અને જેતપુરની મહિલા સામે મનીલેન્ડ એકટ હેઠળ ગુનો નોંધાયો**

આ બધાના વ્યાજના નાણા ચુકવવામા તેઓએ લીધેલ આઈસર ટ્રક હપ્તા નહિ ભરાતા ફાઈનાન્સમા જમા કરાવી દીધેલ આથી આજીવીકાનુ સાધન નહિ રહેતા વ્યાજ વાળાને તેમનુ વ્યાજ ચુકવી નહિ શકતા અનીતાબેન ઘરે અવાર નવાર આવી ગાળો આપી વ્યાજના રુપીયા નહિ આપો તો જાનથી મારી નાખીશ તેવી ધમકીઓ આપતા હતાં. તેમજ ક્રિષ્નાબેન તથા તેનો પતિ ચિરાગભાઈ બંન્ને તેમના વ્યાજના રૂપીયાની ઉઘરાણી ગાળો આપતા તેમજ છએક માસ પહેલા એકટીવા મારી નાખવાનો ભય બતાવી વ્યાજના રૂપીયાના બદલે લઈ ગયેલ તેમજ ગાયત્રીબેન ભરવાડ અવાર નવાર ફોન કરી વ્યાજના રૂપીયા આપી જવા જાનથી મારી નાખવાની ધમકી આપતા આ વ્યાજ વાળાઓના ત્રાસથી એકાદ માસથી યોગીનગર ખાતેનુ મકાન ખાલી કરી જુનાગઢ ખાતે રહેવા જતા રહેલ છીએ. બનાવ અંગેની ફરીયાદ પરથી પોલીસે મનીલેન્ડ એકટ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી છે.

# નાસાએ 'આર્ટિમિસ -૨ ' ને લોન્ચ કરી માનવજાતને ચંદ્ર પર ઉતરવા અને ત્યાંથી મંગળ પર જવા માટેની શરૂઆત કરી

**અબતક, રાજકોટ**

'ચલો ચાંદ કે પાર...' જી હા, અડધી સદી એટલે કે પૂરા ૫૦ વર્ષના લાંબી રાહ પછી, માનવજાતે ફરી એકવાર ચંદ્રના આંગણે ડગ માંડ્યા છે. નાસાનું 'આર્ટેમિસ-૨' મિશન ફ્લોરિડાથી રવાના થઈ ચૂક્યું છે. આ વખતે વાત માત્ર ચંદ્ર પર જવાની નથી, પણ ત્યાં વસવાટ કરવાની અને બ્રહ્માંડના રહસ્યો ખોલવાની છે.

આ મિશનનું હૃદય 'માનવ વિશ્વાસ અને નવી શરૂઆત' છે. તે માત્ર એક રોકેટનું લોન્ચિંગ નથી, પણ માણસ ફરીથી ચંદ્ર પર રહેવા જઈ શકે તે દિશામાં પહેલું મજબૂત ડગલું છે. તેમાં પહેલીવાર કોઈ મહિલા, પહેલા અશ્વેત વ્યક્તિ અને પહેલા બિન-અમેરિકી (કેનેડિયન) વ્યક્તિ ચંદ્રની સફરે ગયા છે, જે દર્શાવે છે કે હવે અવકાશ વિજ્ઞાનમાં સૌનો સાથ છે.

### ૫૦ વર્ષ પછી મિશન આર્ટેમિસ-૨ લોન્ચ કરવા માટેના લક્ષ્યો

અવકાશમાં માણસ માટે હવા, પાણી અને ઓક્સિજનની સિસ્ટમ બરાબર કામ કરે છે કે નહીં તે તપાસવું. અવકાશયાત્રીઓ જાતે સ્પેસક્રાફ્ટ ચલાવીને તેની ક્ષમતા અને વળાંક લેવાની શક્તિ ચકાસશે. ચંદ્રની પાછળના ભાગ સુધી જઈને અત્યાર સુધીનું સૌથી વધુ અંતર કાપવાનો રેકોર્ડ બનાવવો. પૃથ્વી પર પાછા ફરતી વખતે પ્રચંડ ગરમી સામે 'હીટ શીલ્ડ' સુરક્ષિત રહે છે કે નહીં તે જોવું. આ મિશન સફળ થાય તો જ ભવિષ્યમાં ચંદ્ર પર રહીને મંગળ ગ્રહ સુધી પહોંચી શકાશે.



**એપોલો' મિશન રશિયા સામે જીતવા અને ચંદ્ર પર પહોંચવાની સ્પર્ધા હતી , જ્યારે 'આર્ટેમિસ' મિશનનું ચંદ્ર પર પહોંચવું નથી, પણ ત્યાં માણસો લાંબો સમય રહેવાનો છે**

૫૦ વર્ષ પહેલાનું 'એપોલો' મિશન માત્ર રશિયા સામે જીતવા અને ચંદ્ર પર પહોંચવાની સ્પર્ધા હતી. જ્યારે 'આર્ટેમિસ' મિશનનું હૃદય માત્ર ચંદ્ર પર પહોંચવું નથી, પણ ત્યાં માણસો લાંબો સમય રહી શકે અને ત્યાંથી મંગળ ગ્રહ સુધી જઈ શકાય તેવી વ્યવસ્થા ઉભી કરવાનું છે.

૧૯૭૨ પછી પહેલીવાર માણસો પૃથ્વીથી આટલા દૂર (આશરે ૪ લાખ કિમી) જઈ રહ્યા છે. આ મિશન સફળ થશે તો જ આગામી સમયમાં માણસો ચંદ્રની સપાટી પર પગ મૂકી શકશે અને ત્યાં ઘર બનાવી શકશે. આમાં વપરાયેલું ઓરિયન કેપ્સ્યુલ અને એસએલએસ રોકેટ દુનિયાના સૌથી શક્તિશાળી મશીનોમાંના એક છે, જેનું પરીક્ષણ થઈ રહ્યું છે. ચીન પણ ૨૦૩૦ સુધીમાં ચંદ્ર પર પહોંચવા માંગે છે, તેની સામે અમેરિકા અને તેના સાથી દેશો પોતાની તાકાત બતાવી રહ્યા છે.

ક્રૂમાં રીડ વાઈઝમેન (કેપ્ટન), વિકટર ગ્લોવર (પાયલોટ), ક્રિસ્ટીના કોચ અને જેરેમી હેન્સનનો સમાવેશ થાય છે. તેઓ ચંદ્ર પર ઉતરશે નહીં, પણ તેની પાછળના ભાગ સુધી જઈને પરત આવશે. તેઓ સ્પેસક્રાફટના કંટ્રોલ જાતે ચલાવીને તેનું ચેકિંગ કરશે. ૧૦ દિવસ પછી આ કેપ્સ્યુલ પેસિફિક મહાસાગરમાં પેરાશૂટ દ્વારા ઉતરશે અને સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછું આવશે.

# લખનઉ સામે પ્રારંભિક ધબડકા બાદ રીઝવી-સ્ટ્બ્સે દિલ્હીને મેચ જીતાડી

### ૧૪૨ રનના આસાન લક્ષ્યને દિલ્હી કેપિટલ્સે ૧૭ બોલ બાકી રહેતા ૪ વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો

**અબતક, રાજકોટ**

આઈપીએલની ૫મી મેચમાં દર્શકોને એક જબરદસ્ત રોમાંચક મુકાબલો જોવા મળ્યો. લખનૌ સુપર જાયન્ટ્સ સામેની આ મેચમાં દિલ્હી કેપિટલ્સે ૬ વિકેટથી શાનદાર જીત મેળવી છે. એક સમયે દિલ્હીની ટીમે માત્ર ૨૬ રનના સ્કોર પર જ પોતાની ૪ મહત્વની વિકેટ ગુમાવી દીધી હતી અને એવું લાગી રહ્યું હતું કે દિલ્હી આ મેચ આસાનીથી હારી જશે. પરંતુ, ત્યારપછી યુવા ખેલાડી સમીર રિઝવી અને ટ્રિસ્ટન સ્ટબ્સની જોડીએ મેદાન પર એવો ચમત્કાર કર્યો કે આખી મેચનો પાસો જ પલટાઈ ગયો. આ બંનેએ ૧૧૯ રનની અણનમ ભાગીદારી કરીને દિલ્હીને અશકય લાગતી જીત અપાવી દીધી.

મેચની શરૂઆતમાં દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો, જે એકદમ સાચો સાબિત થયો. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી લખનૌ સુપર જાયન્ટ્સની ટીમ ૧૮.૪ ઓવરમાં માત્ર ૧૪૧ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. લખનૌ તરફથી અબ્દુલ સમદે થોડી લડત આપતા ૨૫ બોલમાં ૩૬ રન બનાવ્યા હતા. દિલ્હીના બોલર્સની વાત કરીએ તો, લુંગી ન્ગિડી અને ટી. નટરાજને તરખાટ મચાવતા ૩-૩ વિકેટ પોતાના નામે કરી હતી.

### લખનઉ માટે પંતનું ઓપનિંગ નિષ્ફળ સાબિત થયું

દિલ્હી કેપિટલ્સ સામેની મેચમાં હાર બાદ બ્રોડકાસ્ટર સાથે વાત કરતી વખતે રિષભ પંતે સૌપ્રથમ પોતાના રન આઉટ વિશે પૂછાયેલા સવાલનો જવાબ આપ્યો જેમાં તેને કહ્યું કે મને લાગે છે કે આ રીતે આઉટ થવાના આઘાતને દૂર કરવાનો બેસ્ટ રસ્તો એ છે કે તેના પર બિલકુલ ધ્યાન ન આપવું, કારણ કે મારો તેના પર કોઈ નિયંત્રણ નથી.આ સિવાય રિષભ પંતે કહ્યું કે આ પીચ પર અમે જે રીતે બેટિંગ કરી, તેનાથી અમે કોઈ મોટી પાર્ટનરશીપ કરી શક્યા નહીં. આવી સ્થિતિમાં અમને એક ઈમ્પેક્ટ પ્લેયરની પણ જરૂર હતી જે કેટલાક રન ઉમેરી શકે, પરંતુ અમે તેમાં પણ સફળ ન થયા. અમે ટોપના ક્રમમાં રાઈટ-લેફ્ટ કોમ્બિનેશન સાથે ગયા જેથી અમે તેમને શરૂઆતમાં લેફ્ટ હેન્ડ સ્પિનરોને બોલિંગ કરતા અટકાવી શકીએ.

૧૪૨ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી દિલ્હી કેપિટલ્સની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. રન ચેઝની શરૂઆતમાં જ દિલ્હીની બેટિંગ લાઈનઅપ વેરવિખેર થઈ ગઈ હતી. પાવરપ્લેમાં ટીમે માંડ ૩૩ રન બનાવ્યા ત્યાં સુધીમાં તો ૪ ટોપ ઓર્ડરના બેટ્સમેન પેવેલિયન ભેગા થઈ ગયા હતા. જેમાં કેએલ રાહુલ (૦), નીતિશ રાણા (૧૫), પથુમ નિસાન્કા (૦) અને અક્ષર પટેલ (૦) સસ્તામાં આઉટ થઈ ગયા હતા. ૨૬ રનમાં ૪ વિકેટ પડ્યા પછી દિલ્હીની જીત સાવ અશક્ય લાગી રહી હતી.

આ મુશ્કેલ પરિસ્થિતિમાં સમીર રિઝવી અને ટ્રિસ્ટન સ્ટબ્સે મોરચો સંભાળ્યો. બંનેએ પાંચમી વિકેટ માટે ૭૬ બોલમાં ૧૧૯ રનની અણનમ ભાગીદારી નોંધાવીને ઈનિંગને મજબૂતી આપી. શરૂઆતમાં સાવચેતીથી રમ્યા બાદ, મેચ જેમ જેમ આગળ વધી તેમ બંનેએ પોતાની બેટિંગની ઝડપ વધારી અને ૧૭.૧ ઓવરમાં જ ટીમને વિજય રેખા પાર કરાવી દીધી. સમીર રિઝવી આ જીતનો અસલી હીરો રહ્યો, જેણે માત્ર ૪૭ બોલમાં ૫ ચોગ્ગા અને ૪ છગ્ગાની મદદથી શાનદાર ૭૦ અણનમ રન ફટકાર્યા હતા.

લખનૌ સુપર જાયન્ટ્સ તરફથી બોલિંગમાં પ્રિન્સ યાદવે સૌથી વધુ ૨ વિકેટ લીધી હતી, જેના માટે તેણે ૩ ઓવરમાં ૨૦ રન આપ્યા હતા. આ ઉપરાંત અનુભવી બોલર મોહમ્મદ શમીએ ૪ ઓવરમાં ૨૮ રન આપીને ૧ વિકેટ અને મોહસીન ખાને ૪ ઓવરમાં ૧૯ રન આપીને ૧ વિકેટ ઝડપી હતી. જોકે, શરૂઆતના ઝટકા આપ્યા બાદ તેઓ રિઝવી અને સ્ટબ્સની જોડીને તોડવામાં નિષ્ફળ રહ્યા હતા.



# મહારાષ્ટ્રના ઝાલના નજીક રોડ પર ઉભેલા ટેમ્પોને ટ્રકે ઠોકર મારતા સર્જાયેલા અકસ્માતમાં આઠ મહિલાઓના કરુણ મોત

### જાલનામાં મોડી સાંજે કામેથી ઘેર જતી વખતે વાહનની રાહમાં ઊભેલી મહિલાઓ પર ખટારો કાળ બની ત્રાટકયો

**અબતક, રાજકોટ**

નજાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે... મૃત્યુ નિશ્ચિત છે પરંતુ તેનો સમય કોઈ જાણતું નથી.. મહારાષ્ટ્રના ઝાલના જિલ્લામાં ગઈકાલે સાંજે કામેથી ઘેર જતી વખતે વાહનની રાહ જોઈ ઊભેલી શ્રમજીવી મહિલાઓ પર પાછળથી આવેલ ટ્રક ફરી વળતા ઘટના સ્થળેટ મહિલાઓના મોત નિપજ્યા હતા અને સાતથી વધુને સામાન્યથી લઈ ગંભીર ઈજા થઈ હતી

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ નાગપુર મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર જાલના જિલ્લામાં સમૃદ્ધિ હાઈવે પર કામેથી આવીને ઘેર જવા માટે વાહનની રાહ જોઈ ઊભેલી શ્રમજીવી મહિલાઓ ને લઈને આવેલ ટેમ્પો સાઈડમાં ઉભો હતો અને મહિલાઓ રસ્તા કાંઠે વાહનની રાહ જોતી હતી ત્યારે પાછળથી પૂરપાટ ઝડપે આવેલો ખટારો મહિલાઓ પર ફરી વળ્યો હતો અને ઘટના સ્થળે ૮મહિલાઓના કરુણામોત થયા હતા. આ બનાવમાં પોલીસે તાત્કાલિક કસૂરવાર ટ્રક ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે, ઝાલના ના એસપી અજય કુમાર બંસલ એ જણાવ્યું હતું કે આ બનાવ માં કસૂરવાર ટ્રક ડ્રાઈવરને તાત્કાલિક કસ્ટડીમાં લઈ લેવામાંઆવ્યો છે આ બનાવને પગલે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસએ મૃતકોને શ્રદ્ધાંજલિ આપી પરિવારજનોને સાત્વના આપી તપાસના આદેશ સાથે ભોગ બનનારના પરિવારજનોને પાંચ લાખની સહાયની જાહેરાત કરી છે.

# માંગરોળના પીઆઈ જે.જે પટેલનું માણાવદર અનસુયા ગૌધામ ખાતે સન્માન

**અબતક, જીજ્ઞેશ પટેલ**
**માણાવદર**

માણાવદર તાલુકા વિસ્તારમાં સૌથી વધારે ખ્યાતિ પ્રાપ્ત કરી આદર્શ ગૌશાળા તરીકે છેક વિદેશની ધરતી સુધી નામના મેળવનાર અનસુયા ગૌધમ ફંડ ફાળો કે કોઈની પાસેથી દાન ધર્માદા કે ઘાસચારાની ભીખ માગ્યા વિના શેઠ પરિવાર પોતાની કમાણી માંથી ચલાવી રહ્યા છે અને આના કારણે જ તે વિશ્વવિખ્યાત થઈ છે માંગરોળ પીઆઈ જે.જે પટેલે માણાવદર અનસુયા ગૌધામની મુલાકાત લીધી હતી. અનસુયા ગૌધામ વાળા હરેશભાઈ શેઠ દ્વારા પીઆઈ જે.જે પટેલનું સન્માન કરીયુ હતું.



# અમને ટિકિટ આપો: ભાજપનાં ઉમેદવાર બનવા સેન્સમાં ભારે ઘસારો

## મહાનગરપાલિકા, જિલ્લા-તાલુકા પંચાયત અને સિક્કા નગરપાલિકા માટે ટિકિટ વાંચ્છુઓનો ભારે ઘસારો: પ્રદેશ નિરીક્ષકોએ દાવેદારોને સાંભળ્યા





### આજે વોર્ડ નં. ૧ થી ૮ ના દાવેદારો માટે 'ફ્રેન્ડઝ હોલ' ખાતે જ્યારે વોર્ડ નં. ૯ થી ૧૬ ના દાવેદારો માટે ભાજપ કાર્યાલય ખાતે વ્યવસ્થા કરવામાં આવી છે

જામનગર શહેર અને જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો શંખનાદ વાગી ચૂક્યો છે. આગામી ૨૬મી એપ્રિલે યોજાનારી જામનગર મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને સિક્કા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ માટે ભારતીય જનતા પાર્ટીએ અત્યારથી જ આક્રમક રણનીતિ સાથે પ્રચાર અને ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા તેજ કરી દીધી છે. આજે શહેર અને જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સવારથી જ ઉમેદવારી ફોર્મ લેવા અને સેન્સ પ્રક્રિયામાં ભાગ લેવા માટે કાર્યકરો અને નેતાઓનો અભૂતપૂર્વ ધસારો જોવા મળ્યો હતો.જામનગર મહાનગર પાલિકાના તમામ ૧૬ વોર્ડની ચૂંટણી માટે શહેર ભાજપ દ્વારા સત્તાવાર રીતે ફોર્મ વિતરણની કામગીરી શરૂ કરવામાં આવી છે. શહેર ભાજપ કાર્યાલય ખાતે સવારથી જ સેંકડો ટિકિટ વાંચ્છુઓ પોતાના સમર્થકો સાથે ઉમટી પડ્યા હતા. પક્ષ દ્વારા લોકશાહી ઢબે અને પારદર્શક રીતે ઉમેદવારોની પસંદગી થાય તે હેતુથી નિરીક્ષકોની હાજરીમાં દાવેદારોને સાંભળવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આજે વોર્ડ નં. ૧ થી ૮ ના દાવેદારોને ફ્રેન્ડઝ હોલ ખાતે અને વોર્ડ નં. ૯ થી ૧૬ ના દાવેદારોને શહેર ભાજપ કાર્યાલય ખાતે નિરીક્ષકોની ટીમ દ્વારા વ્યક્તિગત અને સામુદાયિક રીતે સાંભળવામાં આવી રહ્યા છે. દરેક વોર્ડમાંથી અનેક નવા ચહેરાઓ અને પૂર્વ કોર્પોરેટરોએ પોતાની દાવેદારી નોંધાવી છે, જેના કારણે સંગઠનમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.બીજી તરફ, જામનગર જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને સિક્કા નગરપાલિકાની ચૂંટણીઓ માટે પણ ભાજપ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. 'અટલ ભવન' જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા નિયુક્ત કરવામાં આવેલા ખાસ છ નિરીક્ષકોની ઉપસ્થિતિમાં સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયા માટે નિરીક્ષકોને બે અલગ-અલગ ગ્રુપમાં વહેંચવામાં આવ્યા છે.ગ્રુપ-૧ માં સામેલ પૂર્વ જિલ્લા પ્રમુખ નિલેશભાઈ શાહ, મીનાબેન પ્રજાપતિ અને જનકભાઈ પટેલે આજે જોડિયા અને ધ્રોલ તાલુકા તેમજ સિક્કા નગરપાલિકાના દાવેદારોના મંતવ્યો લીધા હતા. જ્યારે ગ્રુપ-૨ માં મધુબેન પટેલ, હિતેશભાઈ પટેલ અને મહેન્દ્રભાઈ બાવલીયાની ટીમે કાલાવડ, લાલપુર અને જામજોધપુર પંથકના ઉમેદવારોની રજૂઆતો સાંભળી હતી. ગ્રામ્ય વિસ્તારોમાં ભાજપની મજબૂત પકડ જાળવી રાખવા માટે પક્ષના પાયાના કાર્યકરોથી લઈને સ્થાનિક આગેવાનો સુધીના તમામ દાવેદારોની સેન્સ લેવામાં આવી હતી.

### પેનલ અને પસંદગીની આખરી મહોર

નિરીક્ષકો દ્વારા લેવામાં આવેલી આ સેન્સ પ્રક્રિયા બાદ, દરેક બેઠક દીઠ ત્રણ-ત્રણ મજબૂત ઉમેદવારોની યાદી એટલે કે 'પેનલ' તૈયાર કરવામાં આવશે. આ પેનલનો અહેવાલ પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડને સુપરત કરવામાં આવશે. ત્યારબાદ પક્ષના વરિષ્ઠ નેતાઓ દાવેદારોની શૈક્ષણિક લાયકાત, પક્ષ પ્રત્યેની વફાદારી, સામાજિક સમીકરણો અને જીતવાની ક્ષમતાના આધારે ઉમેદવારોના નામ પર આખરી મહોર મારશે. ભાજપમાં ટિકિટ મેળવવા માટે જે રીતે દાવેદારોનો રાફડો ફાટ્યો છે, તે જોતા આગામી દિવસોમાં ઉમેદવાર પસંદગી પ્રક્રિયા ઘણી રસપ્રદ બની રહેશે.

# ચૂંટણી પહેલા જ કોંગ્રેસ અને કરણી સેનામાં મોટું ગાબડું: ૫૦થી વધુ યુવાનો કેસરિયા રંગે રંગાયા

## વોર્ડ નં. ૨ ના સક્રિય અગ્રણી ૠષિરાજસિંહ જાડેજા સાથીદારો સાથે ભાજપમાં જોડાયા



સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થતાની સાથે જ જામનગરમાં રાજકીય પલટાની મોસમ શરૂ થઈ ગઈ છે. આજે જામનગર શહેર ભાજપ કાર્યાલય ખાતે કોંગ્રેસ અને કરણી સેનાના ૫૦ જેટલા સક્રિય યુવાનો અને અગ્રણીઓએ વિધિવત રીતે ભારતીય જનતા પાર્ટીનો છેડો પકડતા ૠષિરાજસિંહનો 'રામ-રામ' વોર્ડ નંબર ૨ ના કોંગ્રેસના જાણીતા અને સક્રિય કાર્યકર્તા ૠષિરાજસિંહ જાડેજાએ કોંગ્રેસ સાથેના છેડા ફાડી પોતાના સમર્થકો સાથે ભાજપમાં પ્રવેશ કર્યો છે. શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારીએ તેમને અને તેમના ટેકેદારોને ભાજપનો ખેસ પહેરાવી પક્ષમાં ભાવભર્યુ સ્વાગત કર્યું હતું. ૠષિરાજસિંહના જોડાવાથી વોર્ડ નંબર ૨ માં ભાજપની પકડ વધુ મજબૂત બનશે તેમ મનાય છે.

# નવનિયુક્ત જિલ્લા કલેક્ટર તરીકે પી.બી. પંડ્યાએ કાર્યભાર સંભાળ્યો

## ચૂંટણીઓ સુચારૂ રીતે પાર પાડવી અને પ્રજાલક્ષી વહીવટએ મુખ્ય પ્રાથમિકતા રહેશે: પદભાર ગ્રહણ કરતા કલેક્ટર પંડ્યાનો સંકલ્પ



જામનગર જિલ્લાના મુખ્ય વહીવટી વડા તરીકે નવનિયુક્ત કલેક્ટર પી.બી. પંડ્યાએ આજે વિધિવત રીતે પોતાનો પદભાર સંભાળી લીધો છે.

કલેક્ટર કચેરી ખાતે પરંપરાગત વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી તેમણે જવાબદારી સ્વીકારી હતી, જ્યાં જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને વિવિધ વિભાગીય વડાઓ દ્વારા તેમનું પુષ્પગુચ્છ આપી ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

પદભાર સંભાળ્યા બાદ તુરંત જ નવનિયુક્ત કલેક્ટરે જિલ્લાની ભૌગોલિક સ્થિતિ અને વહીવટી માળખાની પ્રાથમિક સમીક્ષા કરી હતી. તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આગામી સમયમાં યોજાનાર મ્યુનિસિપલ કોર્પોરેશન, જિલ્લા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણીઓ સંપૂર્ણ પારદર્શક અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે વહીવટી તંત્રની સર્વોચ્ચ પ્રાથમિકતા રહેશે. આ ઉપરાંત, સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે તંત્રને વધુ ગતિશીલ બનાવવાની નેમ વ્યક્ત કરી હતી.

કલેક્ટર પી.બી. પંડ્યાએ વધુમાં ઉમેર્યું હતું કે, પ્રજાના પ્રશ્નોનું ત્વરિત અને સચોટ નિરાકરણ લાવવા માટે તમામ વિભાગો વચ્ચે સંકલન સાધવામાં આવશે. જામનગર જિલ્લાના સર્વાંગી વિકાસ માટે તેઓ કટિબદ્ધ છે અને વહીવટને વધુ 'પીપલ ફ્રેન્ડલી' (પ્રજાભિમુખ) બનાવવા પર ભાર મૂકશે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી નિવાસી અધિક કલેક્ટર સહિત વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નવી નિયુકિત સાથે જ જિલ્લાના વહીવટી તંત્રમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### સ્ટેટ જીએસટીમાં સંગઠિત ભ્રષ્ટાચારના કિસ્સાથી ખળભળાટ!!

# 'કલ્પ એન્ટરપ્રાઈઝ' કેસમાં અડધા કરોડથી વધુ રકમ બેંક દ્વારા લેવાયાનો ગંભીર આક્ષેપ

## સસ્પેન્ડેડ અધિકારી એસ.કે. પટેલ અને તેની સાથે સંકળાયેલી ત્રિપુટી વેપારીને નિયમોનો ડર બતાવી ઉઘરાણા કરતા હોવાનો આક્ષેપ : તટસ્થ તપાસની માંગ

જામનગરમાં રાજ્ય વેરા વિભાગમાં ચાલતા સંગઠિત ભ્રષ્ટાચારનો વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવતા ખળભળાટ મચી ગયો છે. સસ્પેન્ડ કરાયેલા સહાયક રાજ્ય વેરા કમિશનર એસ.કે. પટેલ અને તેમની સાથે સંકળાયેલા તત્વોએ વેપારીઓને જીએસટીના નિયમોનો ડર બતાવી, REG-17 જેવી નોટિસો આપીને લાખો રૂપિયાની ખંડણી ઉઘરાવી હોવાના આક્ષેપો થયા છે. ખાસ કરીને કલ્પ એન્ટરપ્રાઈઝ ના કેસમાં આશરે રૂ ૬૦ લાખની લાંચ ની માંગણી કરી, તે રકમ બેંક ટ્રાન્ઝેક્શન દ્વારા અલગ-અલગ ખાતાઓમાં ટ્રાન્સફર કરાવાઈ હોવાના પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા છે.

આ કૌભાંડમાં એવી મોડસ ઓપરેન્ડી સામે આવી છે કે અધિકારીઓ અને વચેટિયાઓની 'ત્રિપુટી' વેપારીઓને ટાર્ગેટ કરતી હતી. વેપાર બંધ કરાવી દેવાની ધમકી આપીને મોટી રકમ પડાવવામાં આવતી હતી. આ મામલે રાજકીય પક્ષના અગ્રણી સામે પણ લેખિત ફરિયાદ થતા કેસ વધુ સંવેદનશીલ બન્યો છે. પોલીસ અને GST વિભાગે હાલ તપાસ હાથ ધરી છે, પરંતુ જે રીતે નાણાકીય વ્યવહારો બેંક મારફતે થયા છે, તે જોતા આ મામલામાં ઉચ્ચસ્તરીય અને સ્વતંત્ર તપાસ અનિવાર્ય બની છે.સામાન્ય રીતે કચોરી અને ખાણીપીણી માટે પ્રખ્યાત જામનગર હવે ભ્રષ્ટ અધિકારીઓના કૌભાંડોને કારણે ચર્ચામાં આવ્યું છે. આ કેસમાં માત્ર સસ્પેન્શન પૂરતું નથી, પરંતુ સરકાર દ્વારા રિકવરી અને કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે. જો સમયસર દાખલારૂપ પગલાં લેવામાં નહીં આવે, તો સામાન્ય વેપારીઓનો સિસ્ટમ પરથી વિશ્વાસ ઉઠી જવાની ભીતિ સેવાઈ રહી છે.

# વિહિપ દ્વારા સંગઠન વિષે ટિપ્પણી અને પીડિત પરિવારને ન્યાય મુદ્દે આવેદન

## ફરિયાદ નોંધવા ગયેલા પરિવારનું અપમાન કરનાર પોલીસકર્મી સામે કડક પગલાં લેવા માંગ; યોગ્ય કાર્યવાહી નહીં થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી



જામનગરના સિટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક પોલીસ કર્મચારી દ્વારા વિશ્વ હિન્દુ પરિષદ જેવા રાષ્ટ્રવાદી સંગઠનો વિશે નિમ્ન કક્ષાની ટિપ્પણી કરવામાં આવતા ભારે વિવાદ સર્જાયો છે. આ મુદ્દે તેમજ એક પીડિત હિન્દુ પરિવારને ન્યાય અપાવવાની માંગ સાથે આજે વિશ્વ હિન્દુ પરિષદના આગેવાનોએ નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલાને રૂબરૂ મળીને આવેદનપત્ર પાઠવ્યું હતું.શહેરના દાવલશા ફળી વિસ્તારમાં રહેતા અને દુર્ગાવાહિની સાથે સંકળાયેલા કૃપાલીબેન પરમારના પરિવાર પર પાડોશમાં રહેતા અસામાજિક તત્વોએ હુમલો કર્યો હતો. જ્યારે પરિવાર આ અંગે ફરિયાદ નોંધાવવા પોલીસ મથકે પહોંચ્યો, ત્યારે ત્યાં હાજર કોન્સ્ટેબલે સહકાર આપવાને બદલે સંગઠન વિશે અપમાનજનક શબ્દો ઉચ્ચાર્યા હોવાનો અને ફરિયાદ ન નોંધવા દબાણ કર્યું હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે.વિશ્વ હિન્દુ પરિષદના જામનગર મહાનગર અધ્યક્ષ વિજયભાઈ બાબરીયાએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે, પ્રજાના રક્ષક ગણાતા પોલીસ કર્મીઓ જો પૂર્વગ્રહ રાખીને આવું વર્તન કરશે તો સામાન્ય જનતાનો પોલીસ પરથી ભરોસો ઉઠી જશે. આવેદનપત્રમાં માંગ કરવામાં આવી છે કે, જવાબદાર પોલીસ કર્મચારી સામે તાત્કાલિક શિક્ષાત્મક પગલાં લેવામાં આવે અને પીડિત પરિવારને હેરાન કરતા અસામાજિક તત્વોની ધરપકડ કરવામાં આવે.

### હર ઘર, હર ગલી ડેન્ટિસ્ટ' અભિયાન

# ડેન્ટલ કોલેજની ટીમ મોઢાના કેન્સર સામે લડશે જંગ

## ગ્રીન ટોબેકો સિકનેસ' અને 'થર્ડ હેન્ડ સ્મોકિંગ' જેવા અદ્રશ્ય જોખમો સામે નિષ્ણાતોએ લાલબત્તી



સૌરાષ્ટ્રમાં મોઢાના કેન્સરના વધતા વ્યાપ અને તંબાકુના વ્યસનને નાબૂદ કરવાના ઉદ્દેશ્ય સાથે સરકારી ડેન્ટલ કોલેજ, જામનગર દ્વારા 'હર ઘર, હર ગલી ડેન્ટિસ્ટ' અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ વિસ્તારમાં તંબાકુનું સેવન કરનાર અંદાજે ૫૦% લોકો કેન્સર જેવી ગંભીર બીમારીઓથી અકાળે મૃત્યુ પામતા હોવાના ચોંકાવનારા આંકડાઓ વચ્ચે તબીબી નિષ્ણાતો દ્વારા હવે સીધું ફિલ્ડમાં ઉતરીને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

આ અભિયાન અંતર્ગત નિષ્ણાતો દ્વારા ખાસ કરીને માવો, સોપારી અને ધુમ્રપાન વગરના તંબાકુથી થતા 'ઓરલ સબમ્યુકસ ફાઈબ્રોસિસ' જેવા રોગો અંગે લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. આ રોગમાં દર્દીનું મોઢું ખુલવાનું બંધ થઈ જાય છે, જે કેન્સરની પૂર્વ અવસ્થા ગણાય છે. યુવાનોમાં વધી રહેલા સિગારેટ, હુક્કા અને ઈ-સિગારેટના જોખમો વિશે પણ ગંભીર ચેતવણી આપવામાં આવી રહી છે.

ડેન્ટલ કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. હાથીવાલાએ માત્ર ધુમ્રપાન કરનાર જ નહીં, પરંતુ 'થર્ડ-હેન્ડ' અને 'ફોર્થ-હેન્ડ' સ્મોકિંગના જોખમો વિશે માહિતી આપતા જણાવ્યું કે, દીવાલો અને ફર્નિચર પર જમા થતા નિકોટીનના કણો બાળકો અને પર્યાવરણ માટે અત્યંત ઘાતક સાબિત થાય છે. તંબાકુની ખેતી અને ઈ-સિગારેટના કચરાથી થતા પર્યાવરણીય પ્રદૂષણ અંગે પણ લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ અભિયાન દ્વારા જામનગર ડેન્ટલ કોલેજે સમગ્ર જનતાને તંબાકુ મુક્ત થઈ સ્વસ્થ સમાજના નિર્માણમાં જોડાવા આહવાન કર્યું છે.

# જામનગર અને ઓખામાં સૂર્ય ફરતે રચાયેલું અદભૂત 'પ્રભામંડળ'દેખાયું

## વાતાવરણમાં ભેજ અને બરફના સ્ફટિકોના કારણે સર્જાયેલું આકાશી તેજવલય ખગોળપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું



જામનગર અને ઓખા મંડળના આકાશમાં ગઈકાલે બપોરે એક વિરલ અને મનમોહક દ્રશ્ય જોવા મળ્યું હતું. ભરબપોરે સૂર્યની આસપાસ એક વિશાળ અને તેજસ્વી પ્રકાશિત વર્તુળ દેખાતા લોકોમાં કુતૂહલ સાથે આશ્ચર્ય ફેલાયું હતું. વિજ્ઞાનની ભાષામાં 'પ્રભામંડળ' તરીકે ઓળખાતી આ ઘટનાએ નગરજનો અને ખગોળ પ્રેમીઓને આકાશ તરફ નજર માંડવા મજબૂર કર્યા હતા.આ અનોખી ઘટના વિશે વિગતો આપતા ખગોળશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે, જ્યારે વાતાવરણના ઉપલા સ્તરમાં ભેજનું પ્રમાણ વધે છે ત્યારે સિરસ વાદળોમાં રહેલા બરફના સૂક્ષ્મ ષટ્કોણ સ્ફટિકોમાંથી સૂર્યપ્રકાશ પસાર થાય છે. આ સ્ફટિકો એક પ્રિઝમની જેમ કામ કરે છે, જેના કારણે પ્રકાશનું વક્રીભવનથવાથી સૂર્યની ફરતે ૨૨ ડિગ્રીનું એક તેજસ્વી વલય રચાય છે.

ખગોળ મંડળના સંયોજક કિરીટ શાહના જણાવ્યા અનુસાર, આ પ્રભામંડળમાં ઘણીવાર મેઘધનુષ જેવા હળવા રંગો પણ જોવા મળે છે, જેમાં અંદરની તરફ લાલાશ અને બહારની તરફ વાદળી રંગની ઝાંય દેખાય છે. સામાન્ય રીતે ભેજવાળા હવામાનમાં સર્જાતી આ ઑપ્ટિકલ ઘટના ભાગ્યે જ જોવા મળે છે, જે ગઈકાલે સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં સ્પષ્ટપણે નિહાળવા મળી હતી.

# દિગ્વિજય પ્લોટમાં શ્વાનના મુદ્દે હિંસક વળાંક દંપતી પર હુમલો: ત્રણ સામે ફરિયાદ

જામનગર શહેરના દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં કૂતરા બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કરતાં ત્રણ વ્યક્તિઓએ મળીને દંપત્તિ પર હુમલો કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે.પોલીસ ફરિયાદ મુજબ તા. ૩૧ માર્ચના રોજ બપોરે દોઢ વાગ્યે હનુમાન ટેકરી, દી-પ્લોટ ૪૯ રોડ, જય ભારત ગરબી ચોક વિસ્તારમાં આ ઘટના બની હતી. જૂના વિવાદનો ખાર રાખીને ત્રણ આરોપીઓ દિનેશભાઈ જોઈસર, ખેતાભાઈ ઘૂઘરાવાળો, અને મયલો ભંગારવાળો વગેરે લાકડાના ધોકા લઈને આવ્યા અને ફરીયાદી મુકુલકુમારસિંહ ઉર્ફે ગૌતમસિંહ કાકન (ઉ.વ. ૩૨) પર હુમલો કર્યો હતો.આરોપીઓએ ગાળો આપી હુમલો કરતાં મુખ્ય આરોપી દિનેશ જોઈશરે ફરીયાદીના કપાળના ભાગે ધોકાનો ઘા મારતા લોહી નીકળ્યું હતું અને તેને ત્રણ ટાંકા લેવા પડ્યા હતા. હુમલા દરમિયાન ફરીયાદીની પત્ની સુમનબેન બચાવવા આવતા તેને પણ માર મારવામાં આવ્યો હતો, જેના કારણે તેને હાથમાં ઈજા પહોંચી હતી. ઉપરાંત આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ આરોપ છે.

# મલેક પરિવારનું ગૌરવ



શહેરના સોઢાવાડી વિસ્તારમાં રહેતા અબ્દુલનઈમ મલેકની પુત્રી તનાઝ મલેકે રાષ્ટ્રીય સ્તરની શિક્ષક પાત્રતા પરીક્ષાપાસ કરીને મલેક પરિવાર અને મુસ્લિમ સમાજનું નામ રોશન કર્યું છે.ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતી તનાઝે બી.કોમ, એમ.કોમ, બી.એડ અને પી.ટી.સી. બાદ હવે ટેટ માં ૮૩ ગુણ મેળવીને સફળતા પ્રાપ્ત કરી છે. બુરહાન ટ્રેડર્સના સંચાલક પિતા અબ્દુલનઈમભાઈના સતત પ્રોત્સાહન અને મહેનત થકી દીકરીએ આ સિદ્ધિ હાંસલ કરી છે. શિક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતી તનાઝને પરિવાર અને સ્નેહીજનો દ્વારા અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# સોમવારે ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થશે: ઉમેદવારી ફોર્મ ભરી શકાશે

## ચૂંટણી લડવા ઈચ્છુકો ૬ થી ૧૧ એપ્રિલ સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકશે: ૧૩ એપ્રિલે ફોર્મની ચકાસણી, ૧૫મીએ દાવેદારી પાછી ખેંચી શકાશે

- ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થશે : ૬ એપ્રિલ
- ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : ૧૧ એપ્રિલ
- ઉમેદવારી ફોર્મ ચકાસણી : ૧૩ એપ્રિલ
- ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ : ૧૫ એપ્રિલ
- મતદાનની તારીખ : ૨૬ એપ્રિલ
- મત ગણતરીની તારીખ : ૨૮ એપ્રિલ
- ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તારીખ : ૩૦ એપ્રિલ

### રાજ્યમાં ૧૧૦૦૦ સંવેદનશીલ અને ૩૩૦૦ અતિ સંવેદનશીલ મતદાન મથકો

### ચૂંટણી પ્રકિયા શાંતિ પૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે માટે ૨.૬૧ લાખ પોલીસ જવાનોને તૈનાત કરાશે

સંપૂર્ણ ચૂંટણી પ્રક્રિયા શાંતિ પૂર્ણ માહોલમાં યોજાઈ તે માટે ૨.૬૧ લાખ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવશે. રાજ્યમાં ૧૧૦૦૦ સંવેદનશીલ અને ૩૩૦૦ અતિ સંવેદનશીલ મતદાન મથકોની ઓળખ કરવામાં આવી છે. ઈવીએમની વાત કરવામાં આવે તો ગ્રામ્ય વિસ્તાર માટે ૫૩૦૦૦ બીયુ અને ૪૮૦૦૦ સીયુ જ્યારે શહેરી વિસ્તાર માટે ૪૦૦૦ બીયુ અને ૮૦૦૦ સીયુની ફાળવણી કરવામાં આવી છે. મતદારો નિર્ધારિત ૧૪ ઓળખ દસ્તાવેજોના આધારે પોતાનો કિંમતી મત આપી શકશે.

## ૨૬મી એપ્રિલે ૧૫ મહાપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતો માટે મતદાન: ૨૮મીએ મત ગણતરી: ૩૦ એપ્રિલે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ

**અબતક, રાજકોટ**

રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી જ્યારે ૧૧ નગરપાલિકાઓની ખાલી પડેલી ૧૩ બેઠકો માટેની પેટા ચૂંટણીના મતદાનની તારીખનું એલાન રાજ્ય ચૂંટણી પંચ દ્વારા કરી દેવામાં આવ્યું છે. ચૂંટણીની જાહેરાત સાથે જ રાજ્યભરમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવી ગઈ છે. આગામી ૬ એપ્રિલ અર્થાત્ સોમવારે ચૂંટણીનું જાહેરનામું પ્રસિધ્ધ થતાની સાથે જ ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાનો આરંભ થશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા આગામી ૩૦ એપ્રિલે પૂર્ણ થઈ જશે.

રાજ્યની ગાંધીનગર અને જૂનાગઢ સિવાયની અમદાવાદ, આણંદ, કચ્છ, ખેડા, જામનગર, નવસારી, પોરબંદર, ભાવનગર, મહેસાણા, મોરબી, રાજકોટ, વડોદરા, વલસાડ, સુરત અને સુરેન્દ્રનગર મહાનગરપાલિકા ઉપરાંત રાજ્યની ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની ચૂંટણી ગઈકાલે સાંજે જાહેર થતાની સાથે જ રાજ્યભરમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવી જવા પામી છે. આગામી ૬ એપ્રિલના રોજ ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થતાની સાથે જ ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાનો આરંભ થશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવા ઈચ્છુકો ૧૧મી એપ્રિલ સુધીમાં ઉમેદવારી ફોર્મ ભરી શકશે. ઉમેદવારી ફોર્મની ચકાસણી ૧૩ એપ્રિલના રોજ કરવામાં આવશે. ૧૫ એપ્રિલ સુધી ઉમેદવારી ફોર્મ પરત ખેંચી શકાશે. પાલિકા અને પંચાયત માટે એક જ દિવસે ૨૬ એપ્રિલના રોજ સવારે ૭ વાગ્યાથી લઈ સાંજના ૬ વાગ્યા સુધી મતદાન હાથ ધરવામાં આવશે. પુનઃ મતદાન કરવાની જરૂરિયાત પડે તો ૨૭મી એપ્રિલના રોજ મતદાન હાથ ધરાશે.

૨૮મી એપ્રિલના રોજ એક સાથે મત ગણતરી હાથ ધરવામાં આવશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ૩૦મી એપ્રિલ સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે.

ચૂંટણી લડતા ઉમેદવારો અને રાજકીય પક્ષો માટે રાત ઓછી અને વેશ ઝાઝા જેવી સ્થિતિ સર્જાય જવા પામી છે. હાલ ભાજપ દ્વારા ઉમેદવારોના પસંદગી માટે સેન્સ પ્રક્રિયા ચાલી રહી છે. જે આવતીકાલે પૂર્ણ થયા બાદ સપ્તાહના અંતે પાર્લામેન્ટ બોર્ડની બેઠક મળશે. જેમાં ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. આગામી બુધવારે અથવા ગુરૂવારે ભાજપ દ્વારા ઉમેદવારોના નામ જાહેર કરી દેવાશે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પણ આવતા સપ્તાહથી ક્રમશઃ ઉમેદવારો જાહેર કરશે.

### કોંગ્રેસ ૫૦ ટકા યુવાનોને ચૂંટણીમાં ટિકિટ આપશે: અમિત ચાવડા

#### ટૂંક સમયમાં ઉમેદવારોના નામની કરાશે જાહેરાત

મહાનગરપાલિકા - જિલ્લા પંચાયત- તાલુકા પંચાયત - નગરપાલિકાની જાહેર થયેલી ચૂંટણી સમયપત્ર અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજની ચૂંટણીની રાહ ઘણા વખતથી જોવાતી હતી તે દિશામાં ગુજરાત કોંગ્રેસે ઘણા સમયથી કમર કસી લીધી છે. ગુજરાત રાજ્યમાં કોંગ્રેસ દ્વારા આયોજિત જનઆક્રોશ યાત્રાના માધ્યમથી પ્રજાના પ્રશ્નોને વાચા આપી છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને ભાજપે ભ્રષ્ટાચારના અડ્ડા બનાવી દીધા છે. ગુજરાતમાં પરિવર્તનનો પવન ફંકાઈ ચુક્યો છે. ગુજરાત રાજ્યની ૩૪ જિલ્લા પંચાયત, ૧૫ મહાનગર પાલિકા, ૨૬૦ તાલુકા પંચાયત અને ૮૪ નગરપાલિકાની ચૂંટણીની જાહેરાત થઈ ચૂકી છે ત્યારે સમગ્ર ગુજરાતમાં જિલ્લા, નગરપાલિકા, તાલુકા કક્ષાએ નિરીક્ષકો મોકલીને સંપૂર્ણ અહેવાલ તૈયાર કરી દેવામાં આવ્યો છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઉમેદવાર પસંદગીની જવાબદારી સ્થાનિક ચૂંટણી સમિતિને સોંપાઈ ગઈ છે. નિરીક્ષકો દ્વારા સ્થાનિક કક્ષાએ ઉમેદવારો, આગેવાનો અને કાર્યકરોને સંભાળવામાં આવ્યા છે. સ્થાનિક ચૂંટણી સમિતિના માધ્યમથી ઉમેદવારોની પસંદગી થશે.

ગુજરાત કોંગ્રેસ દ્વારા આવનારી ચૂંટણીમાં ૫૦% બેઠકો ઉપર યુવાનોને તક આપવામાં આવશે. જ્યારે મહિલા બેઠકો ઉપર ૫૦ ટકા મહિલાઓને હિસ્સેદારી મળવાની છે. કોંગ્રેસ દ્વારા વિચારધારા જોડે પ્રતિબધ્ધ, પ્રજાના પ્રશ્નો માટે લડનાર પ્રમાણિક ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. ભાજપ સીધી રીતે ચૂંટણી જીતી નથી શકતી એટલે ઘણી વખત અનૈતિક રસ્તાઓનો ઉપયોગ કરે છે ત્યારે ચોક્કસથી કાળજી લઈ ઉમેદવારોને ચકાસીને જાહેરાત કરવામાં આવશે. ભાજપની મેલી મુરાદ ક્યારેય કોંગ્રેસ પૂરી થવા દેશે નહીં અને ભાજપના તેમના હથકંડાને પરાજિત કરાશે.

### ૪.૪૦ કરોડ મતદારો: ૪૯,૫૯૧ મતદાન મથકો ઉભા કરાશે

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના આંકડા પર નજર કરવામાં આવે તો આ વખતે ચૂંટણી ૨૭ ટકા ઓબીસી અનામત સાથે યોજાશે. રાજ્યમાં કુલ ૪.૪૦ કરોડ મતદારો નોંધાયા છે.જેમાંથી મનપા વિસ્તારમાં ૧.૧૦ કરોડ અને નગરપાલિકામાં ૩૩ લાખ મતદારો છે. પંચે કુલ ૪૯,૫૯૧ મતદાન મથકો નક્કી કર્યા છે, જેમાં એક મથક દીઠ સરેરાશ ૧૨૦૦ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે.

# પોરબંદરમાં હનુમાન જયંતિની અનોખી ઉજવણી: મહારકતદાન કેમ્પમાં ૪૦૦૦ બોટલથી વધુ રકત એકત્રિત

## સમાજ સેવા અને ભકિતનો સંગમ: કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયા સહિતના આગેવાનોએ રકતદાન કર્યું





**અબતક, પુજા થાનકી, પોરબંદર**

પોરબંદરમાં બાલા હનુમાન મંદિરે મહારકતદાન કેમ્પ સાથે હનુમાન જન્મોત્સવની ઉજવણીનો પ્રારંભ થયો હતો. ત્યારે મહારક્તદાન કેમ્પનો સાંસદ તથા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ ખાસ ઉપસ્થિત રહી રક્તદાન કેમ્પ નો પ્રારંભ કરાવ્યો હતો. - પોરબંદરના બાલા હનુમાન મંદિર ખાતે બાલા હનુમાન ગ્રૂપ તેમજ કેતનભાઈ ગક્ક્રર દ્વારા હનુમાન જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે.

આ જન્મોત્સવ નિમિત્તે વિશાળ મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પોરબંદરના સાંસદ તથા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ રક્તદાન કરી પ્રારંભ કરાવ્યો હતો. સાંસદ દ્વારા જણાવ્યું હતું કે પોરબંદરના વતનીઓ દેશ-વિદેશમાં ક્યાંય પણ વસતા હોય, છતાં રક્તદાન જેવા પુણ્ય કાર્યમાં સહભાગી થઈને પોતાની સામાજિક જવાબદારી નિભાવવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

આ કાર્યક્રમમાં સવાર થી સાંજ સુધીમાં મોટી સંખ્યામાં રક્તની બોટલો એકત્રિત થઈ હતી. આજે વિવિધ સુરક્ષા એજન્સીના જવાનો તેમજ મોટી સંખ્યામાં શહેરીજનો રક્તદાન કરવા ઉમટી પડ્યા હતા.- આ કાર્યક્રમમાં જુનાગઢ રેન્જના આઈ.જી રાજેન્દ્રસિંહ ચુડાસમા, જિલ્લા કલેકટર એસ.ડી. ધાનાણી, જિલ્લા વિકાસ અધિકારી બી.બી. ચૌધરી, જિલ્લા પોલીસ વડા ભગીરથસિંહ જાડેજા, રાજપૂત સમાજના પ્રમુખ રાજભા જેઠવા, જિલ્લા ભાજપ પ્રમુખ ચેતના બેન તિવારી, શહેર પ્રમુખ સાગર મોદી તેમજ અગ્રણી રામદેવભાઈ મોઢવાડીયા અને કેતનભાઈ ગક્કર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પોરબંદરના ઈતિહાસના સૌથી વિશાળ મહારક્તદાન કેમ્પ યોજાઈ રહ્યો છે જેમાં બાલા હનુમાન મંદિરે હનુમાન જન્મોત્સવ ઉજવાશે આ મહામહોત્સવ ની ત્રિદિવસીય ઉજવણી નો જીલ્લાભર માં પ્રારંભ થયો છે- પોરબંદર ના સુદામા ચોક વિસ્તારમાં આવેલ બાલા હનુમાન મંદિર ખાતે આ વર્ષે પણ હનુમાન જન્મોત્સવ મહોત્સવ ભવ્યતા અને વૈવિધ્ય સાથે ઉજવાશે. આ મહોત્સવનું મુખ્ય આકર્ષણ ઈતિહાસનો સૌથી વિશાળ મહારક્તદાન કેમ્પ રહેશે, જે માનવસેવાના ક્ષેત્રમાં એક નવા માપદંડ સ્થાપિત કરશે. ગત વર્ષે મહારકતદાન કેમ્પ માં ૫૫૦૦ બોટલ રક્ત એકત્રિત થયું હતું


આ વર્ષે ૯૦૦૦ થી ૧૦,૦૦૦ બોટલ રક્ત બોટલ એકત્રિત કરવાનો ટાર્ગેટ છે. તેમજ પ્રસાદ દર વર્ષ મુજબ આ વર્ષે પણ વિતરણ કરવામાં આવશે. આ વર્ષે ૮૦,૦૦૦ પ્રસાદ બોક્સ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જે સેવાકાર્ય માં પણ મહાનુભાવો થી લઈ ને સ્વયંસેવકો ઉત્સાહભેર જોડાયા છે રકતદાતાઓ ને ૪ પ્રકાર ના બ્લડ ટેસ્ટ પણ વિનામૂલ્યે કરી અપાશે રકતદાતાઓ એ રક્તદાન માટે ક્તાર લગાવી હતી અને મોટી સંખ્યા માં બહેનો એ પણ રક્તદાન કરી માનવતા મહેકાવી હતી પોરબંદર ના ઈતિહાસ માં પ્રથમ વાર સુદામા ચોક માં એસી ડોમની વ્યવસ્થા કરવામાં આવી છે,

આવતીકાલે તા ૨ ના રોજ સમગ્ર જિલ્લા માં સવારે ૭ વાગ્યા થી રક્તદાન શરૂ થઈ જશે. જેમાં પોરબંદર ઉપરાંત રાણાવાવ, કુતિયાણા, બગવદર, કડછ ખાતે આ કેમ્પ યોજાશે. આ કેમ્પમાં બપોરે ૪ કલાકે પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા હાજરી આપશે, તેમજ સાંજે ૬ વાગ્યે બાળકોની વેશભૂષાના કાર્યક્રમ માં બાળકો ને પ્રોત્સાહિત કરશે અને વિશ્વકર્માના આગેવાનો સાથે મુલાકાત કરશે. સાંજે ૭ કલાકે મહાઆરતી માં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ પ્રસાદી બોક્સ વિતરણ પ્રારંભ પણ જગદીશ વિશ્વકર્માના હસ્તે કરવામાં આવશે. તેની સાથે કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડીયા પણ ખાસ ઉપસ્થિત રહેશે. રાત્રે ૯:૩૦ કલાકે ગીતાબેન રબારી વંદના મહોત્સવ અંતર્ગત કાર્યક્રમ રજૂ કરશે.

# રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી માટે હાથ ધરાઈ સેન્સ પ્રકિયા

## આજે કોટડા સાંગાણી, વિંછીયા અને જસદણ તાલુકાના કાર્યકરોને જ્યારે કાલે લોધિકા,પડધરી અને રાજકોટ તાલુકાના કાર્યકરોની દાવેદારી સ્વીકારાશે






**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ચૂંટણીમાં રાજકોટ જીલ્લા પંચાયતો, અલગ અલગ તાલુકા પંચાયતો અને ગોંડલ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે.ભાજપના પ્રતિક પર ચૂંટણી લડવા ઈચ્છા ધરાવતા કાર્યકરોને સંભાળવા માટે ગઈકાલથી સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.પ્રદેશ ભાજપ દ્વારા નિરીક્ષક તરીકે રાજ્ય સરકારના મંત્રી પ્રવીણભાઈ માળી, પૂર્વ ગાંધીનગર શહેર મહામંત્રી અતુલભાઈ પટેલ તેમજ ગાંધીનગર શહેર મહામંત્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, પૂર્વ ધારાસભ્ય રાકેશભાઈ શાહ, પૂર્વ પ્રદેશ ઉપપ્રમુખ કૌશલ્યાકુંવરબા પરમાર, પૂર્વ પ્રદેશ યુવા મહામંત્રી કૌશલભાઈ દવેને જવાબદારી સોંપવામાં આવી છે.આજે સવારથી જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે દેવદારોને સાંભળવામાં આવી રહ્યા છે.આજે જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે કોટડાસાંગાણી તાલુકા,વિછીયા તાલુકા,જસદણ તાલુકાના કાર્યકરોને સાંભળવામાં આવશે.કાલે લોધિકા તાલુકા, પડધરી તાલુકા અને રાજકોટ તાલુકાની સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.દાવેદારોના ટોળેટોળા ઉમટી રહ્યા છે.

# ગોંડલમાં ભાજપની સેન્સ પ્રક્રિયામાં મુરતિયાઓનો રાફડો ફાટયો: પાલિકાની ૪૪ બેઠકો માટે ૧૮૦ દાવેદાર

## તાલુકા પંચાયતની ૨૨ બેઠકો માટે ૮૦ ટીકીટવાંચ્છુકો



**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

સ્થાનિક સ્વરાજ્ય ની ચુંટણીઓ ની તારીખ જાહેર થઈ ચુકી છે.જેને પગલે રાજકીય ગતિવિધિઓ તેજ બનવા પામી છે.આમ આદમી પાર્ટી એ તાલુકા પંચાયત ની બેઠક નાં ઉમેદવારોની યાદી જાહેર કરી દિધી છે.ત્યારે ગોંડલ માં બહુમત ધરાવતા ભાજપ દ્વારા ગઈકાલે નવા માર્કેટયાર્ડ ખાતે નિરીક્ષકો દ્વારા

સેન્સ પ્રક્રીયા હાથ ધરાતા ઉમેદવારી માટે નો થનગનાટ નજરે પડ્યો હતો.માર્કેટિંગ યાર્ડ ખાતે બપોરે એક કલાકે ભાજપ નાં પ્રદેશ નિરીક્ષકો રાકેશભાઈ શાહ, કૌશલ્યકુંવરબા પરમાર તથા કૌશલભાઈ દવે દ્વારા સેન્સ પ્રક્રીયા હાથ ધરાઇ હતી.જે રાત સુધી ચાલુ રહી હતી. નગરપાલિકાનાં કુલ ૧૧ વોર્ડ ની ૪૪ બેઠકો માટે ૧૮૦ જેટલી દાવેદારી રજુ થઇ હતી.નગરપાલિકા નાં જુના જોગીઓ રાજેન્દ્રસિંહ જાડેજા,ઓમદેવસિંહ જાડેજા, અશ્વિનભાઈ રૈયાણી,અર્પણાબેન આચાર્ય, અનિતાબેન રાજ્યગુરુ સહીતે દાવેદારી નોંધાવી હતી.

જ્યારે જિલ્લા પંચાયત ની પાંચ બેઠક માટે ૧૫ તથા તાલુકા પંચાયત ની ૨૨ બેઠક માટે ૭૦ દાવેદારી રજૂ કરાઇ હતી.

માર્કેટિંગ યાર્ડ ખાતે કોઈપણ જાત નાં હલ્લાબોલ વગર શાંતિપૂર્વક અને શિસ્તબદ્ધ રીતે ઉમેદવારો એ ઉમેદવારી નોંધાઇ હતી. જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા,ઉપપ્રમુખ પ્રફુલભાઈ ટોળીયા,ભાજપ મોવડી અશોકભાઈ પીપળીયા,પીન્ટુભાઈ ચુડાસમા સહિતે ઉમેદવારી પ્રક્રીયા માં માર્ગદર્શન આપ્યુ હતુ.શહેર ભાજપ પ્રમુખ સમીરભાઈ કોટડીયા,યુવા ભાજપ પ્રમુખ સચિનભાઈ વ્યાસ, જેકીભાઈ પરમાર, તાલુકા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ ઠુંમર સહીત આગેવાનોએ વ્યવસ્થા જાળવી હતી.

ગત ચુંટણી માં પુર્વ ધારાસભ્ય જયરાજસિંહ તથા ધારાસભ્ય ગીતાબા જાડેજા નાં સીધા માર્ગદર્શન હેઠળ ભાજપે નગરપાલિકાની તમામ ૪૪ તાલુકા પંચાયત ની તમામ ૨૨ તથા જીલ્લા પંચાયત ની પાંચેય બેઠકો પર સપાટો બોલાવી બેઠકો કબ્જે કરી ભાજપ નો ભગવો લહેરાવી ઈતિહાસ રચ્યો હતો.નગરપાલિકા,તાલુકા પંચાયત વિપક્ષ વિહીન બની હતી.

આમ ભાજપ નો ગઢ બનેલાં ગોંડલ માં આ વખતે પણ ભાજપ ઈતિહાસ ફરી દોહરાવી વિપક્ષ નો સફાયો કરશે તેવો આશાવાદ મોવડી અશોકભાઈ પીપળીયા,પીન્ટુભાઈ ચુડાસમા એ વ્યક્ત કર્યો હતો.

## રાજકોટ રેલવે ડિવિઝને રચ્યો નવો ઈતિહાસ

# નાણાકીય વર્ષમાં રૂ.૨૭૧૧ કરોડની રેકોર્ડ આવક સાથે ૧૧ વર્ષના તમામ રેકોર્ડ તોડ્યા

## માલ સામાન લોડિંગ અને મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો: ૯૫ ટકા સમયપાલન સાથે ડિવિઝને મેળવી ઐતિહાસિક સફળતા



**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં કમાણી અને કાર્યક્ષમતાના ક્ષેત્રે નવા સીમાચિહ્નો સ્થાપિત કર્યા છે. ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાના માર્ગદર્શન હેઠળ ડિવિઝને આ વર્ષે કુલ રૂ ૨૭૧૧.૦૬ કરોડની નોંધપાત્ર વાર્ષિક આવક મેળવી છે, જે ગત નાણાકીય વર્ષની સરખામણીમાં રૂ ૨૫૫.૧૨ કરોડ એટલે કે ૧૦.૪૩ ટકાનો જંગી વધારો દર્શાવે છે. ડિવિઝને ખાસ કરીને ગુડ્સ ટ્રેન મારફતે માલ સામાનના લોડિંગમાં છેલ્લા ૧૧ વર્ષના તમામ રેકોર્ડ તોડીને રૂ.૨૨૩૮.૩૪ કરોડની કમાણી કરી છે, જે રેલવેની આર્થિક મજબૂતીનો પુરાવો આપે છે.

માલ પરિવહનની સાથે મુસાફર સુવિધા અને આવકમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે. આ વર્ષે રાજકોટ ડિવિઝનમાંથી આશરે ૧.૩૦ કરોડ મુસાફરોએ પ્રવાસ કર્યો છે, જે ગત વર્ષની સરખામણીમાં ૧૬ ટકાનો વધારો છે. આટલી મોટી સંખ્યામાં મુસાફરો અને માલગાડીઓના સંચાલન છતાં ડિવિઝને ૯૫.૨૩ ટકા સમયપાલન જાળવી રાખીને ઉત્કૃષ્ટ સંચાલન શક્તિનું પ્રદર્શન કર્યું છે. કુલ આવકમાં પાર્સલ અને અન્ય સ્ત્રોતોમાંથી પણ રૂ ૩૫ કરોડનું યોગદાન રહ્યું છે.

### સંપૂર્ણ શ્રેય ડિવિઝનના તમામ અધિકારીઓ અને કર્મચારીઓની સખત મહેનત અને નિષ્ઠાને જાયછે: ગિરિરાજ કુમાર મીના (ડીઆરએમ, રાજકોટ ડિવિઝન)

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, ડિવિઝને દરરોજ સરેરાશ ૫૭૪ વેગનનું લોડિંગ કરીને પોતાની કાર્યક્ષમતા સાબિત કરી છે. રેલવેના આ આંકડાઓ સ્પષ્ટ કરે છે કે રાજકોટ ડિવિઝન મુસાફરોની સુવિધા અને માલ પરિવહન એમ બંને ક્ષેત્રે સતત પ્રગતિ કરી રહ્યું છે.આ ઐતિહાસિક સિદ્ધિનો સંપૂર્ણ શ્રેય ડિવિઝનના તમામ અધિકારીઓ અને કર્મચારીઓની સખત મહેનત અને નિષ્ઠાને જાય છે. તમામ વિભાગોના પરસ્પર તાલમેલ અને સચોટ ટીમ વર્કને કારણે જ રાજકોટ ડિવિઝન દરેક ક્ષેત્રમાં નવી ઊંચાઈઓ હાંસલ કરી ભારતીય રેલવેના વિકાસમાં મહત્વનું યોગદાન આપી શક્યું છે.

# ગોંડલના મોટા મહીકાની પરિણીતાને તાબે કરવા જામનગરના ભુવાએ અશ્લીલ વીડિયો બનાવ્યો

## અલગ અલગ ત્રણ ફેસબુક આઈડી બનાવી ન્યુડ વીડિયો પરિણીતાના પતિને મોકલી વાયરલ કરી દેવાની ધમકી આપી : ગોંડલ તાલુકા પોલીસે હવસખોર ભુવા વિરૂદ્ધ ગુનો નોંધી શોધખોળ આદરી

**અબતક, રાજકોટ**

ગોંડલના મોટા મહીકા ગામની પરિણીતાને ઢોંગી ભુવાનો ભેંટો થઈ ગયો હતો. ઘર ખાતે ધાર્મિક વિધિ કરવા આવેલા ભુવાએ પરિણીતાનો મોબાઈલ નંબર મેળવી લઈ વારંવાર ફોન કરી વિડીયો કોલ પર વાતચીત શરૂ કરી હતી. બાદમાં પરિણીતાને ભુવાના ઈરાદા અંગે શંકા જતાં તેણીએ વાતચીત બંધ કરી દીધી હતી. જેથી ઉંશ્કેરાયેલા ભુવાએ પરિણીતા સાથે વિડીયો કોલ પર થયેલી વાતચીતના સ્ક્રીન રેકોર્ડિંગના વિડીયોના ચેડા કરી તેને ન્યુડ વિડીયોમાં પરિવર્તીત કરી આ વિડીયો પરિણીતાના પતિને મોકલી સોશિયલ મીડિયામાં વાયરલ કરી દેવાની ધમકી આપી હતી. જે મામલે પરિણીતાની ફરીયાદ પરથી ગોંડલ તાલુકા પોલિસની ટીમે જામનગર ભુવા વિરુદ્ધ જાતીય સતામણી સહીતની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

સમગ્ર બનાવની પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ગોંડલના મોટા મહીકા ગામે રહેતી ૪૦ વર્ષીય પરિણીતાએ આરોપી તરીકે જામનગરના મહેશ મોહનભાઈ ચૌહાણનું નામ આપતા ગોંડલ તાલુકા પોલીસની ટીમે બીએનએસની કલમ ૭૫, ૭૮(૨),૩૫૧(૩),૩૫૨, ૩૫૬ તથા સ્ત્રીઓને બિભત્સ રીતે રજૂ કરવા પર પ્રતિબંધ મુકતા અધિનિયમ અને આઈટી એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પરિણીતાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, જામનગરનો મહેશ મોહન ચૌહાણ તેની ઓળખ ભુવા તરીકે આપી ધાર્મિક વિધીઓ કરતો હોય તેનો સંપર્ક થયો હતો. બાદ અગાઉ મહેશ ચૌહાણ પરિણીતાના નિવાસ સ્થાને ધાર્મિક વિધિ કરવા ભુવા તરીકે આવ્યો હોય ત્યારે પરિણીતાને મહેશ ચૌહાણ સાથે ઓળખાણ થઈ હતી. ત્યારબાદ બંનેએ ધાર્મિક બાબતોબિ વાતચીત માટે મોબાઈલ નંબરની આપ-લે કરી હતી. ત્યારબાદ ઢોંગી ભુવાએ પરિણીતાને ફોન કરવાનું શરૂ કર્યું હતું. પરીણિતા અને ભુવા વચ્ચે વિડીયો કોલ મારફતે પણ વાતચીત થઈ હતી. દરમિયાન પરણીતાને ભુવાના ઈરાદા પ્રત્યે શંકા ઉપજતા તેણે ભુવા સાથે સંપૂર્ણપણે વાતચીત બંધ કરી દીધી હતી.

ત્યારબાદ ભુવાએ પરિણીતા સાથે વાત કરવા અવારનવાર સંપર્ક કરવાની કોશિશ કરી હતી. તેમ છતાં પરિણીતાએ ભુવાને જવાબ નહીં આપતા ઉશ્કેરાયેલા ભુવાએ અગાઉ પરિણીતા સાથે વિડીયો કોલમાં થયેલી વાતચીતનું સ્ક્રીન રેકોર્ડિંગ કરી લીધું હોય તેં વિડિયોને એડિટ કરી ન્યુડ બનાવી નાખ્યો હતો. બાદ ભુવાએ 'ખીમસુરીયા ધાર્મિક', ધાર્મિક ખીમસુરીયા' અને પરિણીતાના ભળતા નામે ત્રીજું બોગસ ફેસબુક આઈડી બનાવીનાખ્યું હતું. ત્યારબાદ ભુવાએ ફેસબુક આઈડી પરથી પરિણીતાનો એડિટ કરેલો અશ્લીલ વિડીયો તેણીના પતિને મોકલ્યો હતો. ભુવાને આટલેથી સંતોષ નહીં થતાં તેણે પરણીતાની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવા અને સમાજમાં બદનામ કરવાના ઈરાદે ખોટા ફેસબુક આઈડી ઉભા કરી તેમાં એડિટ કરેલો ન્યુડ વિડિયો તેના પતિને મોકલ્યા બાદ પરિણીતાના પતિને પણ ગાળો ભાંડી હતી અને પરણીતાનો આ એડિટ કરેલો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરી દેવાની ધમકી આપી હતી.

વધુમાં ભુવાએ પરિણીતાના ચારિત્ર અંગે આળ મૂકી ધમકી ભર્યા મેસેજ કરતા અંતે પરણીતાએ ગોંડલ તાલુકા પોલીસ મથકે દોડી જઈ ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર મામલામાં ગોંડલ તાલુકા પોલીસના થાણા અધિકારી આઈપીએસ પ્રખરકુમારની ટીમે ગુનો નોંધી ઢોંગી ભુવા મહેશ મોહનભાઈ ચૌહાણની ધરપકડ કરવા તજવીજ આદરી હતી.

**ધાર્મિક વિધિ કરવા ઘરે ગયા બાદ પરિણીતાનો મોબાઈલ નંબર મેળવી વીડિયો કોલ પર વાત કરી સ્ક્રીન રેકોર્ડિંગ કરી લીધું'તું**

**ઢોંગી ભુવાના ઈરાદા પર શંકા ઉભી થતાં પરિણીતાએ વાતચીત બંધ કરી દીધી'તી : ઉશ્કેરાયેલા ભુવાએ સ્ક્રીન રેકોર્ડિંગમાં ચેડા કરી ન્યુડ વીડિયોમાં તબદીલ કરી નાખ્યો**

# ગોંડલના બંધીયા ગામે તલાટીમંત્રીને ગાળો ભાંડી ખૂનની ધમકીઃ પથ્થર વડે હુમલાનો પ્રયાસ

## તમારે મારૂ શૌચાલયનું કામ કરવાનું છે કે નહિ કિશોર રાઠોડ બેફામ બન્યો : અલગ અલગ ત્રણ સ્થળે જઈ ધમકીઓ આપી, ફરજમાં રૂકાવટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ગોંડલના બંધીયા ગામે તલાટીકમ મંત્રી તરીકે ફરજ બજાવતા સરકારી કર્મચારીને ગાળો ભાંડી ખૂનની ધમકી આપી ફરજમાં રુકાવટ કરાઈ હતી. ગામમાં જ રહેતા શખ્સેં તમારે મારા શૌચાલયનું કામ કરવાનું છે કે નહિ કહી ત્રણ અલગ અલગ સ્થળે ધસી જઈ તલાટીમંત્રીને ધમકી આપી હતી અને પથ્થર લઈ મારવા દોડ્યો હતો. જેથી તલાટીમંત્રીએ ફરજમાં રુકાવટ સહીતની કલમો હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગે મૂળ ખેડા જિલ્લાના મહેમદાવાદના વતની અને હાલ ગોંડલના મોવિયામાં ગોવિંદનગર ખાતે રહેતા ૪૩ વર્ષીય તલાટીકમ મંત્રી વિજયસિંહ ખોડાભાઈ ડાભીએ આરોપી તરીકે કિશોર અમરશીભાઈ રાઠોડ (રહે. બંધીયા, ગોંડલ, રાજકોટ) નું નામ આપતાં ગોંડલ તાલુકા પોલિસેં બીએનએસની કલમ ૨૨૧,૩૫૧(૩),૨૯૬ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.

ફરિયાદીએ જણાવ્યું હતુ કે, તેઓ બંધીયા ગામે તલાટીકમ મંત્રી તરીકે ફરજ બજાવે છે. ગત તા.૦૧/૦૪/૨૦૨૬ ના બપોરના એક વાગ્યે હુ બંધીયા ગામે મારી ફરજ પર હતો. ત્યારે મારી પાસે રવીભાઈ મોહનભાઈ મકવાણાએ કરેલી દબાણ બાબતની અરજી હતી. જે અરજી પરષોતમભાઈ બાહ્યાભાઈ ડાભી વિરૂધ્ધમા હતી. જે અરજી અનુસંધાને હું તથા મારી સાથે અમારી ગ્રામ પંચાયતના પટ્ટાવાળા વનરાજસિંહ જશુભા વાઘેલા પરષોતમભાઈના ઘર પાસે ગયેલ હતા.જયા વૃક્ષો વાવેલ હતા જે દબાણ બાબતના હુ ફોટા પાડતો હતો. દરમિયાન પરષોતમભાઈની પાડોશમાં રહેતા કીશોરભાઈ અમરશીભાઈ રાઠોડ મારી પાસે આવી કહેવા લાગેલ કે, તમારે મારૂ શૌચાલયનું કામ કરવાનું છે કે નહિ? જેથી મે તેમને કહેલ કે, તમે ફોર્મ ભરીને પંચાયત ઓફીસે આપી દેજો હું પાસ કરી આપીશ.

બાદ કિશોરભાઈએ ઉંશ્કેરાઈ મને ગાળો આપેલ હતી. જેથી હું તથા વનરાજસિંહ ત્યાથી નીકળી પંચાયત ઓફીસે પરત આવી ગયેલ હતા. થોડીકવારમા કીશોરભાઈ પંચાયત ઓફીસે ધસી આવી ફરીવાત પૂછેલું કે, તમારે મારૂ શૌચાલય કરવાનું છે કે નહિ? જેથી મે તેમને ફરી સમજાવેલ કે, તમે પહેલા ફોર્મ ભરીને આપો પછી તમારૂ શૌચાલયનુ કામ થશે. તેમ સમજાવવા છતા કિશોરભાઈ સમજેલ નહી અને એક જ વાતનુ રટણ ચાલુ રાખ્યું હતું. દરમિયાન કીશોરભાઈ મારી તદ્દન નજીક આવી જતાં મેં તેમને થોડે દુરથી વાત કરવા જણાવતા તેઓ ઉશ્કેરાઈ ગયેલ હતા અને મારો શર્ટ પકડી ગાળો આપવા લાગેલ હતા. જેથી વધારે બીજી કોઈ માથાકુટ ન થાય એટલે હું પંચાયત ઓફીસની બહાર નીકળી ગયેલ હતો. બાદ કિશોરભાઈ પણ મારી પાછળ-પાછળ બહાર આવેલ રસ્તા ઉપરથી પથ્થર હાથમાં લઈ લીધો હતો. દરમિયાન ગામના લોકો ભેગા થઈ જતાં બધા કીશોરભાઈને સમજાવવા લાગેલ હતા પરંતુ કીશોરભાઈ સમજેલ નહી અને મને મારવા માટે મારી પાછળ દોડેલ ગત. જેથી હું ત્યાથી મારૂ મોટર સાયકલ લઈને ગામના બસ સ્ટેન્ડ પાસે પાદરમાં જતો રહેલ હતા. હું ત્યા બાકડા ઉપર બેઠો હતો ત્યારે પણ કિશોરભાઈ ત્યા મોટરસાયકલ લઈને ધસી આવેલ મારા મોટરસાયકલને ટક્કટ મારરં મારૂ વાહન નીચે પડી ગયેલ હતું. બાદ ત્યાં પણ બેફામ ગાળો આપી કહેવા લાગેલ કે, તારે જ્યાં જવુ હોય ત્યા જજે અને તારાથી થાય તે કરી લેજે, હુ તને જીવતો નહી રહેવા દઉં. બાદ ત્યાં પણ ગામના લોકોએ તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો પણ તેઓ સમજ્યા ન હતા અને મને ધમકી આપવા લાગેલ કે, હુ તારી ઉપર એટ્રોસીટીની ખોટી ફરીયાદ કરીશ અને તને સસ્પેન્ડ કરાવી દઈશ. જેથી તલાટીમંત્રીએ ૧૧૨ હેલ્પલાઈનમાં ફોન કરતા કિશોર રાઠોડ ત્યાંથી નાસી ગયેલ હતો.

બાદમાં તલાટીમંત્રીએ વારંવાર ગાળો આપી ખૂનની ધમકી આપનાર તેમજ ફરજમાં રુકાવટ કરી પથ્થર લઈને મારવા દોડનાર શખ્સ વિરુદ્ધ ગોંડલ તાલુકા પોલિસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# ઉપલેટાના પડવલા ગામે પટેલ યુવાન પર ખુની હુમલો કરનાર સુત્રધાર પોલીસ પક્કડથી દૂર

## જૂની અદાવતનો ખાર રાખી થાર વડે કચડવાનો પ્રયાસ કરી હથિયાર વડે તુટી પડ્યા'તાઃ અન્ય આરોપી હાથવેતમા

**અબતક**
**કિરીટ રાણપરીયા, ઉપલેટા**

બે દિવસ પહેલા તાલુકાના પડવલા ગામે જૂની અદાવતનો ખાર રાખી પટેલ યુવાન ઉપર માથાભારે પિતા-પુત્ર દ્વારા થાર ગાડી ચલાવી હાથપગ ભાંગી નાખવાના ઘેરા પડઘા પડ્યા છે. ગામના અમુક લોકો દ્વારા માથાભારે અલીમામદ શંઠાનું ઘર ગેરકાયદેસર જગ્યા ઉપર બંધાયેલ હોય તેને તોડી પાડવા માંગણી કરાઈ છે.

પડવલા ગામના પટેલ યુવાન દિપેન માકડિયા ઉપર જુની અદાવતનો ખાર રાખી પડવલાના માથાભારે સંધી શખ્સો અલીમામદ તૈયબ શેઠા ઉર્ફે પટપટીયો તથા



તેનો પુત્ર નોમન અલીમામદ શંઠા અને ત્રણ અજાણ્યા શખ્સોએ થાર ગાડી માથે ચડાવી હાથ-પગ ભાંગી નાખવાની ઘટનામાં અમુક આરોપીઓ પોલીસના હાથ વેતમાં હોવાનું બિન સત્તાવાર જાણવા મળેલ છે. જ્યારે મુખ્ય આરોપી પોલીસ પકડથી દૂર હોવાનું જણાઈ રહ્યું છે.

પડવલાની ઘટનાને પગલે ધોરાજીમાં એ.એસ.પી. સિમરન ભારદ્વારજની સીધી દેખરેખ નીચે ભાયાવદરના ઈનચાર્જ પી.આઈ. વી.આર. પટેલ તપાસ ચલાવી રહ્યા છે. જ્યારે ફરાર આરોપીની શોધખોળ હાથ ધરાઈ છે. ઘટનાને પગલે આરોપીના ઘર પાસે પુરતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. જ્યારે ગામના અમુક લોકો દ્વારા કલેક્ટરને એક અરજી કરી તેમાં આ ઘટનામાં સંડોવાયેલા અલમામદ તૈયબી શંઠાનું ઘરનું બાંધકામ ગેરકાયદેસર થયુ હોય જેમાં બુલડોઝર ફેરવી દેવા માંગણી કરી છે. ત્યારે પોલીસમાં આ દિશામાં પણ તપાસ હાથ ધરી હોવાનું જામવા મળેલ છે.

# હિંમતનગરના દલપુરમાં દિવાલ ધરાશાયી થતાં મકાન માલિકનું મોતઃ બે શ્રમિકો ઘાયલ

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના દલપુર ગામે એક દીવાલ ધરાશાયી થતાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું જ્યારે અન્ય બે શ્રમિકો ઘાયલ થયા હતા આ ઘટના બાજુના મકાનમાં ચાલી રહેલા ખોદકામ દરમિયાન બની હતી.

આ અંગે સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ખોદકામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક દીવાલ તૂટી પડી હતી દીવાલ પડતાં ત્રણ વ્યક્તિઓ તેના કાટમાળ નીચે દબાઈ ગયા હતા. ઘટના બનતા જ સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને દબાયેલા લોકોને



બહાર કાઢ્યા હતા ત્રણેય ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા

હોસ્પિટલમાં સારવાર દરમિયાન દલપુર ગામના રહેવાસી અને મકાન માલિક પરેશભાઈ બાબુભાઈ પટેલ (ઉંમર વર્ષ ૨૭)નું અવસાન થયું હતું ઘાયલ થયેલા અન્ય બે શ્રમિકો હાલ સારવાર હેઠળ છે.

# ઉપલેટાના ધોરાજી રોડ પર પિતા-પુત્રના હાથ-પગ ભાંગી કાર તળે કચડી નાખવાનો પ્રયાસ

## પોરબંદરથી તરફથી આવેલ શખ્સો ભૂંડ ભરીને જતા હોવાની સીકલીગર પિતા-પુત્રને જાણ થતાં કારમાં પિછો કર્યો

**અબતક,રાજકોટ**

ઉપલેટાથી ધોરાજી રોડ બાયપાસ પુલ નીચે ભૂંડ પકડવા મામલે પિતા-પુત્રને કાર નીચે કચડી હત્યાનો પ્રયાસ કરી હાથ-પગ ભાંગી નાંખતા ઉપલેટા પોલીસે હત્યાનો પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી હતી.

બનાવ અંગે પોરબંદરમાં આવેલ કર્મચારી સોસાયટી સામે રહેતાં બલવીરસિંગ કરતારસિંગ સિકલીગર શીખ (ઉ.વ.૪૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કરણસિંગ બાવરી (અન્દ્રેલા), બીલ્લાસિંગ બાવરી (રહે. બંને બોટાદ) અને અજાણ્યા ત્રણ શખ્સોના નામ આપતાં ઉપલેટા પોલીસે હત્યાનો પ્રયાસ, રાયોટીંગ સહિતની આકરી કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ભૂંડ પકડવાનું કામ કરે છે. ગઈ તા.૩૧ ના સાંજના તેઓ જમીને ઘરે સુઈ ગયેલ અને તેમનો દિકરો નિર્મલસીંગ તથા બલજીત સીંગ તેમજ પુત્રના મિત્રો પોરબંદરમાં ભુંડ પકડવા બહારથી માણસો આવતા હોય જેની મહિતી મેળવવા આંટા ફેરા કરતા હતા. ત્યારે વહેલી સવારના આશરે સાડા ચારેક વાગ્યે દિકરા નિર્મલસીંગનો ફોન આવેલ કે, પોરબંદર મઢુલી હોટલ પાસેથી એક સફેદ કલરની જાયલો ફોર વ્હીલમાં ભૂંડ ભરીને જાય છે, જેથી તેઓ હું ઘરેથી બ્રેજા કાર નં. જીજે-૨૫-બીએ-૧૯૭૮ લઈને મારા દિકરા પાસે ગયેલ અને દિકરા નિર્મલસીંગને સાથે બ્રેઝા ગાડીમાં બેસાડી જાયલો ગાડી પાછળ પાછળ તેનો પીછો કરતા કરતા જોવા માટે આવતા હતા. સવારના આશરે સાડા છ વાગ્યાની આસપાસ ઉપલેટાથી ધોરાજી રોડ બાયપાસ પુલ નીચેથી ટોલનાકા બાજુ જતા હતા, તે જાયલો ગાડી આગળ જતી હતી ત્યારે પોતાની ગાડી પલટાવીને ફરીયાદીને મારી નાખવાના ઈરાદે તેઓની ગાડી સાથે જોરથી પોતાની ગાડી ભટકાડેલ અને જાયલો ગાડીમાંથી પાંચ માણસો હાથમાં લોખંડના પાઈપ તથા તલવાર લઈને નીચે ઉતરેલ જેમાં કરણસીંગ બાવરી(અંદ્રેલા) તથા તેના પિતા બિલ્લાસીંગ બાવરી(અંદ્રેલા ) તેમજ તેની સાથેના અજાણ્યા ત્રણ માણસો હતા. આ તમામ શખ્સો લોખંડના પાઈપથી ફરીયાદીને અને તેના પુત્રને આડેધડ માર મારવા લાગેલ જેમાં પિતા-પુત્રને ગંભીર ઈજા પહોંચી હતી. આ લોકોના મારથી બચવા જોરજોરથી રાડો નાખતા તેઓ પોતાના હથિયારો લઈને નજીકના ખેતરોમાં ભાગી ગયેલ હતાં. બાદમાં ઈજાગ્રસ્ત પિતા-પુત્રએ ૧૧૨ માં ફોન કરેલ જેથી એમ્બ્યુલન્સ આવતા અમે બંને સારવારમાં સીવીલ હોસ્પિટલ ઉપલેટા ગયેલ હતા. ત્યાંથી વધુ સારવારમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડેલ હતાં. બંને પિતા-પુત્રને હાથ-પગ અને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ઉપલેટા પોલીસે ગુનો નોંધી પીઆઈ બી.આર. પટેલ અને ટીમે આરોપીઓની શોધખોળ આદરી હતી.

**ઉપલેટા પાસે કાર પલ્ટાવી નાંખી પાંચ શખ્સો હથીયાર સાથે તૂટી પડ્યા, પોલીસે હત્યાનો પ્રયાસ, રાયોટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી**

# જૂનાગઢમાં આંદોલનનું રણશિંગુ ફૂંકાયુંઃ લોકો રસ્તા પર આવ્યા અને તંત્રએ રસ્તો બનાવી દેવાની ખાતરી આપી

## જીઆઈડીસી-૨નાં કારખાનેદારોની એકતાનો વિજયઃ કોર્પોરેશનનાં પદાધિકારીઓ દોડતા થઈ ગયા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢની જીઆઈડીસી - ૨ માં રસ્તાઓની બદતર હાલતના કારણે કારખાનેદારોના માલની લાવવા લઈ જવા તથા લોકોને રસ્તા પર નીકળવા માટે મોટી સમસ્યાઓ ઉભી થઈ હતી, આ રસ્તા બનાવી આપવા કોર્પોરેશનનાં નિંભર તંત્રએ અગાઉ વચન આપ્યું હતું. પરંતુ મનપા એ સારા રસ્તા નહીં બનાવી આપતા, અંતે જીઆઈડીસી-૨નાં ફેકટરી ઓનર્સ એસોસીએશન દ્વારા ''હવે યુધ્ધ એજ કલ્યાણ'' ની નીતિ અપનાવી મંગળવારે રસ્તા રોકો લડતનુ રણશિંગુ ફૂંકી દીધું હતું, અને ગઈકાલે જૂનાગઢ - રાજકોટ હાઈવે પર જીઆઈડીસી-૨ પાસે રસ્તા રોકો અને ચક્કાજામ કરવાનો કાર્યક્રમના મંડાણ કર્યા હતા, નિર્ધારીત સમયે ફેકટરી ઓનર્સ એસોસીએશનના હોદેદારો, કારખાનેદારો, વેપારીઓ ગેઈટ પાસે ઉપસ્થિત થઈ ગયા હતા.



જે દરમ્યાન મનપાનાં મેયર ધર્મેશ પોશિયા અને પદાધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા, થોડીવાર ચર્ચાઓ ચાલી હતી, અને લોકોનો મિજાજ જોઈને અંતે મેયર એ જીઆઈડીસી-૨નાં રસ્તા તાત્કાલીક બનાવી આપવાની લેખિત બાહેંધરી આપતાં આંદોલન સ્થગીત કરવામાં આવ્યું હતું. તે સાથે જ આજથી રસ્તાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. આ અંગે ફેકટરી ઓનર્સ એસોસીએશનનાં પ્રમુખ પરેશ ચોવટીયાએ જણાવ્યું હતુ કે, આજથી રસ્તાની કામગીરી શરૂ કરવામાં આવી છે અને મેયર એ રસ્તા તાત્કાલીક બનાવી આપવાની ખાત્રી આપતા આંદોલનનો કાર્યક્રમ મોકુફ રાખવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ નજીક જુનાગઢ - રાજકોટ મુખ્ય માર્ગ પર આવેલા જીઆઈડીસી-૨નાં ગેઈટ પાસે ચોમાસામાં ભરાતા પાણીનાં નીકાલ માટે હાઈવે પરના પુલની કામગીરી ચાલી રહી હતી ત્યારે મુખ્ય માર્ગ બંધ કરી, વૈકલ્પિક વ્યવસ્થા માટે જીઆઈડીસી-૨માં ડાઈવર્ઝન કાઢવામાં આવ્યું હતુ અને જૂનાગઢથી રાજકોટ તરફ જતાં તમામ વાહનો અહીંથી ચાલતા હતા, જેને લઈને જીઆઈડીસી-૨નાં રસ્તાઓ તુટી ફુટી ગયા હતા, બાદમાં પુલની કામગીરી પુર્ણ થતા આ ડ્રાઈવર્ઝન બંધ કરવામાં આવ્યું હતું. અને જે તે વખતે કોર્પોરેશને એવું વચન આપ્યું હતું કે, પુલનું કામ પુર્ણ થયા બાદ જીઆઈડીસી-૨નાં રસ્તા બનાવી આપવામાં આવશે. પરંતુ આવું કોઈ વચનનું પાલન કોર્પોરેશને ન કરતા આખરે શાસકોની શાન ઠેકાણે લાવવા આંદોલનનું રણશીંગુ ફૂંકાયું હતું,

# રાજકોટ નજીક ચાલુ ટ્રક પરથી પડતું મૂકી નેપાળી યુવકનો આપઘાત

## ૫ દિવસ પૂર્વે વડોદરાથી રાજકોટ નોકરીની શોધમાં આવેલા યુવકે માનસિક તણાવમાં જીવન ટૂંકાવ્યું

**અબતક, રાજકોટ**

રાજકોટ-મોરબી હાઈવે પર હડાળા પાટિયા પાસે ગઈકાલે બપોરે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. મૂળ વડોદરા સ્થાયી થયેલા અને રોજગારીની શોધમાં રાજકોટ આવેલા ૩૯ વર્ષીય નેપાળી યુવકે માનસિક કંટાળાના કારણે ચાલતા ટ્રક નીચે પડતું મૂકી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ જગદીશભાઈ રામદૂત પ્રસાદ જોશી (ઉં.વ. ૩૯) છેલ્લા પાંચ દિવસથી કામની શોધમાં રાજકોટ આવ્યા હતા અને હાઈવે પર આવેલી વિરાટ



હોટલમાં રોકાયા હતા. ગઈકાલે બપોરે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ હોટલ પાસે જ તેઓએ અચાનક રોડ પરથી પસાર થતા ટ્રક નીચે ઝંપલાવ્યું હતું. આ અકસ્માતમાં તેમના બંને પગ કપાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ નેપાળી સમાજના અગ્રણી સંજય કાર્તિક સહિતના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ગંભીર હાલતમાંજગદીશભાઈને રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. જોકે, ટૂંકી સારવાર બાદ ગઈકાલે સાંજે તેમનું મોત નીપજ્યું હતું.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મૃતક બે ભાઈ અને એક બહેનમાં મોટા હતા. તેમના પરિવારમાં સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. તેઓ છેલ્લા કેટલાક સમયથી માનસિક રીતે પરેશાન હતા, જેના કારણે તેમણે આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું મનાય છે. બનાવને પગલે સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી હતી. સમગ્ર ઘટનાના ફૂટેજ પણ સામે આવ્યા છે, જેને કબજે કરી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. કામ માટે આવેલા યુવકના મોતના સમાચારથી તેના પરિવારમાં માતમ છવાઈ ગયો છે.

# વઢવાણમાં માલિકીની જમીન પર દબાણ બાબતે મારામારી

## ભોગ બનનારે નવીન મકવાણા સામે ફરિયાદ નોધાવતા પોલીસ દ્વારા કાર્યવાહી

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

વઢવાણ ગણપતિ ફાટસર વિસ્તારમાં માલિકીની જમીન પર દબાણ બાબતે એક શખ્સને લાકડાના ધોકા વડે મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી છે. આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ વઢવાણ ગણપતિ ફાટસર વિસ્તારમાં રહેતા ફરિયાદી રમણિકભાઈ ત્રિભોવનભાઈ મકવાણાના દાદાની જમીન પર મુળજીભાઈ મકવાણાએ દબાણ કર્યું હતું જે બાબતનું મનદુઃખ રાખી મુળજીભાઈના પૌત્ર નવીનભાઈ જયંતીભાઈ મકવાણા, રહે.રામપરા વાળાએ ફરિયાદી સાથે બોલાચાલી કરી હતી અને ગાળો આપી ફરિયાદીને લાકડાના ધોકા વડે મારમારી ઈજાઓ પહોચાડી હતી અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી તેમજ ફરિયાદીનો મોબાઈલ ફોન તોડી નુકશાન પહોંચાડ્યું હતું જે અંગે ફરિયાદીએ વઢવાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જમીન વેચાણ માટે જટીલ ૧૩૫-ડીનો નિયમ હવે ભૂતકાળ બની જશે

## વિવાદ ન હોય તેવા કિસ્સામાં તે જ દિવસે વેચાણની નોંધ પ્રમાણિત કરીને 'પાકી એન્ટ્રી' થશેઃ તપાસની જરૂરિયાતવાળા કિસ્સામાં નોટિસનો સમયગાળો 30 દિવસથી ઘટાડીને માત્ર ૭ દિવસ કરાયો

### ખોટા વાંધા-વચકા અને બ્લેકમેલિંગ બંધ થશે

મંત્રીએ જણાવ્યું હતું કે, આ સુધારો માત્ર ખેતીની જમીન માટે જ નહીં, પરંતુ દુકાન, ફ્લેટ અને રહેણાંકના મકાનો લેતી સામાન્ય જનતા માટે પણ આશીર્વાદરૂપ છે. સીધી લીટીના વારસદારોના વ્યવહારોમાં પણ હવે સરળતા રહેશે. રેવન્યુ કોર્ટમાં મામલતદારથી લઈને એસએસઆરડી સુધી ચાલતા કેસો, જે માત્ર ૧૩૫ડીના વાંધાને લીધે વિલંબમાં હતા, તેનો ઝડપથી નિકાલ આવશે. ભવિષ્યમાં તકરારી કેસો ખૂબ ઘટશે અને સૌથી મહત્વપૂર્ણ મિલકતના ભાવ વધતા કેટલાક લોકો જૂના બાનાખત-કાચી ચિઠ્ઠીના આધારે ખોટા વાંધા ઉઠાવીને રકમ પડાવતા હતા, તે બ્લેકમેલિંગ પણ હવે બંધ થશે. પરિણામે ખરીદનાર અને વેચનાર હવે કોઈપણ ડર વગર નિર્ભય થઈને વ્યવહાર કરી શકશે.

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકારે મહેસૂલ તંત્રમાં પ્રવર્તતી જટિલતાઓ દૂર કરીને પારદર્શિતા લાવવા તેમજ સામાન્ય જનતાને પડતી મુશ્કેલીઓને દૂર કરવા એક ક્રાંતિકારી નિર્ણય કર્યો છે. આ નિર્ણય અંગે માહિતી આપતા રાજ્યના પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, મહેસૂલી સરળીકરણ માટે જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૧૩૫-ડીની જોગવાઈમાં મહત્વપૂર્ણ સુધારા કરવામાં આવ્યા છે. આ સુધારાથી હવે કાયદેસરના જમીન અથવા મિલકતના વ્યવહારોમાં નાગરિકોને ૩૦ દિવસની નોટિસના સમયગાળાની રાહ જોવામાંથી મુક્તિ મળશે.

મંત્રીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી જમીન કે મિલકતના વેચાણ વ્યવહારોમાં ૩૦ દિવસની ફરજિયાત નોટિસના કારણે સામાન્ય જનતાએ લાંબી રાહ જોવી પડતી હતી. આ સમયગાળાનો ખોટી રીતે ગેરલાભ લેનાર કેટલાક તત્વો ખોટા વાંધા-વચકા ઉઠાવીને વેચનાર કે ખરીદનાર પાસેથી નાણાં પડાવવાનું (બ્લેકમેલિંગ) કામ કરતા હતા. મુખ્યમંત્રીએ આ જટિલતાને સમજીને ખેડૂતો અને મધ્યમ વર્ગના હિતમાં ૧૩૫-ડીની ૩૦ દિવસની નોટિસની અનિવાર્યતામાંથી મુક્તિ આપવાનો સાહસિક નિર્ણય લીધો છે.

નવા સુધારા પ્રમાણે, રેકોર્ડ પર જમીનમાં છેલ્લા એક વર્ષ કે તેથી વધુ સમયથી કોઈ ફેરફાર નોંધ ન હોય, જમીન પર કોઈ લિટીગેશન કે દાવો પડતર ન હોય અને શાંત કબજો હોય તેમજ ૭/૧૨ના રેકોર્ડ પર દેખાતા તમામ હકદારોએ વેચાણ દસ્તાવેજમાં સહી કરી હોય તેવા વ્યવહારોમાં ૧૩૫-ડીની

(અનુ. આઠમા પાને)

# ખેતીની જમીનમાં હવે ૧૦ ગુંઠાથી ઓછો ટૂકડો નહીં પાડી શકાય

## સમગ્ર રાજ્યમાં હવે ૧૦ ગુંઠાનો એકસમાન નિયમ

## જમીન લે-વેચમાં સ્થાનિક ગૂંચવાડા દૂર થશે

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકારે આઝાદી પછી પ્રથમવાર ૭૫ વર્ષ જૂના 'ટુકડા ધારા-૧૯૪૭'માં ધરખમ સુધારા કરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. રાજ્યપાલની મંજૂરી મળ્યા બાદ હવે રાષ્ટ્રપતિની મંજૂરી મળતા જ રાજ્યમાં નવા સુધારાઓ લાગુ પડશે.

પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ ઐતિહાસિક વટહુકમ અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે, આ સુધારાથી રાજ્યના લાખો ખેડૂતો અને જમીન ધારકોને મોટી રાહત મળશે. રાજ્ય સરકારે ઉદારતા દાખવીને નિર્ણય કર્યો છે કે, વર્ષ ૧૯૪૮થી નવા કાયદાના અમલ સુધીમાં, જે કિસ્સાઓમાં જમીનના નિયમ કરતા નાના ટુકડા પડ્યા હોય અથવા કાયદાનું ઉલ્લંઘન થયું હોય, તેવા તમામ જૂના ભંગને કોઈપણ પ્રકારનો દંડ વસૂલ્યા વગર 'રેગ્યુલાઈઝ' કરવામાં આવશે. પરંતુ હવે આ તમામ વ્યવહારો આપોઆપ વિનિયમિત થઈ જશે અને કાયદેસર ગણાશે.

અત્યાર સુધી જંત્રીના ૧૦ ટકા પેનલ્ટી ભર્યા પછી પણ વ્યવહાર કાયદેસર થતા ન હતા અને 'ફોક' ગણાતા હતા, પરંતુ હવે આ ક્રાંતિકારી સુધારાથી હજારો 'બોનાફાઈડ' ખરીદદારોના જમીન ટાઈટલ ક્લિયર થશે અને રેવન્યુ કોર્ટમાં ચાલતા વર્ષો જૂના કેસોનો કાયમી નિકાલ આવશે.

અગાઉ રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં પિયત, બિનપિયત, બાગાયત અને જીરાયત જમીન માટે ટુકડાના માપદંડો અલગ-અલગ હોવાથી સામાન્ય ખેડૂત મૂંઝવણમાં રહેતો હતો. હવે આ જટિલતા દૂર કરી સમગ્ર ગુજરાતના ગ્રામીણ વિસ્તારો માટે લઘુત્તમ ક્ષેત્રફળ ૧૦ ગુંઠા નક્કી કરવામાં આવ્યું છે. ખેતીની ગુણવત્તા જાળવી રાખવાના ઉદ્દેશ્ય સાથે નિર્ણય લેવાયો છે કે, હવેથી ૧૦ ગુંઠાથી ઓછો ટુકડો પાડી શકાશે નહીં, જે ખેતીની વાયબિલિટી વધારશે.

શહેરીકરણની ઝડપને ધ્યાને રાખીને, મહાનગરપાલિકા, નગરપાલિકા અને શહેરી વિકાસ સત્તામંડળોના વિસ્તારોને આ 'ટુકડા ધારા'માંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે. આ નિર્ણયથી શહેરી વિસ્તારોમાં બિનખેતીની પ્રક્રિયા, બાંધકામ અને જમીન લે-વેચના વ્યવહારો અત્યંત ઝડપી અને પારદર્શક બનશે, જેનાથી સર્વાંગી વિકાસને વેગ મળશે.

મંત્રીએ ઉમેર્યું હતું કે, સેટલમેન્ટ કમિશનર બીજલ શાહના અધ્યક્ષપદે રચાયેલી કમિટીના ઊંડાણપૂર્વકના અભ્યાસ બાદ આ ભલામણો સ્વીકારવામાં આવી છે.

આ નિર્ણયથી ખેડૂતોની આર્થિક ઉન્નતિ થશે અને જમીન સંબંધી વિવાદોમાં જે નાણાં અને સમયનો વ્યય થતો હતો, તેનો કાયમી અંત આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

## ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયાના બીજા દિવસથી જ

# સુરતમાં ૧ અને ૨ મે એ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ

## દક્ષિણ અને મધ્ય ગુજરાતનાં ૧૬ જિલ્લાઓને આવરી લેવાશે

**અબતક, રાજકોટ**

દક્ષિણ અને મધ્ય ગુજરાતના પ્રાદેશિક વિકાસને વેગ આપવા માટે આગામી ૧ અને ૨ મે, ૨૦૨૬ ના રોજ સુરત ખાતે 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' નું ભવ્ય આયોજન કરવામાં આવશે. ૧ મે, ગુજરાત સ્થાપના દિવસના રોજ યોજાનારી આ કોન્ફરન્સ રાજ્યના આર્થિક પરિદૃશ્યમાં એક સીમાચિહ્નરૂપ સાબિત થશે.

આ મહત્વપૂર્ણ કોન્ફરન્સમાં દક્ષિણ ગુજરાતના ભરૂચ, ડાંગ, નવસારી, સુરત, તાપી અને વલસાડ તેમજ મધ્ય ગુજરાતના અમદાવાદ, આણંદ, છોટાઉદેપુર, દાહોદ, ગાંધીનગર, ખેડા, મહિસાગર, નર્મદા, પંચમહાલ અને વડોદરા સહિત કુલ ૧૬ જિલ્લાઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ કાર્યક્રમ માત્ર પ્રાદેશિક સિદ્ધિઓના પ્રદર્શન પૂરતો મર્યાદિત ન રહેતા, નવીનતાને પ્રોત્સાહન આપવા અને વ્યૂહાત્મક રોકાણો દ્વારા રાજ્યની વિકાસગાથાને વધુ મજબૂત બનાવવાના સબળ માધ્યમ તરીકે કાર્ય કરશે.

કોન્ફરન્સ દરમિયાન વિવિધ ક્ષેત્ર-વિશિષ્ટ સેમિનારોનું આયોજન કરવામાં આવશે, જેમાં રસાયણો અને પેટ્રોકેમિકલ્સ, કાપડ, જેમ્સ અને જ્વેલરી, ફાર્માસ્યુટિકલ્સ, ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ, અને આઈટી જેવા ઉભરતા ક્ષેત્રો પર વિશેષ ભાર મૂકવામાં આવશે.

આ કાર્યક્રમની સાથે જ એક વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન પણ યોજાશે, જેમાં વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ, ઉદ્યમી મેળા અને ઈન્ટરનેશનલ રિવર્સ બાયર સેલર મીટ જેવા આકર્ષણો સ્થાનિક ઉદ્યોગસાહસિકોને આંતરરાષ્ટ્રીય એક્સપોઝર પૂરું પાડશે.

રાજ્ય સરકાર દ્વારા સંતુલિત પ્રાદેશિક વિકાસના અભિગમ સાથે અગાઉ તારીખ ૯-૧૦ ઓક્ટોબર ૨૦૨૫ માં મહેસાણા ખાતે ઉત્તર ગુજરાત અને તારીખ ૧૧-૧૨ જાન્યુઆરી ૨૦૨૬ માં રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર-કચ્છ માટે સફળતાપૂર્વક આવી કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ ખાતે યોજાયેલી પરિષદમાં જાપાન, દક્ષિણ કોરિયા, રવાન્ડા અને યુક્રેન જેવા દેશોએ ભાગીદાર તરીકે જોડાઈને વૈશ્વિક સહયોગના દ્વાર ખોલ્યા હતા.

હવે સુરત ખાતે યોજાનારી આગામી કોન્ફરન્સ દક્ષિણ અને મધ્ય ગુજરાતના પાયાના ઉદ્યોગોને સશક્ત બનાવીને રાજ્યના સર્વગ્રાહી વિકાસમાં નવું પ્રકરણ ઉમેરશે.

# રાજ્યના ૫૭૦૦ કિ.મી.ના નોન પ્લાન્ડ રસ્તાઓને ટનાટન બનાવવા રૂા. ૩૪૦૦ કરોડ ફાળવાયા

## હવે કોન્ટ્રાક્ટરોએ ૧૦ વર્ષ સુધી રસ્તા સાચવવા પડશેઃ ચુકવણી કામના જથ્થા પર નહીં, પણ રસ્તાની ગુણવત્તા અને પરફોર્મન્સ આધારિત થશે

**અબતક, રાજકોટ**

રાજ્યના માર્ગોના નેટવર્કને વધુ સુદ્રઢ અને સુરક્ષિત બનાવવા માટે બે અત્યંત મહત્વના નિર્ણય કરવામાં આવ્યા છે. આ નિર્ણયોથી ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોની કનેક્ટિવિટી વધુ સુદ્રઢ બનશે અને રસ્તાઓની ગુણવત્તામાં પણ લાંબાગાળાનો સુધારો જોવા મળશે, તેમ પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

રાજ્યના માર્ગોના નેટવર્કને સુરક્ષિત બનાવવા માટેના બે મહત્વના નિર્ણયો અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યના ગામડાઓને જોડતા નોન-પ્લાન રસ્તાઓની સુધારણા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ. ૩,૪૦૦ કરોડની મંજૂરી આપી છે. આગામી સમયમાં રૂ. ૩,૪૦૦ કરોડથી વધુના ખર્ચે રાજ્યમાં કુલ ૫,૭૦૦ કિમી નોન-પ્લાન્ડ રસ્તાઓનું રીસરફેસિંગ કરવામાં આવશે. જે અંતર્ગત રાજ્યના ૩૩ જિલ્લાઓમાં કુલ ૨,૩૪૨ જેટલા કામોને મંજૂરી આપવામાં આવી છે.

તેમણે કહ્યું હતુ કે, આ મહત્વપૂર્ણ નિર્ણયમાં રાજ્યના ૬૭ ટકા જેટલા નોન-પ્લાન રસ્તાઓ કવર થઈ જશે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના પરાં અને અંતરિયાળ વસાહતોની કનેક્ટિવિટી વધશે, જેનાથી નાગરિકોની મુસાફરી વધુ સુરક્ષિત, ઝડપી અને સરળ બનશે. જે રસ્તાઓને ૮ વર્ષ પૂર્ણ થયા હોય તેવા તમામ રસ્તાઓનો પણ આગામી વર્ષે સમાવી લેવામાં આવશે.

માત્ર નવા રસ્તા બનાવવા જ નહીં, પરંતુ તેની ગુણવત્તા લાંબા સમય સુધી જળવાઈ રહે તે માટે સરકારે મેન્ટેનન્સની પદ્ધતિમાં ક્રાંતિકારી ફેરફાર કર્યો છે. માર્ગોની ગુણવત્તા લાંબા સમય સુધી જળવાઈ રહે તે માટે હવે 'આઉટપુટ એન્ડ પરફોર્મન્સ બેસ્ડ કોન્ટ્રાક્ટ' અને 'પરફોર્મન્સ બેસ્ડ મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ' પદ્ધતિ અપનાવવાનો નિર્ણય કર્યો છે.


તેમણે કહ્યું કે, રૂ. ૨૫ કરોડથી વધુના કામો ઓપીઆરસી હેઠળ થશે. તે માટેનો કરાર ૧૦ વર્ષનો રહેશે, જેમાં ૨ વર્ષ બાંધકામ અને ૮ વર્ષ મેન્ટેનન્સનો ગાળો રહેશે. આ ઉપરાંત રૂ. ૨ કરોડથી ૨૫ કરોડ સુધીના કામોનો પીબીએમસી હેઠળ થશે. પીબીએમસી પદ્ધતિના કામો માટેનો કરાર ૭ વર્ષનો રહેશે, જેમાં ૧ વર્ષ સપાટી સુધારણા અને ૬ વર્ષ મેન્ટેનન્સનો સમાવેશ થાય છે.

નવી પદ્ધતિની મુખ્ય વિશેષતાઓ વિશે માહિતી આપતા મંત્રીએ કહ્યું કે, હવે કોન્ટ્રાક્ટરને ચૂકવણી કામની માત્રા પર નહીં, પણ રસ્તાની ગુણવત્તાના આધારે કરવામાં આવશે. ડામરની સપાટીની સાથે સાઈડ શોલ્ડર, ડ્રેનેજ, રોડ ફર્નિચર-સાઈન બોર્ડ, માર્કિંગ, સ્ટોન વગેરેની જાળવણી પણ કોન્ટ્રાક્ટરે જ કરવાની રહેશે.


વૈજ્ઞાનિક પદ્ધતિ અને પ્રિવેન્ટિવ મેન્ટેનન્સથી રાજ્યના રસ્તાઓનું આયુષ્ય વધશે અને વારંવાર રિપેરિંગની જરૂર નહીં પડે. ડિજિટલ મોનિટરિંગ અને પરફોર્મન્સ ઈન્ડિકેટર્સના કારણે કામમાં વધુ પારદર્શિતા અને

(અનુ. આઠમા પાને)


ઉપલેટા શહેર ભાજપના નવનિયુક્ત પ્રમુખ કીર્તિવાન બને તેવી શુભકામના...


જગદીશ વિશ્વકર્મા
પ્રમુખ પ્રદેશ ભાજપ ગુજરાત


ડો.પ્રશાંત કોરાટ
મહામંત્રી પ્રદેશ ભાજપ ગુજરાત



ડો.મનસુખભાઈ માંડવિયા
કેન્દ્રીય મંત્રી ભારત સરકાર


ડો.મહેન્દ્રભાઈ પાડલીયા
ધારાસભ્યશ્રી ઉપલેટા - ધોરાજી


અલ્પેશભાઈ ઢોલરિયા
પ્રમુખ રાજકોટ જિલ્લા ભાજપ


રવિભાઈ માકડીયા
મહામંત્રી રાજકોટ જિલ્લા ભાજપ

દિપકભાઈ આર. સુવા
પ્રમુખ ઉપલેટા શહેર ભાજપ

ખુમારી... ખાનદાની... અને નિષ્ઠા જેના લોહીમાં છે એવા સેવાના ભેખધારી નાના-મોટા સૌને સાથે લઈ ચાલનાર જેની નિમણૂકથી પાર્ટીના કાર્યકર્તાઓમાં નવો જોમ,જુસ્સો નવુબળ મળશે એવા પીઠડ કૃપા ગ્રુપના ધરોહર દિપકભાઈ સુવાની જીલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉપલેટા શહેર ભાજપ પ્રમુખ તરીકે નિમણૂક થતા અમે આવકારી છીએ આવનારા દિવસોમાં તેઓ જાહેર જીવનમાં વધુ મા વધુ આગળ વધે તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.

શુભેચ્છકો

વિક્રમભાઈ સુવા - પૂર્વ પ્રમુખ-સમસ્ત આહિર સમાજ ઉપલેટા
જીજ્ઞેશભાઈ વ્યાસ - પ્રમુખ સમસ્ત બ્રહ્મ સમાજ ઉપલેટા
જગદીશભાઈ વિરમગામા - પ્રમુખ સમસ્ત કોળી સમાજ ઉપલેટા
ઈન્દ્રવિજયસિંહ ચુડાસમા - પ્રમુખ સમસ્ત રાજપૂત સમાજ ભાયાવદર
પિયુષભાઈ માકડિયા – પ્રમુખ એનિમલ હોસ્ટેલ સમિતિ ઉપલેટા
મજબુતભાઈ હુંબલ - કેળવણીકાર, અગ્રણી આહિર સમાજ ઉપલેટા
લલિતભાઈ પાદરિયા - એડવોકેટ કારોબારી સભ્ય જિલ્લા ભાજપ રાજકોટ
રાણીબેન ડી. ચંદ્રવાડિયા - કારોબારી સભ્ય જિલ્લા ભાજપ રાજકોટ
કિરીટભાઈ જાવિયા - પૂર્વ પ્રમુખ તાલુકા ભાજપ કા.બા.સભ્ય જીલ્લા ભાજપ
નિલભાઈ માકડિયા - સભ્ય નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ઉપલેટા
પ્રદિપભાઈ સુવા - સ્વસ્તિક બિલ્ડર્સ ઉપલેટા
ભૂપતભાઈ ગજેરા - ઉપપ્રમુખ પ્લાસ્ટિક એસો. ઉપલેટા
કિરીટભાઈ પાદરિયા - પૂર્વ પ્રમુખ શહેર ભાજપ ઉપલેટા
જીજ્ઞેશભાઈ ડેર - પૂર્વ મહામંત્રી શહેર ભાજપ ઉપલેટા
મનોજભાઈ નંદાણીયા - પૂર્વ ચેરમેન બાંધકામ સમિતિ ઉપલેટા
સમીરભાઈ પટેલ - પૂર્વ પ્રમુખ ઉપલેટા શહેર ભાજપ લઘુમતી મોરચો
સુરેશભાઈ પરમાર - એડવોકેટ, પુર્વ મહામંત્રી ઉપલેટા શહેર ભાજપ બક્ષીપંચ મોરચો
વર્ષાબેન ગજેરા - પ્રમુખ નગરપાલિકા ઉપલેટા
જીજ્ઞાબેન વ્યાસ - ઉપપ્રમુખ નગરપાલિકા ઉપલેટા
નિકુલભાઈ ચંદ્રવાડિયા - ચેરમેન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ઉપલેટા
લાખીબેન નંદાણીયા - ચેરમેન બાંધકામ સમિતિ નગરપાલિકા ઉપલેટા
નિમિત પાનસરા - ચેરમેન ટાઉન પ્લાનિંગ સમિતિ નગરપાલિકા ઉપલેટા
જયેશભાઈ ત્રિવેદી - ઉપપ્રમુખ જિલ્લા ભાજપ રાજકોટ
સુરજભાઈ ડેર - મહામંત્રી જિલ્લા યુવા ભાજપ રાજકોટ
અનિતાબેન ચૌહાણ - મંત્રી રાજકોટ જિલ્લા ભાજપ
કૃપેશભાઈ ભીંભા - મહામંત્રી તાલુકા ભાજપ ઉપલેટા
ક્રિષ્નાબેન લાડાણી - શાસન પક્ષના નેતા ઉપલેટા નગરપાલિકા
શૈલેષભાઈ બારૈયા - ચેરમેન ભરતી-બઢતી સમિતિ નગરપાલિકા ઉપલેટા
અમિતભાઈ વસવેલીયા - નગર સેવક વોર્ડ નં. ૭ નગરપાલિકા ઉપલેટા
જેઠાભાઈ ડેર - ચેરમેન આરોગ્ય સમિતિ ઉપલેટા નગરપાલિકા
પરબતભાઈ બારૈયા - ચેરમેન જળાશય સમિતિ ઉપલેટા નગરપાલિકા
રાજભાઈ વાઢેર - પૂર્વ ઉપપ્રમુખ શહેર ભાજપ ઉપલેટા
નરેન્દ્રસિંહ જાડેજા - પ્રમુખ ઉપલેટા શહેર યુવા ભાજપ
ફેનિલ કક્કડ - મહામંત્રી, ઉપલેટા શહેર યુવા ભાજપ
અશ્વિનભાઈ લાડાણી - અગ્રણી કડવા પટેલ સમાજ ઉપલેટા

બી.એન. કન્સ્ટ્રકશન, ઉપલેટા - પીઠડ કૃપા ગ્રુપ, ઉપલેટા

નરેન્દ્રભાઈ સુવા (માસ્તર)
દિપકભાઈ એન. સુવા
કિશોરભાઈ સુવા
ભરતભાઈ સુવા